ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલ વર્ષ ૬૩)
અંક-૧ • એપ્રિલ, ૨૦૧૫ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 3, ISSUE : 1, APRIL 2015, PAGES 44, PRICE 20/-



# જિન-વચન

## અસત્ય વચનનો ત્યાગ કરવો

मुसावाओ य लोगम्मि सव्वसाहूहिं गरहिओ ।
अविस्सासो य भूयाणं तम्हा मोसं विवज्जए ।।
(द. ६-१२)

આ લોકમાં મૃષાવાદ (અસત્ય વચન) સર્વ સાધુ પુરુષો વડે વખોડાયેલ છે તથા સર્વ લોકોના મનમાં તે અવિશ્વાસ જન્માવનાર છે. માટે અસત્ય વચનનો ત્યાગ કરવો.

Telling a lie is condemned by all the saints in the world. It creates a world of distrust for people. Therefore, one should avoid tellin a lie.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૨.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબ સાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

# આચમન

## આહાર શુદ્ધિ પણ જરૂરી છે!

*दीपो भक्षयते ध्यान्तं कज्जलं च प्रसूयते ।*
*यदन्नं भक्षयेन्नित्यं जायते तादृशी प्रजा।।*

**દીવો, અંધકારને ખાઈ જાય છે, અને કાજળ પ્રગટ કરે છે,**
**માણસ જેવું અન્ન ખાય, તેવી જ પ્રજા ઉત્પન્ન થાય છે.**

દીવાનું ઉદાહરણ આપીને, ચાણક્ય આ શ્લોકમાંઆહારનો વિવેક સમજાવે છે. દીવાનો આહાર છે અંધકાર. તે અંધકાર આરોગે છે અને પરિણામે કાળા કાજળને ઉત્પન્ન કરે છે.

એ જ રીતે માણસ જો અતિ તીખો, અતિ ખાટો, અતિ વાસી તામસી આહાર ખાય અથવા પશુ પક્ષીઓની હિંસા કરીને એનો માંસાહાર કરે તો એની બુદ્ધિ તમોગુણી થશે અને તેના વાણી-વિચાર-વર્તન, તામસી જ રહેશે. તે કુકર્મો જ કરવાનો.

પરંતુ જો મનુષ્ય સાત્ત્વિક, સાદો છતાં પૌષ્ટિક શુદ્ધ શાકાહાર કરશે તો તેની બુદ્ધિ સાત્ત્વિક થાય છે, પરિણામે તેના વિચાર, વાણી અને વર્તન પવિત્ર અને પરોપકારી થશે. ઠીક કહ્યું છે લોક અનુભવમાં 'જેવો આહાર તેવો ઓડકાર અને 'જેવો આહાર તેવા વિચાર.' ગીતાકાર પણ સ્પષ્ટ કહે છે; *आहार शुद्धौ सत्त्वशुद्धिः।'*

આહારની શુદ્ધિ થાય તો સત્ત્વની શુદ્ધિ થાય છે. અને પછી આવા સાત્ત્વિક સાધકો, ઉન્નતિ પામે છે. અને તેઓની સંતતિ પણ સાત્ત્વિક બને છે.

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ભગવાન મહાવીરની શીખ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | ઉપનિષદમાં ઉપાસના વિચાર | ડૉ. નરેશ વેદ | ૯ |
| ૩. | શ્રીમદ્ રાજચંદ્ર અને સાબરકાંઠાના સંતો | ડૉ.કેશુભઈ શાહ | ૧૨ |
| ૪. | અંતઃકરણ | સંકલનકાર : સૂર્યવદન ઠા. જવેરી | ૨૦ |
| ૫. | ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો વૃત્તાંત | — | ૨૨ |
| ૮. | મોક્ષ હથેળીમાં છે | સાધક રમેશભાઈ દોશી | ૨૭ |
| ૯. | ભાવ-પ્રતિભાવ | — | ૩૦ |
| ૧૦. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૪ |
| ૧૧. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૩૭ |
| 12. | A Journey So far | Reshma Jain | 38 |
| 13. | Enlighten yourself by Self Study of Jainology Leson 5--Jain Cosmology And Cycle of Time | Dr. Kamini Gogri | 40 |
| 14. | Kalikal Sarvajna Hemchandracharya | Dr. Renuka Porwal | 42 |
| 15. | Hemchandracharyasuriji Pictorial Story (Colour Feature) | Dr. Renuka Porwal | 43 |
| ૧૬ | પંથે પંથે પાથેય : બાળ સંસ્કાર શિબિર | ગીતા જૈન | ૪૪ |

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩ (કુલ વર્ષ ૬૩) ● અંક : ૧ ● એપ્રિલ ૨૦૧૫ ● વિક્રમ સંવત ૨૦૭૧ ● વીર સંવત ૨૫૪૧ ● ચૈત્ર વદિ તિથિ-૧૨ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## ભગવાન મહાવીરની શીખ

### ART OF LOVING, ART OF LIVING AND ART OF LEAVING.

શાંતિથી જીવન જીવવા માટે અને મુક્તિ માટે સર્વ કાળ માટે ભગવાન મહાવીરે જગતને આ ત્રણ અમૂલ્ય શીખ આપી. આર્ટ ઑફ લવીંગ, આર્ટ ઑફ લિવિંગ અને આર્ટ ઑફ લીવીંગ. છેલ્લાં બેના ઉચ્ચાર સરખા છે પણ અર્થો અને વિચારભાવ જુદા છે.

મહાવીર વાણીને આગમ વાણી કહેવાય છે. જૈનોના શ્વેતાંબર મૂર્તિપૂજકોને ૪૫ આગમ માન્ય છે. સ્થાનકવાસી જૈનોને આ ૪૫માંથી ૩૨ આગમો જ માન્ય છે. દિગંબર સંપ્રદાયને આ આગમો માન્ય નથી, એમનું કહેવું છે કે ભગવાન મહાવીરના નિવાર્ણના ૯૮૦ વર્ષ પછી આગમો લિપિબદ્ધ થયા. ત્યાં સુધી આ આગમવાણી કંઠોપકંઠ શ્રુતયાત્રા હતી એટલે મૂળ શુદ્ધ સુત્રો લિપિબદ્ધ ન પણ થયા હોય. એટલે દિગંબરો પોતાના આચાર્ય કુંદકુંદાચાર્ય રચિત સમયાસાર, નિયમસાર આદિ પરમાગમને માને છે. આ વિષયમાં અત્યારે આપણે ઊંડા ઉતરવું અસ્થાને છે.

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ શાહ**
**અલકાબહેન ખારા અને તૃપ્તિ નિર્મળ**
**સ્મૃતિ : સ્વ. માતુશ્રી કમળાબહેન દીપચંદભાઈ શાહ**
**રંજન, ચિ. ભાઈ હર્નિશ તથા ચિ. બહેન સ્મિતા**

મૂળ વાત તો એ જ છે કે આ બધા ગ્રંથોમાં જીવન જીવવાના અને મુક્તિના સિદ્ધાંતો સરખા જ છે અને આપણને એનાથી જ અત્યારે મતલબ છે. ઉપરની ત્રણે કળા – Art –જૈન સિદ્ધાંતો અને તત્ત્વમાં વણાયેલી છે જે મહાવીર વાણી છે, એટલે જ જૈન સિદ્ધાંતો એ જીવન જીવવાની અને જીવન મુક્તિની કળા છે. એ રીતે જીવવું એ જ ધર્મ છે.

**Art of Loving : પ્રેમ કરવાની અને પ્રેમ પામવાની કળા :** જીવ માત્ર પ્રત્યે મૈત્રી ભાવ. મહાવીરનો પહેલો સિદ્ધાંત અહિંસા. તમે કોઈની હિંસા ન કરો, એટલે બસ પ્રેમ જ પ્રેમ છે. ચેતન અને જડને પણ પ્રેમ કરવાનું મહાવીરે કહ્યું. સૂક્ષ્માતિસૂક્ષ્મ પુદ્‌ગલને પણ પ્રેમ કરવાનું મહાવીરે કહ્યું, તે ત્યાં સુધી કે યોગના પ્રાણાયામનો પણ મહાવીરે અસ્વીકાર કર્યો. કારણ કે આપણા એક ઊંડા ઉચ્છ્‌વાસથી એક લાખ સૂક્ષ્મ જંતુની હિંસા થાય છે.

**આપણા એક ઊંડા ઉચ્છ્‌વાસથી એક લાખ સૂક્ષ્મ જંતુની હિંસા થાય છે.**

રાગમાં આસક્તિ છે, રાગ આવશે તો ક્યારેક દ્વેષ પણ આવશે. પ્રેમમાં સહ અસ્તિત્વનું તત્ત્વ છે. મહાવીરે અનેકાંત અને સાપેક્ષવાદના સિદ્ધાંતો આપી કહ્યું, અન્યના સત્યનો અને અન્યના વિચારનો પણ આદર, એ વિચારને પ્રેમ કરો. એ વિચારને

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260
● Website : www.mumbai-jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

એના સ્થાને બેસી સમજવા પ્રયત્ન કરો. એ વિચારમાં હિંસા હોય તો એની સૈદ્ધાંતિક ચર્ચા કરો, એ હિંસાનો અનાદર કરો, મતભેદ દૂર કરો. પછી ક્યાં મતભેદ રહ્યા? મતભેદ નહિ એટલે મનદુઃખ નહિ.

**સંબંધોમાં પણ અપરિગ્રહ જરૂરી છે. વધુ સંબંધો અને સંપર્કો રાગ-દ્વેષના ચક્રવ્યૂહ સર્જે છે.**

અનેકાંતવાદ એ જ્ઞાનના ક્ષેત્રમાં સત્ય સુધી પહોંચવાનો અદ્વિતિય માર્ગ છે.

મહાવીરે કહ્યું, તારી જરૂરિયાત પૂરતું જ તું રાખ. તું ગમે તેટલું ભેગું કરે, એ બધું તારે અહીં મૂકીને જ જવાનું છે. કાળ મહાન છે અને પરિવર્તન કાળનો આત્મા છે. આવો અપરિગ્રહ જે સમજે અને જીવનમાં ઊતારે એનો કોઈ દુશ્મન ન જ થાય. એની કોઈ ઇર્ષા ન કરે. મહાવીર રાજકુંવર હતા, અને એમણે બધી સંપત્તિ અને સંબંધોનો ત્યાગ કર્યો, અને એ ભગવાન કક્ષા સુધી સર્વના પ્રિય બન્યા. ત્યાગમાં પ્રેમની કળા. એવી વ્યક્તિને બધા જ પ્રેમ કરે. મહાવીરે માત્ર ભૌતિક સમૃદ્ધિના અપરિગ્રહની વાત નથી કરી, સંબંધોમાં પણ અપરિગ્રહ જરૂરી છે. વધુ સંબંધો અને સંપર્કો રાગ-દ્વેષના ચક્રવ્યૂહ સર્જે છે. તું તારા ખપ પૂરતું જ તારી પાસે રાખ, જરા પણ વધુ નહિ. મહાવીરે કહ્યું, 'સત્ય' જ બોલ. અસત્ય વેર ઉત્પન્ન કરે, સત્ય પ્રેમનું સામ્રાજ્ય સ્થાપે છે. અપરિગ્રહ તારામાં સેવા અને દાનની ભાવના જગાડે છે, જે તને પુણ્ય આપી કર્મનિર્જરા કરાવે છે.

***ભૌતિક વાસના અને માનવીય યાતનાઓના આ રણમેદાનમાં જૈનો શાંત પાણીના ઝરા જેવા છે. જો આખું વિશ્વ જૈન હોત તો ખરેખર વિશ્વ ઘણું જ સુંદર હોત.'***

ડૉ. મોરાઈસ બ્લુમફીલ્ડ, જોહન્સ હોપકીન્સ યુનિવર્સિટી, બાલ્ટીમોર (યુ.એસએ)

**Art of Livnig – જીવન જીવવાની કળા**

મહાવીરે જીવન જીવવાની કળા પણ શીખવી. ઉપર કહ્યું તેમ પ્રેમ, અહિંસા, અપરિગ્રહ અને સત્ય જેના જીવનમાં હોય એના જીવનમાં આનંદ આનંદ જ હોય. મહાવીરે કહ્યું, જેમ તને તારો જીવ વહાલો છે એમ સર્વને પોતાનો જીવ વહાલો છે, એટલે માંસ અને મદિરાનું ભક્ષ ન કર, મધને પણ તાજ્ય કહ્યું. ભોજનમાં કઠોળ સાથે દહીં ભેળવીશ તો ત્વરિત સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવ ઉત્પન્ન થશે. જે તને હિંસાનો દોષ આપશે. સૂર્યાસ્ત પછી ભોજનનો નિષેધ કર્યો, એ આ જીવ હિંસાને કારણે જ. મહાવીરે આહારશાસ્ત્રની સાથે સાથ ઉપવાસ અને તપના વિચારો અને ચિંતન પણ આપ્યા.

**જો પુનર્જન્મ હોય તો હું જૈન કુટુંબમાં જન્મ લેવા ઇચ્છું.**
**-જ્યોર્જ બર્નાડ શો**

(ઉપરની વાત તેમણે મહાત્મા ગાંધીના પુત્ર દેવદાસ ગાંધી ઉપર લખેલા પત્રમાં જણાવી હતી અને જૈનધર્મના પ્રભાવથી તેમણે માંસાહાર અને શરાબપાનનો ત્યાગ કર્યો હતો.)

પ્રાચીનતમ આગમ ગ્રંથ આચારાંગ સૂત્રમાં ભગવાન મહાવીરે કહ્યું બધાં દુઃખો હિંસામાંથી ઉત્પન્ન થાય છે. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં કહ્યું પ્રાણી વધ પાપ છે, રૌદ્ર છે. સૂત્રકૃતાંગ આગમમાં કહ્યું હિંસાની તરફેણ કરવાવાળો જીવ અંધકારમાંથી અંધકાર તરફ જ જઈ રહ્યો છે. વર્તમાન વિજ્ઞાનીઓ પણ કહે છે કે અહિંસા વગર વિજ્ઞાન અધુંરું છે, પ્રલયકારી છે.

મહાવીરે શિષ્ય ગૌતમને વારે વારે કહ્યું,

।। સમયં ગોયમ! મા પમાયએ ।।

હે ગૌતમ ક્ષણ માત્રનો પ્રમાદ ન કર. પ્રત્યેક ક્ષણનો ઉપયોગ કર, કારણ કે આ ક્ષણ પણ શૂન્ય થવાની છે. જે સમયની કિંમત સમજે છે એ જીવન જીવવાની કળા જાણે છે.

મહાવીરે કહ્યું, ચાર કષાય, ક્રોધ, લોભ, માયા અને માનને તિલાંજલિ આપ. બધાં તારા મિત્ર બની જશે. અનુભવી વૃદ્ધો અને સદ્‌ગુરુની સેવા કર, શાસ્ત્રોનું અધ્યયન કર, મનન કર, ધ્યાન કર. તને બહારનો આનંદ અને અંદરનો આનંદ અને પ્રેમ બેઉ મળશે, અને વધારામાં મનની શાંતિ પણ, જેની તને ખોજ છે. વર્તમાન અને ભવિષ્યનું જીવન જીવવાની આ જ કળા છે.

મહાવીરે જીવન જીવવાની કળા માટે વિવેક–વિનયસંહિતા આપી. વિવેકથી ચાલો, બેસો, ઊભા થાવ, વિવેકથી સૂઓ, વિવેકથી ભોજન કરો. વાણીમાં વિવેક ભરો.

મહાવીરે 'ઉત્તરાધ્યયન સૂત્ર ગ્રંથ'ના 'વિનયશ્રુત' અધ્યયનમાં પોતાની અંતિમ દેશનામાં કહ્યું, અહંનો વિલય એટલે વિનય ગુણોનું પ્રસ્થાપન. ગુણોનો હિમાલય એટલે વિનય, વિરતિનું વિદ્યાલય એટલે વિનય, સિદ્ધિનું મહાલય એટલે વિનય. વિનય આત્મિક ગુણોનું કારણ, તારણ અને અવતરણ છે. વિનય ધર્મનું મૂળ છે. વિનયથી વિદ્યા અને સેવા શોભે છે. જ્યાં વિનય છે ત્યાં વિજય છે. કોઈ પણ કાર્યની સફળતાનું બીજ વિનય છે. ધર્મ આરાધનાનું પ્રવેશદ્વાર વિનય અને સરળતા છે. વિનયભાવ એ સર્વ સુખોનું બીજ છે. મુક્તિના મંગલ મંદિરનું પ્રથમ સોપાન વિનય છે. વિનય ગુણ સર્વ ગુણોને ખેંચી લાવે છે. વિનયનું વંદન જીવનને ચંદન બનાવે છે. વિનયથી સર્વ ગુણોનું ગુંથન અને સર્વ સુખોનું ગુંજન વિનય થકી જ થાય છે. અને આવો

**પહેલાં મને જાણ પછી મને માન**

વિનયવાન અવશ્ય મોક્ષની નજીક જ છે.

ભગવાન કૃષ્ણે કહ્યું, મારે શરણે આવ, મારામાં વિલિન થઈ જા. ભગવાન મહાવીરે કહ્યું, પહેલાં મને જાણ પછી મને માન, અને તું તારા આત્મામાં સ્થિર થા. કર્મો ભોગવી લે, તો તું પણ પરમાત્મા બનવા સક્ષમ છે. અરિહંત, સિદ્ધ અને મોક્ષ પદ સર્વ આત્મા માટે શક્ય છે.

> **'જેમ જેમ વિજ્ઞાન વધતું જાય છે તેમ તેમ જૈન તત્ત્વજ્ઞાન સિદ્ધ થતું જાય છે.'**
>
> **-ડૉ. એલ. પી. ટેસ્ટીટોરી, ઈટાલી**

'આત્મા છે', 'તે નિત્ય છે'

'છે કર્તા નિજ કર્મ.'

'છે ભોકતા' વળી 'મોક્ષ છે.'

'મોક્ષ ઉપાય સુધર્મ.'

મહાવીરે આ સૃષ્ટિનો સર્જનહાર એક ઈશ્વર છે એ વિચારનો અસ્વીકાર કર્યો. વર્તમાનમાં મહાન પદાર્થ વૈજ્ઞાનિક સ્ટીફન હોપકિન્સે પણ ઈશ્વરના અસ્તિત્વનો ઈન્કાર કર્યો છે.

મહાવીરે કહ્યું, 'તારા સુખ દુઃખનો કર્તા તું પોતે જ છે,' એમ કહી મહાવીરે કર્મવાદના સિદ્ધાંતને વિગતે સમજાવ્યો. જે માણસ સારા કર્મ કરે તો એ બધાનો પ્રિય પાત્ર બને જ બને. શુભ કર્મથી એને આજન્મ અને પુનર્જન્મ એમ બેઉ જન્મમાં લાભ છે. જીવન જીવવાની આ વિશિષ્ટ અને સૈદ્ધાંતિક કળા છે.

> ***'જૈન સાધુઓના જીવનની બધા જ પ્રસંશા કરે છે. જૈન સાધુ પોતાના વ્રત અને નિયમોનું કડક પાલન કરીને જગતને આત્માની પ્રતીતિ કરવાનો રસ્તો બતાવે છે. અરે! જૈન ગૃહસ્થનું જીવન પણ એટલું નિર્દોષ હોય છે કે ભારતે તેના માટે ગર્વ લેવો જોઈએ.***
>
> **–ડૉ સતીશચંદ્ર વિદ્યાભૂષણ**

મહાવીર જગતના પહેલાં માનસશાસ્ત્રી અને પહેલા સામ્યવાદી. અન્યને સુખ આપવાથી જ પોતાને સુખ મળે એ મનની વાત એમણે પ્રગટ કરી અને અપરિગ્રહના સિદ્ધાંતથી જગતને એમણે સામ્યવાદ, અને સમાજવાદનો મૂલ્યવાન વિચાર આપ્યો. કાર્લ માર્ક્સ તો બહુ મોડો આવ્યો.

> ***'હું એ ખાત્રી પૂર્વક કહી શકું છું કે અહિંસાના સિદ્ધાંતના કારણે ભગવાન મહાવીરનું નામ ભવ્યતાને પામ્યું છે. જો કોઈએ પણ સંપૂર્ણ અહિંસા પાળી હોય અને પ્રચારી હોય તો તે ભગવાન મહાવીર જ છે.'***
>
> **—મહાત્મા ગાંધી**

આ જ અપરિગ્રહ અને ટ્રસ્ટીશીપના વિચારને મહાત્મા ગાંધીએ સ્વીકાર્યો અને વિસ્તાર્યો.

**Art of Leavnig**

આ **Leaving** – આ શરીર છોડવાની કળા કદાચ મહાવીરે જગતને પહેલ વહેલા સમજાવી. પહેલા અપરિગ્રહની વાત કરીને કહ્યું કે, 'વધારાનું' છોડો, પછી અંતિમ સુધી જઈને 'દેહ છોડવા'ની કળા પણ મહાવીરે **'સંથારો'** અને **'સંલેખના'**ના સ્વરૂપમાં વિગતે સમજાવી. મહાવીરે મરવાની આ કળા એવા ઊંડાણથી બતાવી કે એ આત્મા માટે મોક્ષપ્રાપ્તિ શક્ય બને.

> ***'જૈનોની એ ફરજ છે કે તેમણે સમસ્ત વિશ્વમાં અહિંસા ધર્મ ફેલાવવો જોઈએ.***
>
> **-સરદાર વલ્લભભાઈ પટેલ**

આ શરીર પુદ્‌ગલ છે, ગલ એટલે ગળી જાય એવું, પછી એનો મોહ શા માટે? એ ગળવાનું જ, એ એનો ધર્મ છે.

સમ્યગ્ કાયકષાય લેખના इति संलेखना – સંલેખનાની આ વ્યાખ્યા છે. એનો અર્થ એ કે કાયાને કષાયોને કૃશ કરવા એટલે કે પાતળા કરવા. ભગવાન મહાવીરે છ બાહ્યાંતર તપ અને છ અભ્યાંતર તપ એમ બાર પ્રકારના તપ કહ્યા છે. સંલેખનામાં આ બારેય તપનો સમાવેશ થઈ જાય છે. આ સંલેખનાનો વિશિષ્ટ અર્થ છે–મૃત્યુ માટેની પૂર્વ તૈયારી માટે લેવાતું વ્રત. આ પ્રકારના વ્રત માટે સંલેખના ઉપરાંત 'અનશન' અને 'સંથારો' શબ્દો પણ પ્રયોજાય છે.

વૃધ્ધાવસ્થા આવે, શરીર રોગોથી ઘેરાઈ ગયું હોય, શરીરની ક્રિયાઓ માટે શક્તિ ન રહી હોય ત્યારે જીવનમાં જાણે અજાણે કોઈ ખોટું કામ થઈ ગયું હોય એ સર્વ માટે પશ્ચાતાપ કરી ક્ષમા માગી લઈ, અને એ સર્વેને ક્ષમા આપી મૃત્યુ સુધી ઉપવાસની પ્રતિજ્ઞા ગુરુ પાસે લેવાની હોય છે.

મહાવીરે મૃત્યુના સત્તર પ્રકાર પણ જણાવ્યા છે–જેમ કે બાળ મરણ, પંડિત મરણ, કેવલી મરણ વગેરે.

વ્યક્તિ અનશન–ઉપવાસ– દશામાં શાંત મૃત્યુ પામે એને માટે 'સંથારો સિજ્યો' એવો શબ્દ પ્રયોગ વપરાય છે. આ ક્રિયા કંટાળીને કરેલો આત્મઘાત કે આપઘાત નથી, પણ સમજપૂર્વક શરીર સંકેલવાની મૃત્યુની કળા છે.આર્ટ ઑફ લીવીંગ–છોડવાની–કળા છે.

આમ મહાવીરે પ્રેમ – Love – કરુણા અને સેવાના સથવારે જીવવાની Livingની કળા દેખાડી અને છોડવાની, મરવાની, Leavingની કળા પણ દેખાડી અને સમજાવી.

આ ત્રણે કળા LOVE, LIVE અને LEAVE જગતના પ્રત્યેક માનવ અપનાવે તો જગત કેટલું સુંદર– અને શાંતિવન બની જાય!?!

**☐ ધનવંત શાહ**

drdtshah2hotmail.com

[ તા. ૧૪-૧૫ માર્ચના અમદાવાદ શેઠ હઠીસિંહની વાડીમાં પ. પૂ. આચાર્યશ્રી વિજયશીલચંદ્ર સૂરીશ્વરજી મ. સા. યોજિત ચિંતનપ્રેરક પરિસંવાદમાં આપેલું વક્તવ્ય. ]

# જાહેર નિમંત્રણ

# ।। મહાવીર વંદના ।।

**શ્રીમતી વિદ્યાબેન મહાસુખલાલ શાહ (ખંભાતવાળા)ના**
**આર્થિક સહયોગથી**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજે છે

## ભક્તિ સંગીતનો મનહર મનભાવન કાર્યક્રમ

ગાયક કલાકાર : ઝરણાબેન વ્યાસ, અયોધ્યાદાસ
સંગીત : વિજયદત્તભાઈ વ્યાસ

**તા. ૨૫ એપ્રિલ ૨૦૧૫**

**અલ્પાહાર : સાંજ ૫.૩૦ થી ૬.૩૦ શનિવાર (ટેરેસ પર)**
**સૌજન્ય : કમલેશભાઈ જે. શાહ, પરિવાર**

*સમય અને સંજોગોને અનુસરીને અનાજનો બગાડ ન થાય તે માટે નીચેના ફોન નંબર પર અલ્પાહાર માટે નામ તથા કેટલી વ્યક્તિ આવશે તે નોંધાવવું જરૂરી છે. આપના સહકારની અપેક્ષા.*
**કમલેશભાઈ શાહ ફોન : ૯૮૨૧૯૩૨૬૯૩/૨૩૮૬૩૮૨૬**

**મહાવીર વંદના : ભક્તિ સંગીત :**

**સાંજે : ૬.૩૦ થી ૯.૩૦ શનિવાર (ત્રીજે માળે)**

સ્થળ : પ્રેમપુરી આશ્રમ, ત્રીજે માળે, બાબુલનાથ પાસે, મુંબઈ-૪૦૦ ૦૦૭.

: સંયોજક :

**નિતીન સોનાવાલા ● પુષ્પાબેન પરીખ ● ઉષાબેન પ્રવિણભાઈ શાહ ● કમલેશભાઈ શાહ**

**: નિમંત્રક :**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

# ગ્રંથ સ્વધ્યાય

## નિમંત્રણ

**શ્રી ભદ્રંકર વિદ્યા દીપક જ્ઞાન વિજ્ઞાન સ્વાધ્યાય સત્રના ઉપક્રમે**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત**

**પ. પૂ. ગુરુદેવ ડૉ. રાકેશભાઈ ઝવેરીની**

**અમૃતમય વાણી દ્વારા**

## ભગવાન મહાવીરની અંતિમ દેશના

### આગમ ગ્રંથ

**ઉત્તરાધ્યયન સૂત્ર-(૩)-ચતુરંગીય**

**ત્રિદિવસીય સ્વાધ્યાય**

**સ્થળ :** બિરલા માતુશ્રી સભાગૃહ-મરીન લાઈન્સ-મુંબઈ
દિવસ : ૨૦૧૫, મે, તા. ૫,૬,૭, મંગળ, બુધ, ગુરુ
સમય : ત્રણે દિવસ સાંજે સાડા છ થી નવ
અલ્પાહાર : ૫-૩૦ થી ૬-૧૫ : સ્થળ : સભાગૃહનો ચોક

**સ્વાધ્યાય સૌજન્ય દાતા : બિપીનચંદ્ર કે. જૈન, નિલમ બી. જૈન**

**નિમંત્રક :**
**સંયોજિકા**
**રેશ્મા જૈન**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

**ચંદ્રકાંત ડી. શાહ-પ્રમુખ ● નીતિન કે. સોનાવાલા-ઉપપ્રમુખ**
**નિરુબેન એસ. શાહ, મંત્રી ● ડૉ. ધનવંત શાહ-મંત્રી ● વર્ષાબેન શાહ-સહમંત્રી**
**ભૂપેન્દ્ર ડી. ઝવેરી-કોષાધ્યક્ષ ● જગદીપ બી. ઝવેરી-સહ કોષાધ્યક્ષ**
**તથા સંસ્થા પરિવાર**

**મર્યાદિત બેઠક હોવાથી પ્રવેશ માટે સંસ્થાનો ૨૩૮૨૦૨૯૬ ઉપર તેમ જ**
**સંયોજિકાનો ૯૯૨૦૯૫૧૦૭૪ ઉપર સંપર્ક કરવા વિનંતી.**

# ભગવાન મહાવીરની અંતિમ દેશના

## અધ્યાત્મ રંગથી રંગાયેલો મૂલ સૂત્ર – આગમ ગ્રંથ

## ઉત્તરાધ્યયન સૂત્ર

જૈન ધર્મ શ્રુતજ્ઞાનનો સાગર છે. જૈન ધર્મમાં શ્રુતપૂજા એ જિનપૂજા સમાન છે.આ શ્રુતજ્ઞાનસાગરના થોડાં પણ બિંદુનું આચમન કરવાની જિજ્ઞાસુને ઇચ્છા થાય પણ સમયને અભાવે એ શક્ય ન બને એટલે પ્રત્યેક વર્ષે આવાં એકાદ ગ્રંથના થોડાં બિંદુનો તજજ્ઞ મહાનુભાવ દ્વારા સ્વાધ્યાય કરાવવાનો અભિગમ આ સંસ્થાએ વિચાર્યો.

અમે અમારો આ ભાવ ગુરુદેવ પૂજ્ય ડૉ. રાકેશભાઈ ઝવેરી સમક્ષ પ્રસ્તુત કર્યો. પૂજ્યશ્રીએ અમારી ભાવના શાંતિથી સાંભળી અનુમોદન કર્યું, અને અમારી વિનંતિને માન આપી, પોતાની અત્યંત વ્યસ્તતા વચ્ચે આ પ્રકારનો સ્વાધ્યાય સતત ત્રણ દિવસ કરાવવાની સંમતિ આપી આપણ સૌને ઉપકૃત કર્યા.

પૂજ્યશ્રી આ ગ્રંથ 'ઉત્તરાધ્યયન સૂત્ર'નું વિહંગદર્શન કરાવશે અને અધ્યયન ત્રણ–ચતુરંગીય–નું વિગતે તત્ત્વ ચિંતન કરાવશે.

જૈન આગમોમાં મૂલ સૂત્ર ચાર છે. આવશ્યક સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર અને ઓઘનિર્યુક્તિ સૂત્ર.

'ઉત્તરાધ્યયન સૂત્ર' ગ્રંથમાં ૩૬ અધ્યયનની બે હજાર પદ્ય ગાથાઓ અર્ધમાગ્ધી ભાષાથી વિભૂષિત છે.

શાસન નાયક ભગવાન મહાવીર સ્વામીની સોળ પ્રહર અવિરત અંતિમ દિવ્ય દેશનામાંથી સર્જીત થયેલો આ અમૂલ્ય ગ્રંથ જૈન ધર્મના સર્વ સંપ્રદાયોએ સન્માનિત કર્યો છે.

વિષયવસ્તુઓની દૃષ્ટિએ 'ઉત્તરાધ્યયન સૂત્ર'નાં અધ્યયનોમાંથી કેટલાંક ધર્મકથનાત્મક, કેટલાંક ઉપદેશનાત્મક, કેટલાંક આચારાત્મક, તો વળી કેટલાંક સૈધ્ધાંતિક, તો કોઈ અધ્યયન પ્રશ્નોત્તરરૂપે રહેલાં છે.

જૈન આગમોમાં આ ગ્રંથનું અતિ મહાત્મ્ય છે એટલે ભારત સરકારે આ 'ઉત્તરાધ્યયન સૂત્ર' ગ્રંથને નેશનલ ટ્રેઝર (રાષ્ટ્રીય ધરોહર) તરીકે જાહેર કરેલ છે.

આ ગ્રંથની ગાથાઓમાં જીવનમાં પરિવર્તન લાવે અને જીવનને નવી દિશા અને દૃષ્ટિ મળે એવું બોધદાયક તત્ત્વજ્ઞાન છે. આ ગાથાનું તત્ત્વ જૈનદર્શનનું સ્પષ્ટ જ્ઞાન કરાવી સાધક વાચકને કર્મ-નિર્જરા અને આત્મશુદ્ધિનું પરિણામ આપે છે.

શ્રધ્ધા છે કે આપ સર્વેને આ શ્રુતજ્ઞાન શ્રવણ દ્વારા અલૌકિક આધ્યાત્મિક અનુભૂતિ થશે, જે આપણા સર્વના શેષ જીવન માટે જીવનપાથેય અને પથક બની રહેશે.

જ્ઞાન-પિપાસા માટે આપ સર્વેને અને જ્ઞાન-દર્શન માટે પૂજ્ય ગુરુદેવ ડૉ. રાકેશભાઈને હું અંતરથી વંદન કરું છું. અમે નમન કરીએ છીએ.

અમારા સૌનો ધન્યભાવ આપ સ્વીકારો એવી મારી–અમારી આપને વિનંતિ.

☐ રેશ્મા જૈન

## પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ ઝવેરી

ભગવાન મહાવીરપ્રણીત પંથના પ્રરૂપક, શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ આધુનિક યુગના આધ્યાત્મિક આર્ષદૃષ્ટા છે. શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવશ્રી સાધકોને શાશ્વત શાંતિ અને અનંત સુખ પ્રત્યે દોરી રહ્યા છે.

તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૬૬ના શુભ દિને મુંબઈમાં જન્મેલા પૂજ્ય ગુરુદેવશ્રીમાં અત્યંત બાળવયથી જ દિવ્ય લક્ષણો દૃષ્ટિગોચર થતાં હતાં. દીર્ઘકાલીન મૌન-આરાધના અને ગહન ધ્યાનસાધનાના પરિપાકરૂપે તેઓશ્રીએ અધ્યાત્મનાં ઉચ્ચ સોપાન સર કર્યાં. પોતાની અસાધારણ તેજસ્વિતાથી પૂજ્ય ગુરુદેવશ્રીએ ષડ્દર્શન, જૈન શાસ્ત્રો, ન્યાય, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃત ભાષા જેવા ગૂઢ વિષયોનો પ્રખર અભ્યાસ ટૂંક સમયમાં સહજતાથી સંપન્ન કર્યો. શૈક્ષણિક અભ્યાસમાં સુવર્ણચંદ્રક સહિત એમ.એ. (ફિલૉસૉફી) થઈ તેઓશ્રી દ્વારા શ્રીમદ્જીના સર્વશ્રેષ્ઠ સાહિત્યસર્જન 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર' ઉપર વિસ્તૃત શોધપ્રબંધ રચાયો, જે માટે તેમને મુંબઈ યુનિવર્સિટી તરફથી વર્ષ ૧૯૯૮માં પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

વર્ષ ૨૦૦૧માં પૂજ્ય ગુરુદેવશ્રીની અસીમ કરુણાના ફળસ્વરૂપે ભવ્ય શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરની સ્થાપના થઈ કે જ્યાં હજારો મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રેરણાદાયી પ્રવચનો તેમજ ધ્યાનશિબિરો માટે એકત્રિત થઈ પોતાની ભાવદશાને ઉન્નત કરે છે. તેઓશ્રી વિવિધ દેશોમાં ધર્મયાત્રા દ્વારા અનેકાનેક વ્યક્તિઓની જિંદગી ઉજાગર કરી રહ્યા છે. અત્યારે નોર્થ અમેરિકા, યુરોપ, આફ્રિકા, એશિયા અને ઑસ્ટ્રેલિયામાં સ્થપાયેલ ૭૭ કેન્દ્રો દ્વારા મિશન વિશ્વભરમાં વ્યાપક છે.

સાર્વત્રિક ઉત્કર્ષના ઉમદા આશયથી પૂજ્ય ગુરુદેવશ્રીએ દસ મુદ્દાના શ્રીમદ્ રાજચંદ્ર લવ ઍન્ડ કેર અભિયાનની પ્રેરણા કરી છે, જે સમગ્ર જીવરાશિને શાતા અને સેવા પહોંચાડવા કાર્યરત છે. તેઓશ્રીનાં નિરપેક્ષ સ્નેહ અને સચોટ માર્ગદર્શનના બળે અનેક યુવાનોમાં આધ્યાત્મિક રૂપાંતરણ આવ્યું છે. તેઓશ્રીએ બાળકો માટે રચેલ શ્રીમદ્ રાજચંદ્ર ડિવાઈનટચ ભીતરી જાગરણની યાત્રા છે. વિશ્વમાં ફેલાયેલ ૨૨૫ કેન્દ્રો યુવાનો તેમજ બાળકોનું ઘડતર કરી તેઓ માટે ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છે.

નિષ્કામ કરુણાના ઊછળતા ઉદધિ પૂજ્ય ગુરુદેવશ્રી સ્વમંગલ અને સર્વમંગલની પ્રવૃત્તિઓ થકી માનવતાનો ઉદ્ધાર કરી રહ્યા છે. ✷✷✷

# ઉપનિષદમાં ઉપાસના વિચાર

**❑ ડૉ. નરેશ વેદ**

વેદસંહિતાઓનું જ્ઞાન ત્રણ ખંડોમાં વહેંચાયેલું છે. એ ત્રણ ખંડોને કાંડને નામે ઓળખવામાં આવે છે. આ ત્રણ કાંડો છે: (૧) કર્મકાંડ (૨) ઉપાસનાકાંડ અને (૩) જ્ઞાનકાંડ. વેદાર્થનો નિર્ણય કરનાર સાધકે, આથી, કર્મ, ઉપાસના અને જ્ઞાન–એ ત્રણેય કાંડના તાત્પર્યને સમજવું જોઈએ. આ ત્રણ પૈકીના કોઈ એકાદ કે બે કાંડનું અધ્યયન કરનાર મનવાંચ્છિત ફળ પ્રાપ્ત કરી શકતા નથી. જેમને આવા ફળની અપેક્ષા છે તેમણે ત્રણેય કાંડનું રહસ્ય સમજવું જરૂરી છે.

વેદસંહિતાઓના જ્ઞાનના ત્રણ ખંડો એટલે (૧) બ્રાહ્મણ ગ્રંથો (૨) આરણ્યક ગ્રંથો અને (૩) ઉપનિષદો. આ ત્રણ પૈકી બ્રાહ્મણ ગ્રંથોમાં સાધકોએ કરવાના કર્મકાંડનું જ્ઞાન છે. આરણ્યક ગ્રંથોમાં સાધકોએ કરવાની ઉપાસનાઓનું જ્ઞાન છે અને ઉપનિષદોમાં સાધકોએ આત્મસિદ્ધિ પામવા જરૂરી આતમ જ્ઞાનનું અને અધ્યાત્મવિદ્યાનું નિરૂપણ છે. જીવનના આત્યંતિક લક્ષ્યને પામવા માટે, આમ, સાધકને માટે કર્મસાધના, ભક્તિસાધના અને જ્ઞાનસાધના કરવી જરૂરી છે. આજકાલ વેદનું અધ્યયન કરનારા નથી તો યજ્ઞકાર્યનું રૂપ રહસ્ય સમજતાં કે નથી તો તેનું અનુષ્ઠાન કરતાં. નથી ઉપનિષદોમાં રજૂ થયેલા ઉપાસનાના મર્મને ઉકેલવાનો શ્રમ કરતા. નથી તો ઉપનિષદોની અબોધ્ય જેવી જણાતી લિપિની બારાખડીને સમજવા પ્રયત્ન કરતા. પરિણામે એમને વેદવિદ્યાનો અનુબોધ થતો નથી. જેમને આવી અપેક્ષા છે તેમણે કર્મકાંડ, ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડને યથોચિત રૂપમાં સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આવી સાધના કરનારે લક્ષમાં એ રાખવાનું છે કે કર્મ અને જ્ઞાન એ બે કાંડનું અનુસંધાન કરનારે, વેદવૃક્ષની મધ્યમ ડાળી રૂપ ઉપાસનાકાંડનું મહત્ત્વ સમજી, તેનું અનુસંધાન પણ ધ્યાનપૂર્વક કરવું જોઈએ. કેમકે જ્ઞાન ભલે અખંડ અને અવિભક્ત છે, પરંતુ એ બીલીપત્રની જેમ ત્રિદલ છે. જેઓ ત્રિદલ સાધન વડે સાધના કરે છે તેમને જીવનસિદ્ધિ, જીવનસાફલ્ય અને જીવનસાર્થકતા પ્રાપ્ત થાય છે. જેમ ઇડાનાડી અને પિંગળા નાડી, એટલે કે સૂર્યનાડી અને ચંદ્રનાડીની વચ્ચે સુષુમણાનાડી રહેલી છે, એ નાડીમાં બાકીની બંને નાડીઓમાં વહેતી શક્તિને સંમિલિત કરીને એને બ્રહ્મરંધ્ર સુધી પહોંચાડતા બ્રહ્માનંદનો અનુભવ થાય છે, તેમ કર્મ અને જ્ઞાનસાધનાઓની શક્તિઓને ઉપાસનામાં સંમિલિત કરીને આપણી ચેતનાને હૃદયગુહા સુધી પહોંચાડતા ચૈતન્યનો અનુભવ થાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણી હૃદયગુહામાં રહેલા પરમ ચૈતન્યને યોગનિદ્રામાંથી જગાડવાનો અને આપણા ઉપર અનુગ્રહ દૃષ્ટિ કરાવવાનો જે એક માર્ગ છે, તે છે ઉપાસના માર્ગ. તેથી તૈતિરીય ઉપનિષદ અને છાંદોગ્ય ઉપનિષદમાં ઉપાસના વિદ્યાનો વિશદતાથી વિચાર કરવામાં આવ્યો છે.

અહીં સૌ પ્રથમ આપણે ઉપાસના એટલે શું, એનો અર્થ શો છે, તેને વિદ્યા શા માટે કહે છે, તે સમજી લઈએ. ઉપાસના શબ્દ ઉપ+આસ્ એ ધાતુ ઉપરથી ઉત્પન્ન થયેલો છે અને તેનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ છે: 'અત્યંત પાસે બેસી પ્રેમભાવથી ચિંતન કરવું.' આવા ચિંતન વડે ચિંતનીય એટલે કે નિર્ધારિત ધ્યેયનો સાક્ષાત્કાર થાય છે. આવો સાક્ષાત્કાર કરાવી આપવાની શક્તિને કારણે ઉપાસનાને વિદ્યા કહે છે. મતલબ કે વેદશાસ્ત્ર મુજબ રહસ્યજ્ઞાન વિનાની ધર્મક્રિયા એટલે અવિદ્યા અને રહસ્યજ્ઞાનપૂર્વક કરવામાં


## ૨૦૧૫નો વિશિષ્ટ પર્યુષણ અંક

**જૈન ધર્મ અને અન્ય ધર્મની આવશ્યક ક્રિયાઓ**

**આ વિશિષ્ટ અંકની વિદુષી માનદ્ સંપાદિકા :**

**ડૉ. રશ્મિબેન જિતુભાઈ ભેદા**

(09867186440)

**શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**

(09324115575)

જૈન પરંપરામાં પરમ તત્ત્વને, આત્માને, પરમાત્માને જાણવાના સાધનાનો માર્ગ એટલે છ આવશ્યક ક્રિયાઓને **'ષડ્ આવશ્યક'** કહેવામાં આવે છે જેમાં સામાયિક, લોગસ્સ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન (પચ્ચખાણ)નો સમાવેશ થયેલો છે.

અન્ય ધર્મમાં પણ આવી ક્રિયાઓ છે.

ઉપરના પ્રત્યેક વિષય અને અન્ય ધર્મનાં વિષય ઉપર તજજ્ઞ વિદ્વાનો પોતાનું ચિંતન આ અંકમાં પ્રકાશિત કરશે.

વિદ્વાનો અને લેખકોને સંપાદિકાનો સંપર્ક સાધવા વિનંતી.

ક્રિયા અને જ્ઞાનના સમન્વયનો આ વિશિષ્ટ અંક જિજ્ઞાસુ માટે એક અમૂલ્ય નજરાણું બની રહેશે.

**પ્રભાવના માટે ઇચ્છિત નકલો માટે સંઘની ઑફિસમાં ૦૨૨-૨૩૮૨૦૨૯૬ ઉપર સંપર્ક કરવા વિનંતી. ૧૦૦ થી વધુ નકલોનો ઑર્ડર હશે તો અંકમાં પ્રભાવનાકારનું નામ છાપી શકાશે.**

**એક નકલની કિંમત રૂા. ૬૦/-**

–તંત્રી

આવતી ક્રિયાને વિદ્યા કહે છે. આપણે આપણા અંતર આત્માની નિકટ જઈ પ્રેમભાવથી એનું ચિંતન કરવાની ક્રિયા કરીએ તો ક્યારેક આપણને આપણા આત્મચૈતન્યનો સાક્ષાત્કાર થાય. આવો સાક્ષાત્કાર કરાવી આપતી પ્રક્રિયાને ઉપાસના કહે છે.

કેવળ કર્મના અનુષ્ઠાનમાં આંખ, કાન, નાક, જીભ અને ત્વચા જેવી પાંચ જ્ઞાનેન્દ્રિયો અને હાથ, પગ, મુખ, ઉપસ્થ અને પાયુ જેવી પાંચ કર્મેન્દ્રિયોનો, એટલે કે દશ કરણો (સાધનો)નો એટલે કે આપણા બહિઃપુર (શરીર)નો ઉપયોગ થાય છે. ઉપાસનામાં અંતઃકરણની મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એવી ચાર શાખાનો અને પ્રાણમય કોશનો, એટલે કે આપણા અંતઃપુરનો ઉપયોગ થાય છે. બહિઃકરણ વડે આપણે બાહ્ય પૂજન અર્ચન કરી શકીએ, ત્યારે અંતઃકરણ વડે આપણે માનસ યજન કરી શકીએ છીએ. બહિઃપુર વડે દ્રવ્ય યજ્ઞ અથવા બાહ્ય યજ્ઞ આપણે કરીએ, ત્યારે અંતઃપુર વડે જ્ઞાન યજ્ઞ અથવા આંતર યોગ કરી શકીએ છીએ.

કેવળ અવિદ્યા અથવા કર્મમાં, કેવળ વિદ્યા અથવા યોગમાં, કેવળ બ્રહ્મદર્શન અથવા જ્ઞાનમાર્ગમાં જે નથી, તે ખોટ સગુણ ઈશ્વરદર્શન અથવા ઉપાસનામાર્ગ પૂરી પાડે છે. કેવળ કર્મ જડતા લાવે છે; કેવળ યોગ ચિત્તને સિદ્ધિમદમાં ખેંચી જાય છે; કેવળ જ્ઞાન સંસારના કર્કશ જીવનમાં ટકવાનું બળ આપતું નથી પરંતુ નિતાંત નિવૃત્તિમાં આપણને ખેંચી જાય છે; ત્યારે સગુણ ઈશ્વરની ઉપાસના ઉપાસકને એક બાજુથી વિનીત પણ પ્રતિભાશાળી બનાવે છે અને બીજી બાજુથી તે જીવનસંગ્રામમાં ટક્કર ઝીલવાને સમર્થ બનાવે છે.

મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એવી જેની ચાર શાખાઓ છે તે અંતઃકરણને ઉપાસના કરવામાં શી રીતે પ્રયોજવું એ વાત ઉપનિષદો સમજાવે છે. તેઓ જણાવે છે કે આ અંતઃકરણની પાંચ શક્તિઓ છે. એ છે: જ્ઞાનશક્તિ, ઈચ્છાશક્તિ, ક્રિયાશક્તિ, લયશક્તિ અને આનંદશક્તિ. અંતઃકરણની આ શક્તિઓ અને એના મૂળ સ્વભાવને જાણવાથી ઉપાસકનો ઉપાસ્ય સાથે સાયુજ્યભાવ સધાય છે. જેમ પૃથ્વીનો સ્વભાવ નિવૃત્તગામી, જળનો સ્વભાવ નિમ્નગામી, અગ્નિનો સ્વભાવ ઊર્ધ્વગામી, વાયુનો સ્વભાવ તિર્યક્ગામી અને આકાશનો સ્વભાવ બિંદુગામી છે, તેમ અંતઃકરણનો સ્વભાવ પુરુષગામી છે; એટલે કે ચૈતન્યગામી છે. મનુષ્યની સ્થૂળ ચેતનાનો આત્મદેવના સૂક્ષ્મ અને પરમ ચૈતન્ય સાથે જ્યારે સાયુજ્યભાવ પ્રગટે ત્યારે ઉપાસનાની સિદ્ધિ થઈ ગણાય.

ઉપાસના ઉપાસ્ય દેવતાની થાય, અને એ પણ અનેક રીતે થાય. તો આપણે કોની ઉપાસના કરવી અને કઈ રીતે કરવી તેની આપણને મૂંઝવણ થાય. તો આ આર્ષદ્રષ્ટાઓ જણાવે છે કે કઈ ઉપાસના કોણે કેવી રીતે કરવી તેનું સામાન્ય જ્ઞાન શાસ્ત્ર આપે. પરંતુ દરેક ઉપાસકના અધિકારક્ષેત્રનો નિર્ણય તો શ્રી સદ્ગુરુ જ કરી શકે છે. ઉપાસનાના દાનને 'દીક્ષા' એવી સંજ્ઞા આપવામાં આવેલી છે, કારણ કે એ દાન વડે ઉપાસકના મળનું ક્ષાલન થાય છે. કયા સાધકને કેવી દીક્ષા આપવી તે સંબંધમાં ભાવ, લિંગ અને યોનિ, એ ત્રણની શ્રી સદ્ગુરુ સંયમ દ્વારા પરીક્ષા કરીને નક્કી કરે છે.

ઉપાસના ઉપાસ્ય દેવતાની થાય. પણ દેવતાઓ તો ઘણા છે એમાંથી કયા દેવતાની ઉપાસના આપણે કરવી, એવા આપણા મનમાં ઊઠતા સવાલનો ઉત્તર અપાતો હોય તેમ આ શાસ્ત્રો કહે છે, જેમ મનુષ્યોની અનંત જાતિઓ છતાં મનુષ્યત્વ એક છે, તેમ કર્મજ અને આજાનજ દેવતાની જાતિઓ અનંત છતાં દેવત્ત્વ એક જ છે. આવું સર્વોત્કૃષ્ટ દેવત્ત્વ પરમપુરુષ એટલે કે અંતર આત્મામાં સમાયેલું હોય છે. આ દેવત્ત્વ કે દિવ્યભાવ ૧૧ રુદ્ર, બાર આદિત્ય, આઠ વસુ, ઈન્દ્ર અને પ્રજાપતિ–એમ તેંત્રીસ કોટિ (વર્ગ)માં વહેંચાયેલું છે. વળી આ તેંત્રીસ કોટિના દેવો પંચબ્રહ્મ અથવા પાંચ મંત્રદેવતાના વ્યૂહમાં આવી રહેલા છે. એટલે કે દેવજાતિ પાંચ વ્યૂહમાં ગોઠવાયેલી છે. આ પાંચ વ્યૂહ જે તે જાતિના મુખ્ય ગુણધર્મને લઈને રચાયેલી હોય છે. આ પાંચ ગુણધર્મો તે બીજું કશું નથી, પણ ચિત્તસત્ત્વની પાંચ શક્તિઓ છે. એ શક્તિઓ એટલે સર્જન, પાલન, સંહાર, તિરોધાન અને અનુગ્રહની શક્તિઓ. આ પાંચ શક્તિના પ્રાધાન્યવાળી દેવજાતિને અનુક્રમે સૌર, વૈષ્ણવ, ગાણપત્ય, શાક્ત અને શૈવ એવા નામ આપવામાં આવ્યાં છે અને તે જાતિના દેવવર્ગના અધ્યક્ષને સૂર્ય, વિષ્ણુ, ગણપતિ, શક્તિ અને શિવ એવાં અન્વર્થ નામ આપવામાં આવ્યાં છે. આને આદિ શંકરાચાર્ય પંચાયતન દેવ તરીકે ઓળખાવી, તેમની ઉપાસનાનો બોધ કર્યો હતો. ગણપતિ પૃથ્વીના દેવ છે. એમની ઉપાસના એટલે કર્મ સાધના. વિષ્ણુ જલના દેવ છે. એમની ઉપાસના એટલે ભક્તિસાધના, સૂર્ય અગ્નિના દેવ છે. એમની ઉપાસના એટલે જ્ઞાનસાધના. શક્તિ વાયુના દેવી છે. એમની ઉપાસના એટલે યોગસાધના. શિવ આકાશના દેવ છે. એમની ઉપાસના એટલે નૈષ્કર્મ્યની સાધના. આમ, વ્યષ્ટિ અને સમષ્ટિ જેના દ્વારા બની છે એ પાંચ મહાભૂતોના પાંચ દેવીદેવતા છે અને તેમની આ પાંચ સાધનાઓ છે: કર્મ, ભક્તિ, જ્ઞાન, યોગ અને નૈષ્કર્મ્ય.

ઉપાસ્ય દેવતા બે પ્રકારના હોય છે. (૧) અપર દેવતા ઉર્ફે ઈષ્ટ દેવતા અને (૨) પર દેવતા ઉર્ફે અંતર્યામી દેવતા. તેમ ગુરુ અને શાસ્ત્રથી પ્રાપ્ત થયેલી ઉપાસના પણ બે પ્રકારની હોય છે: (૧) શબ્દાનુવિદ્ધા એટલે કે મંત્રના સેવન સાથેની અને (૨) અર્થાનુદ્ધા, એટલે મંત્ર દેવતાના સેવન સાથેની. ઉપાસનાની ભાવનાના પ્રકર્ષ વડે ઉપાસ્ય દેવતાની સ્ફૂરણા થાય છે, તેથી તે વ્યક્ત થાય છે. એટલું જ નહિ પણ ઉપાસકની આત્મદેવતામાં તે પ્રતિબિંબિત પણ થાય છે.

દેવતાનો સાક્ષાત્કાર કરવાની ઉપાસનારૂપ કલા સિદ્ધ કરવી હોય તેણે અર્થની પગથી ઉપર ચડવું જોઈએ. અંતઃપુરમાં પ્રવેશ કરવાની અનેક પગથીઓ છે. એમાંથી પ્રાચીન ઉપાસકોએ જેનો નિર્ભયપણે

આશ્રય લીધો છે એવી એક સનાતન પગથી તે 'દહરવિદ્યા' છે. દહર એટલે ઘણો નાનો, સૂક્ષ્મ પ્રવેશ. કહો કે સોયના નાકામાં પ્રવેશ. જેના વડે આપણા ભોગ અને મોક્ષનાં વિઘ્ન કરનારાં કારણો કપાઈ, ઈષ્ટ દેવતાના ધામમાં જે ઉપાસના લઈ જાય તે 'દહરવિદ્યા' કહેવાય. સૂક્ષ્મ પગદંડીએ ચડનારની વાસનાજાળને જે ઉપાય કાપે છે તે દહરવિદ્યા. આ ઉપાસનાના બીજાં પણ નામ છેઃ (૧) હાર્દવિદ્યા (૨) હૃદયાકાશ વિદ્યા (૩) कंरयं ब्रह्मविद्या (૪) શૈવ વિદ્યા. હૃદયદેશમાં પ્રગટ થનારી વિદ્યા માટે હાર્દવિદ્યા. હૃદયસ્થ આકાશના સ્પર્શથી જાગનારી વિદ્યા માટે હૃદયાકાશ વિદ્યા (૫) સ્વરૂપ સુખને જાગૃત કરનાર ચિદાકાશને લગતી વિદ્યા માટે कंखं ब्रह्मविद्या. આપણા સત્ય શિવ સ્વરૂપને આત્મરૂપે ઓળખાવનારી વિદ્યા માટે શૈવવિદ્યા કહેવાય છે.

હૃદયગુહામાં એક સૂક્ષ્મ આંતર આકાશ નામક દેવતા છે. તે દેવતાની અંદર એક દિવ્ય તત્ત્વ અથવા વસ્તુ છે. તે વસ્તુ ઉપાસ્ય છે. તે વસ્તુ જ્ઞેય અથવા સાક્ષાત્કાર કરવા યોગ્ય છે. દહરવિદ્યાના દેવતાનું નામ આકાશ છે અને તે ક્રમશઃ ચિદાકાશ, ચિત્તાકાશ અને ભૂતાકાશ–એમ ત્રણ ભૂમિકામાં અંતર્યામી હિરણ્યગર્ભ અને વિરાટ ભાવમાં ઉપાસ્ય છે અને તે ચિંતવવા યોગ્ય છે.

તૈતિરીય ઉપનિષદના ઋષિ તેમની કવિસહજ વાણીમાં કહે છે, બધું જગત આકાશમાં સ્થિર બન્યું છે. જે આ સ્થિરતાની ઉપાસના કરે છે તે સ્થિર બને છે. તેની 'મહઃ' તરીકે જે ઉપાસના કરે છે, તે મહાન થાય છે. તેની 'મન' તરીકે જે ઉપાસના કરે છે, તે માનવાળો થાય છે. તેની 'નમઃ' તરીકે જે ઉપાસના કરે છે, તેને બધી કામનાઓ નમન કરે છે. તેની 'બ્રહ્મ' તરીકે જે ઉપાસના કરે છે, તે બ્રહ્મવાન થાય છે. તેની 'બ્રહ્મના પરિમર' તરીકે જે ઉપાસના કરે છે, તેના દ્વેષ કરનારા, તેની આસપાસ રહેલા શત્રુઓનો નાશ થાય છે. છાંદોગ્ય ઉપનિષદકાર કહે છે, જે સૂર્યને બ્રહ્મ સમજીને ઉપાસે છે, તેનું કલ્યાણ થાય છે.

વળી, છાંદોગ્ય ઉપનિષદ તો ૐકારની, ઉદ્‌ગીથની, સામની, અમૃતની, બ્રહ્મની, વિરાટ કોશની, આત્મયજ્ઞની, અધ્યાત્મની, આધિદૈવિકની અને આદિત્યની ઉપાસના કઈ કઈ દૃષ્ટિ વડે, કયા હેતુ માટે ઉપાસના કરવી તે બધી બાબતોની પણ વિસ્તૃત જાણકારી આપે છે. (આ લેખ તૈયાર કરવામાં નર્મદાશંકર મહેતાના લખાણનો આધાર લીધો છે.)

✱✱✱


'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર. (પિન કોડ : ૩૮૮૧૨૦.) ફોન : 02692-233750 સેલ : 09727333000

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત**


**આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**





**॥ મહાવીર કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**
ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર **'મહાવીરકથા'**




**॥ ગૌતમ કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**
અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વ-જીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર **'ગૌતમકથા'**




**॥ ઋષભ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી **'ઋષભ કથા'**




**॥ નેમ-રાજુલ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા



**પાર્શ્વ-પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**
પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ સ્પર્શી કથા

**માર્ચ, ૨૦૧૫માં પ્રસ્તુત થયેલ હેમચંદ્રાચાર્ય કથાની ડી.વી.ડી. પણ મે માસમાં તૈયાર થઈ જશે.**
**● પ્રત્યેક સેટની કિંમત રૂા. ૧૫૦/- ● ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

● બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬. અથવા નીચેના સ્થળેથી પ્રાપ્ત થશે–
ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી, બી-૧૦૧, સમય એપાર્ટમેન્ટ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૭૬૨૦૮૨.

# શ્રીમદ્ રાજચંદ્ર અને સાબરકાંઠાના સંતો

☐ ડૉ. કેશુભાઈ દેસાઈ

હજી છ-એક મહિનાથી જ સાબરકાંઠાની વાણિજ્યનગરી તલોદ ખાતે ખાનગી દવાખાનું ખોલીને બેઠેલો તરવરિયો તબીબ મુગ્ધ નજરે પ્રદેશના ગ્રામીણ પરિવેશનું અવલોકન કરી રહ્યો છે. એને સ્થાનિક દાક્તરો સામે હરીફાઈમાં ઊતરવાનું છે એટલે સૌ પહેલાં એની દૃષ્ટિ સ્વજાતિના ખેડૂત સમાજ પર જઈને ઠરે છે. તલોદ મૂળે તો આંજણા પાટીદારોનું ગામ. એ.પી. રેલવેના નામે ઓળખાતી રેલવે લાઈન ઉપર આવતું જોઈ વેપારીઓ અને ચરોતરથી સાબરકાંઠામાં આવી બે પાંદડે થયેલા 'કંપા વાળા' સમૃદ્ધ ખેડૂતોએ સ્ટેશન પાસે નવી વસાહત બાંધી. તલોદ સ્ટેશન નામે ઓળખાતો આ વાણિજ્ય વિસ્તાર આખા જિલ્લાનું આર્થિક કેન્દ્ર બની ગયો હતો. હું ૧૯૭૫ આસપાસના સમયગાળાની વાત કરી રહ્યો છું. તે વખતે જિલ્લાનાં હિંમતનગર, મોડાસા અને ઈડર જેવા પ્રમાણમાં વધારે વસતિ ધરાવતાં નગર વેપારવણજ ક્ષેત્રે તલોદની તુલનામાં ક્યાંય પાછળ હતાં. ફક્ત વેપારવણજમાં જ કેમ? તલોદ તે સમયે રાજકીય ક્ષેત્રે પણ અગ્રેસર હતું. 'બંગલાવાળા'ના હુલામણા નામે ઓળખાતો ચુનીભાઈ દેસાઈભાઈ પટેલનો પરિવાર જિલ્લાના રાજકારણમાં મોખરે હતો. સાબરકાંઠાને વતન બનાવી વસી ગયેલા આ ચરોતરના પટેલ કુટુંબમાંથી ચુનીકાકા, અંબુકાકા અને શાંતુભાઈ જેવા ધુરંધર રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ સાંપડ્યા છે. લગભગ અડધી સદી સુધી આ કુટુંબનો જિલ્લાના રાજકારણમાં દબદબો રહ્યો.

પેલો તરવરિયો તબીબ એટલે આ ડૉ. કેશુભાઈ દેસાઈ એ જ પરિવારના નેજા હેઠળ ચાલતી સાર્વજનિક હૉસ્પિટલમાં ચીફ મેડિકલ-ઑફિસર તરીકે સેવાઓ આપવા આવેલો, પણ એની પ્રકૃતિ મુજબ એને નોકરી કરતાં ન આવડી, એટલે 'ધરતીનાં છોરું હૉસ્પિટલ' જેવું રૂપકડું પાટિયું લગાવીને રામભરોસે બજાર વચ્ચોવચ્ચ બેસી ગયો હતો. હવે એને પોતાનું દવાખાનું જમાવવાનું હતું એટલે જે પાણીએ મગ ચડે એમ હોય એ પાણી વાપરવું પડે એમ હતું. હજી મનમાં ભાવિ યોજના પૂરી ગોઠવાઈ રહે એ પહેલાં એક વહેલી સવારે 'રામ રામ!'ની ત્રાડ પાડતા આંટિયાળો પાઘડો, ગળે નાખેલો સફેદ ઝભ્ભો અને ચૌધરીઓ પહેરે છે એવું ધોતિયું ઠઠાવેલ એક જાજરમાન વડીલ એની ચેમ્બરમાં પ્રવેશ્યા. એટલા જોશથી રામ રામ બોલે કે દવાખાનાથી છેક માર્કેટ યાર્ડના ટાવર સુધી એમનો અવાજ સ્પષ્ટ રીતે સંભળાય. 'રામ રામ' એ એમની ઓળખ બની ગયેલો મંત્ર હતો. નામ એમનું 'ચેલોકાકો.' લોકો ચેલાભગત તરીકે ઓળખે. એકદમ નિર્મળ અને નિખાલસ જીવ. ચહેરા પર આંજણા પાટીદારનું ઘમ્મરવલોણું તપતપારાં મારે. બોઘરણે દૂધ પીવા ટેવાયેલા ભગત હતા તો સંસારી, પણ એકના એક યુવાન દીકરાએ ખોતી અને સામાજિક વ્યવહારની જવાબદારી સંભાળી લીધેલી એટલે નિવૃત્ત થઈ ગયેલા નંદીની જેમ આખો દિવસ મન ફાવે એમ રઝળપાટ કરતા રહેતા. સવારે ચા પાણી પતાવીને નીકળી પડે. પછી પાછા ક્યારે ફરે તે નક્કી નહીં. પરમહંસ દશામાં જીવતા હતા. કોઈને પારકું ગણતા જ નહીં. એમની રણકતી વાણીમાં કહેતા: 'સબ ભૂમિ ગોપાલ કી; અને અમે છીએ ગોપાળના છોકરા! અહીં વળી પારકું શું ને પોતાનું શું? લોક નાહક મારું-મારું કરીને મરી જાય છે. ઘાંચીના બળદિયાની જેમ લખચોરાશીના ફેરા ફર્યા કરે છે. જન્મ્યા ત્યારે કશું લઈને આવ્યા'તા? અને જશો ત્યારે ગાંઠે બાંધીને કશું લઈ જઈ શકશો? બધું અહીંનું અહીં પડી રહેવાનુ છે. લોક વગર કારણે કુટાઈ મરે છે. માયા છૂટતી નથી. 'માનિયો' ને 'મોહનિયો' (માન અને મોહ) એવા વળગ્યા છે કે જીવને એના સ્વરૂપની સાચી ઓળખાણ થતી જ નથી. માંય તો અખિલ બ્રહ્માંડનો સ્વામી બેઠો છે-સત્-ચિત્-આનંદઘન, પણ માંયલી પા ડોકિયું કરવાનું સૂઝે તો દેખાય ને?' – આવી આધ્યાત્મિક વાણીનો ધોધ વછૂટે. ચા પીતાં પીતાં પણ વાતો તો સત્સંગની જ. એક તરફ જૂના ગામ આગેવાન તરીકે બંગલાવાળા તત્કાલીન નેતા, શાંતુભાઈ જોડે બેઠક. પણ રાજકારણ કરતાં વિશેષ રસરુચિ 'બાવજી'ના મેળાવડામાં. બાવજી એટલે ગોધમજીવાળા જેસંગ બાવજી. મને ઈડર પંથકના આ જાગતા જોગંદર વિશે આછીપાતળી માહિતી ખરી, પણ ચેલાકાકા જેવા ખુરાંટ ગામ આગેવાન તલોદમાં બેઠાં બેઠાં એ ઇડરિયા મુલકના દેશી ભગતના નામની માળા જપે એ નવાઈ જેવું લાગેલું. પછી જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ બાવજીના આધ્યાત્મિક સામ્રાજ્યના વ્યાપક કમઠાણનો અણસાર આવવા લાગ્યો. ભગતજી જ્યારે આવે ત્યારે બાવજીની વાત કાઢે, એમના મેળાવડા વિશેની વિગતવાર ચર્ચા કરે અને હેતથી ક્યારેક એકાદ વાર એમની સાથે મેળાવડામાં સામેલ થવાનું ઈજન પણ પાઠવે. વચ્ચે વચ્ચે ઈડર પંથકના આદ્ય પુરુષ તરીકે ગલોડા (લક્ષ્મીપુરા)ના રામાબાવજી અને મુંબઈના નાથુબાવજીની વાત પણ કરે. 'કૃપાળુદેવ' શબ્દ પહેલવહેલો આ ગામડિયા ખેડૂતના મોઢે જ સાંભળેલો.

'આ કૃપાળુદેવ તે કોણ?' – ભણેલા ગણેલા એમ.બી.બી.એસ. ડૉક્ટરના મોઢે આ સવાલ સાંભળી ચેલાકાકાને આંચકો લાગ્યો હતો. 'એટલીય ખબર નથી? કૃપાળુદેવ એટલે શ્રીમદ્ રાજચંદ્ર, ગાંધીજીના ગુરુ!' એમણે શ્રીમદ્‌નો આટલો ટૂંકો પરિચય આપી મારા અજ્ઞાન પર દયા ખાધી. 'દાક્તર ખરા, પણ તમારું ગન્યાંન એક ઈંદ્રીનું. એમ ડિગ્રી

**કૃપાળુદેવ એટલે શ્રીમદ્ રાજચંદ્ર, ગાંધીજીના ગુરુ!'**

લઈ લીધાથી કશી ભલીવાર ન આવે. દેહથી દેવ જુદો છે એવું તમારી દાક્તરી માને ખરી? એને તો આ માંસમાટીનું–હાડમાંસનું પુદ્ગલ જ દેખાશે! એટલે જ કહું છું કે દરદી ક્યાંય નાસી જવાનાં નથી. થોડો ટાઈમ કાઢો. બાવજીના મેળાવડામાં આવશો એટલે આપોઆપ બધું ઠેકાણે આવી જશે. આ પરૂની કાયા તો આજ છે ને કાલ નથી. એનો મોહ છોડો. **સ્વરૂપ**માં આવો.' એમણે શ્રીમદ્ રાજચંદ્રના આત્મસિદ્ધિશાસ્ત્રની પંક્તિઓ લલકારતાં કહ્યું'તું: 'આપણે ખોટેખોટા અથડાઈ મરીએ એનો કોઈ અર્થ ખરો? સ્વરૂપનો સમજાવનારો આપણી વચ્ચે જ બેઠો હોય, છતાં આપણે એને દેહભાવે દેખતા રહીએ તો એમાં કોનો દોષ? બાવજી હાજરાહજૂર, હાલતા ચાલતા ભગવાન છે. શ્રીમદ્ રાજચંદ્ર અને રામાબાવજી તો સદેહે હયાત નથી પણ જેસંગ બાવજીમાં એ બેઉ સાક્ષાત્ છે. બાવજી વળી ક્યા વેદ ભણવા ગયા'તા? છતાં એમની દૂંટીમાંથી જે સરવાણી ફૂટે છે!' બોલતાં બોલતાં ચેલાકાકાની આંખો ભીની થઈ જતી. એ શાંત થઈને કૃપાળુદેવની વાણી ગાવા લાગતા.

*જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,*
*સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.*
*દેહ છતાં જેની દશા વરતે દેહાતીત,*
*તે જ્ઞાનીનાં ચરણમાં હો વંદન અગણિત.*

મને આશ્ચર્ય એ વાત પર થતું કે છેવાડે પડેલા **વવાણિયા**માં જન્મેલ **વાણિયા**નું આ તે કેવું અદ્ભુત વ્યક્તિત્વ – ગાંધીજીથી લઈ તલોદના અદના ખેડૂત સુધી એ સોંસરવા ઊતરી ગયા હોય એમ લાગ્યા વિના ન રહે. ગાંધીજી તો અભ્યાસુ વિશ્વ માનવી હતા. મહાત્મા હતા. પરંતુ એમણે પોતાના જીવન પર શ્રીમદ્ના પ્રભાવની જે નિખાલસ કબૂલાત કરી છે તે જોઈને એટલું તો જરૂર સમજાય છે કે દેશ હજી શ્રીમદ્ને ઓળખી શક્યો નથી. વીસમી સદીના સૌથી મહાન વિશ્વાત્મા લેખે ગાંધીજી સર્વસંમતિથી પ્રતિષ્ઠિત છે. શ્રીમદ્ એમનાથી વયમાં ફક્ત બે વરસ મોટા હતા. (શ્રીમદ્ની જન્મ તારીખ નવ નવેમ્બર, અઢારસો સડસઠ. ગાંધીજી અઢારસો ઓગણસિત્તેરના ઑક્ટોબરની બીજી તારીખે જન્મેલા.) પરંતુ જ્યારે જ્યારે ધર્મ-અધ્યાત્મ સંબંધી સમસ્યા જણાઈ ત્યારે એમણે શ્રીમદ્નું માર્ગદર્શન લીધું હતું. આત્મકથામાં ગાંધીજી એમનો **રાયચંદભાઈ** કે **કવિ** તરીકે ઉલ્લેખ કરે છે. ધર્મચિંતન કરતાં જ્યારે યુવાન ગાંધીના પ્રબુદ્ધ માનસમાં હિંદુ ધર્મ વિશે તર્ક વિતર્ક જાગે છે ત્યારે એનું છેલ્લું અને સંતર્પક સમાધાન શ્રીમદ્ પાસેથી મળે છે.

'મેં મારી મુસીબતો પત્ર દ્વારા રાયચંદભાઈ આગળ મૂકી. હિંદુસ્તાનના બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્ર વ્યવહાર ચલાવ્યો. તેમના જવાબ ફરી વળ્યા. રાયચંદભાઈના પત્રથી મને કંઈક શાંતિ થઈ. તેમણે મને ધીરજ રાખવા ને હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવા ભલામણ કરી. તેમના એક વાક્યનો ભાવાર્થ આ હતો: હિંદુ ધર્મમાં જે સૂક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષણ છે, દયા છે, તેવું બીજા ધર્મમાં નથી, એવી નિષ્પક્ષપાતપણે વિચારતાં મને પ્રતીતિ થઈ છે.'

**પ્રભુ, હવે પછી અમારે કોનો આ શ્રય કરવો ? કૃપાળુદેવે ગલોડા ગામમાં રહેતા રામજી વક્તાજી પટેલનું નામ આપ્યું.**

શ્રીમદ્ તેત્રીસ વરસના અલ્પ આયુષ્યમાં આખા યુગ જીવી ગયા. એમણે સ્વાસ્થ્યલાભ (એમની છેલ્લી વયની તસ્વીરો કોઈ ક્ષયરોગીની કે ભૂખમરાતી પીડાતા માણસની હોય એવું જ લાગે. ખૂબ ઓછું ખાતા હતા.) ખાતર હોય કે અંતઃપ્રેરણાથી – ઈડરના ઘંટિયા પહાડને પણ પાવન કરી દીધો છે. 'શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનદર્શન' ગ્રંથમાં ઈડર સાથેના પ્રસંગોનો અલપઝલપ ઉલ્લેખ સાંપડે છે ખરો, પરંતુ સાબરકાંઠાના અધ્યાત્મ જગતમાં 'પુરાણ પુરુષ' જેવી પ્રતિષ્ઠા ધરાવતા એમના સમકાલીન લોકસંત રામાબાવજી–રામજી વક્તાજી પટેલને તેઓ પ્રત્યક્ષ મળ્યા હોવાના સગડ મળતા નથી. તેમ છતાં, પોતાના અનુયાયીઓને એમણે ગલોડાના રામા ભગતનો આશ્રય કરવાનું સૂચન કર્યું હોવાની વાત બહુ જાણીતી છે.

રામા ભગત હાલ લક્ષ્મીપુરા નામે ઓળખાતા છતાં જૂના **ગલોડા** નામે વધુ જાણીતા ખેડબ્રહ્માથી સાત કિ.મી. પૂર્વમાં આદિવાસી પટ્ટીની ધાર પર વસેલા ગામના આંજણા પાટીદાર. શાળાનું પગથિયું પણ જોયેલું નહીં, છતાં પૂર્વનાં સંચિત ગણો કે ગુરુકૃપા– એક અદના ખેડૂતના કોઠે આત્માનાં અજવાળાં પ્રગટ્યાં હતાં, એનો શ્રીમદ્ જેવી વિભૂતિને પણ અહેસાસ હશે ત્યારે જ ને! કૃપાળુદેવ હવે લાંબો વખત કાઢે એમ નથી એની પ્રતીતિ થતાં ઈડરના ઘંટિયા પહાડ પર એમના મુમુક્ષુ આશ્રિતોએ આર્ત્ત સ્વરે પ્રશ્ન કર્યો: પ્રભુ, હવે પછી અમારે કોનો આશ્રય કરવો? કૃપાળુદેવે ક્ષણનોય વિલંબ કર્યા વિના ખેડ નજીક ગલોડા ગામમાં રહેતા રામજી વક્તાજી પટેલનું નામ આપ્યું હોવાનું કહેવાય છે. એની કસોટી કરવા કેટલાક મુમુક્ષુ ગલોડોમાં રામા ભગતનું ખોરડું શોધતા શોધતા ગામ મધ્યે પહોંચ્યા ત્યાં માટીની ગાર ખૂંદતા મેલાઘેલા માણસે બધાને નામ જોગ આવકારો દીધો. કોઈએ આગોતરો સંદેશો તો પહોંચાડ્યો નહોતો, છતાં ભગતજીએ મહેમાનો માટે ખાટલા પથરાવી રાખ્યા હતા અને એમના વર્ણાશ્રમધર્મ અનુસાર 'ચોખ્ખી' રસોઈ પણ તૈયાર થઈ રહી હતી. ઝાંપે એમને લેવા માણસો મોકલાવ્યા હતા.

આપણને આ બધું કપોલકલ્પિત જ લાગે. પરંતુ લક્ષ્મીપુરાના વૈડિયા ગઈ કાલ સુધી આ દૃશ્ય નજરોનજર જોયું હોય એટલા ઉમળકાથી એનું વર્ણન કરતા રહેતા. મારા ધર્મપત્ની શાંતાબહેનના સગાં ફોઈ સાથે લગ્ન કર્યા છતાં બાવજીની આજ્ઞાથી બ્રહ્મચર્ય પાળનારા મોતી ફુઆ અને બાવજીની પરંપરા જાળવી લક્ષ્મીપુરાને **સંતનગરી**ની આગવી

**જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજી કોઈ નથી પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો મને સોંસરાં ઊતરી જતાં.**

ઓળખ સંપડાવનાર જીતાબાવજીના મોઢે આ ચમત્કારનું વિવરણ વારંવાર સાંભળવા છતાં વિજ્ઞાનના વિદ્યાર્થી તરીકે એમાં ફિક્શનનું તત્ત્વ હોવાની શંકા તો રહ્યા જ કરી છે.

પરંતુ મહાત્મા ગાંધીને મુંબઈ ખાતે પ્રાણજીવન મહેતાના બંગલે પહેલવહેલા મળેલા એમના 'રાયચંદભાઈ'માં આવી કોઈ શંકા નહોતી રહી. 'આત્મકથા' ના બીજા ભાગનો આરંભ જ 'રાયચંદભાઈ' શીર્ષકવાળા પ્રકરણથી થાય છે. ગાંધીજીને એમની 'શતાવધાની વાનગી' જોઈ એમની 'અદેખાઈ' જરૂર થયેલી પરંતુ એમના જ શબ્દો ટાંકીને કહીએ તો, 'પણ હું તે ઉપર મુગ્ધ ન થયો. જેના ઉપર હું મુગ્ધ થયો તે વસ્તુનો પરિચય મને પાછળથી થયો. એ હતું તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર, અને તેમની આત્મદર્શન કરવાની ભારે ધગશ. આત્મદર્શનને જ ખાતર તે પોતાનું જીવન વ્યતીત કરતા હતા એમ મેં પાછળથી જોયું:

*હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,*
*મારું જીવ્યું સફળ તવ લેખું રે;*
*મુક્તાનંદનો નાથ વિહારી રે,*
*ઓધા જીવનદોરી અમારી રે.*

-એ મુક્તાનંદનું વચન તેમને મોઢે તો હતું જ, પણ તે તેમના હૃદયમાંયે અંકિત હતું.'

ગાંધીજીએ 'આત્મકથા'માં દોરેલું શ્રીમદ્‌નું શબ્દચિત્ર ગાગરમાં સાગર સમાન છે. કદાચ રાજચંદ્રના મનુષ્યાવતારનું એ શ્રેષ્ઠ અવલોકન છે :

'પોતે હજારોના વેપાર ખેડતા, હીરામોતીની પરખ કરતા, વેપારના કોયડા ઉકેલતા. પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો વિષય–તેમનો પુરુષાર્થ તો આત્મઓળખ–હરિદર્શન– હતો. પોતાની પેઢી પર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે.

જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહીં પણ અનેક વેળા થયેલો. મેં તેમને કદી મૂર્છિત સ્થિતિમાં નથી જોયા. મારી જોડે તેમને કશો સ્વાર્થ નહોતો. તેમના અતિનિકટ સંબંધમાં હું રહ્યો છું. હું તે વેળા ભિખારી બારિસ્ટર હતો. પણ જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે.

ઘણાં ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યાર પછી આવ્યો છું, દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજી કોઈ નથી પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો મને સોંસરાં ઊતરી જતાં. તેમની બુદ્ધિ વિશે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિશે તેટલું જ હતું. ને તેથી હું જાણતો હતો કે તેઓ મને ઈરાદાપૂર્વક આડે રસ્તે નહીં દોરે...આથી **મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો.'**

ગાંધીજી નિરંતર 'ગુરુ' શોધતા રહ્યા છે. એ પ્રામાણિકપણે નોંધે છે કે, 'રાયચંદભાઈને વિશે મારો આટલો આદર છતાં, **તેમને હું મારા ધર્મગુરુ તરીકે મારા હૃદયમાં સ્થાન ન આપી શક્યો.**

અક્ષરજ્ઞાન આપનાર અપૂર્ણ શિક્ષકથી ચલાવી લેવાય, પણ આત્મદર્શન કરાવનાર અપૂર્ણ શિક્ષકથી ન જ ચલાવાય. ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય.' ગાંધીજીને શ્રીમદ્‌માં એવો 'સંપૂર્ણ જ્ઞાની' નહીં દેખાયો હોય ત્યારે જ ને! ગુરુપદની શોધ એમણે આજીવન ચાલુ રાખી પરંતુ અંતે એ અધૂરી જ રહી ગઈ. ગાંધીજીને જે ગુરુ ખપતા હતા એ બીબામાં રાજચંદ્ર જેવો તરલ જીવાત્મા ઠરી શક્યો નહીં હોય, બનવાજોગ છે. મહર્ષિ અરવિંદે તો ગાંધીજીને મળવાની જ ના પાડી દીધેલી. કદાચ સાબરકાંઠાના રામાબાવજી સાથે મેળાપ થયો હોત તો એમણે એમના વિશે પણ આવું જ વિધાન કર્યું હોત. વિનોબાજીએ ભૂદાનયાત્રા દરમિયાન ઓચિંતા જ મળી ગયેલા નાથુબાવજી અને જેશંગબાવજીની મુલાકાતથી પરમ ઉપલબ્ધિ સમી પ્રસન્નતા અનુભવી હતી, છતાં 'રાયચંદભાઈને મારા હૃદયના સ્વામી ન બનાવી શક્યો તોપણ તેમનો આશ્રય મને વખતોવખત મળ્યો છે' એમ કહી ગાંધીજી એમના જીવન પર ઊંડી છાપ પાડનાર ત્રણ વિભૂતિઓમાં રાયચંદભાઈનું નામ મોખરે મૂકવાનું ચૂકતા નથી. બીજી બે તે ટૉલ્સ્ટૉય અને રસ્કિન જેમનાં પુસ્તકો અનુક્રમે 'વૈકુંઠ તારા હૃદયમાં છે' અને 'અનટુ ધિસ લાસ્ટ'– સર્વોદયથી તેઓ 'ચકિત' થયા હતા.

આ રાયચંદભાઈ વવાણિયાથી મુંબઈ થઈ ઈડર પર્યંત એકસરખો આધ્યાત્મિક પ્રકાશ પાથરતા રહ્યા. મોક્ષમાર્ગીઓ માટે એ દીવાદાંડી બની રહ્યા. ગાંધીજીના જ શબ્દો ટાંકીએ તો, 'આપણે, સંસારી જીવો છીએ, ત્યારે શ્રીમદ્ અસંસારી હતા, આપણને અનેક યોનિઓમાં ભટકવું પડશે, ત્યારે શ્રીમદ્‌ને કદાચ એક ભવ બસ થાઓ. આપણે મોક્ષથી દૂર ભાગતા હોઈશું, ત્યારે શ્રીમદ્ વાયુવેગે મોક્ષ તરફ ધસી રહ્યા હતા.'

ગાંધીજીના બ્રહ્મચર્ય વિષયક ખ્યાલોના પાયામાં શ્રીમદ્‌ની અસર હતી, જેમાં સ્વ સ્ત્રી પ્રત્યે પણ બ્રહ્મચર્યની સંક્લ્પના હતી. સત્ય અને અહિંસા પણ ગાંધીજી શ્રીમદ્‌ના જીવનમાંથી શીખ્યા હોવાનું સ્વીકારે છે. ગાંધીજી લખે છેઃ 'હું કેટલાંય વર્ષોથી ભારતમાં ધાર્મિક પુરુષની શોધમાં છું. પરંતુ એમના જેવા ધાર્મિક પુરુષ હિંદમાં હજુ સુધી જોયા નથી કે જે એમની હરીફાઈમાં આવી શકે.

તેઓ ઘણીવાર કહેતા કે ચોપાસથી કોઈ બરછીઓ ભોંકે તે સહી

**આપણે રવીન્દ્રનાથ અને વિવેકાનંદ પાછળ ગાંડા થતા રહ્યા પણ આંગણે ઊગેલા સૂર્યોને ન ઓળખી શક્યા.**

શકું પણ જગતમાં જે જૂઠ, પાખંડ, અત્યાચાર ચાલી રહ્યાં છે, ધર્મને નામે અધર્મ વર્તી રહ્યો છે તેની બરછી સહન થઈ શકતી નથી. અત્યાચારોથી ઊકળી રહેલા તેમને મેં ઘણીવાર જોયા છે. તેમને આખું જગત પોતાના સગા જેવું હતું. આપણા ભાઈ કે બહેનને મરતાં જોઈને જે કલેશ આપણને થાય છે તેટલો કલેશ તેમને જગતમાં દુઃખને, મરણને જોઈને થતો.' ગાંધીજી શ્રીમદ્ સાથે એમના મરણ પર્યંત નિકટ સંબંધથી જોડાયેલા રહ્યા છે. એ કબૂલે છે : 'મેં ઘણાંના જીવનમાંથી ઘણું લીધું છે, પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે કવિશ્રીના જીવનમાંથી છે. દયાધર્મ પણ હું તેમના જીવનમાંથી શીખ્યો છું. ખૂન કરનાર ઉપર પણ પ્રેમ કરવો એ દયાધર્મ મને કવિશ્રીએ શીખવ્યો છે. એ (અહિંસા) ધર્મનું તેમની પાસેથી મેં કૂંડાં ભરી ભરીને પાન કર્યું છે.'

શ્રીમદ્ વિશે રાષ્ટ્રપિતાએ આટલો આદર દર્શાવ્યો છે પરંતુ એમના રાજકીય અનુયાયીઓએ ભૂલથી પણ એ મહાપુરુષને યાદ કરવાની તસદી લીધી નથી. ગુજરાત આ મુદ્દે **નગુણું** જ રહ્યું છે. પોતાની ભૂમિની વિભૂતિઓને ઓળખવા માટે એની પાસે નવરાશ જ નથી. આપણે રવીન્દ્રનાથ અને વિવેકાનંદ પાછળ ગાંડા થતા રહ્યા પણ આંગણે ઊગેલા સૂર્યોને ન ઓળખી શક્યા. શ્રીમદ્‌ની જેમ મહર્ષિ દયાનંદ સરસ્વતી અને પ્રણામી ધર્મની પ્રવર્તક મહામતિ  પ્રાણનાથને ગુજરાતે ધરાર અવગણ્યા છે, એ શું સૂચક નથી?

શ્રીમદ્ તો નીવડેલા કવિ છે. શતાવધાની તરીકે ખૂબ પ્રશંસા પામી ચૂકેલા છે અને વાણી એમને વરેલી છે. ઝળહળ સૂર્ય સમા શ્રીમદ્‌ને પૂરેપૂરા આત્મસાત્ કરી જાણનારા સાબરકાંઠાના સંતો એથી તદ્દન સામા છેડે છે. એમને સાવ જ માપનું અક્ષરજ્ઞાન છે, પુરાણપુરુષ રામાબાવજીને તો એ પણ નહોતું. પરંતુ તેમ છતાં સહજ ભાવે કલાકો નહીં, દિવસોના દિવસો લગી એ ધાણી ફૂટ વાણી વહેતી મૂકતા રહ્યા. હાથવગા કોઈ મુદ્દા નહીં, કોઈ મુકરર કરેલો વિષય નહીં. જીભે ચડ્યું તે ઉચ્ચારી દીધું. પરંતુ એમના એ શબ્દોમાં આપણને શાશ્વતીનો રણકાર સંભળાય છે. બાળકો વિશે– સંતાનો વિશે વાત કરતા હોય ત્યારે જાણે જિબ્રાન આવીને એમની જીભે બોલતો હોય એવું લાગે. એમના ખોળિયામાં ક્યારેક રવીન્દ્રનાથ તો ક્યારેક ગાંધી પ્રવેશ્યા હોય એવું લાગે. ઉમાશંકરને ગોધમજીમાં શાળામાં ઉદ્‌ઘાટન માટે તેડાવેલા. બાવજીના દર્શનથી એવા અભિભૂત થઈ ગયેલાં કે એમના ચરણોમાં ઢળી પડેલા. 'આવા સંતની હાજરીમાં હું તો ઘણો નાનો માણસ ગણાઉં. ઉદ્‌ઘાટન હો કે ખાતમુહૂર્ત, બાવજીના હાથે જ શોભે.' આ મતલબના વેણ ગદ્‌ગદ્ કંઠે ઓચર્યા હતા એ વિશ્વચેતનાના કવિએ. બાવજી વિશે બહારના લોકો બહુ ઓછું જાણે છે, અને એ સ્વાભાવિક પણ છે. થોડાં વર્ષ અગાઉ બાવજીના **પરમ મિત્ર** (અનુયાયી કરતાં તેઓ પોતે એમના મિત્ર હોવાનું ભારપૂર્વક કહે છે), ગોધમજીના જ વતની શ્રી પ્રેમુભાઈ ઠાકરે મને આગ્રહપૂર્વક વિનંતી કરી કે તમે બાવજી વિષે મને દોઢસો–બસો પાનાંની એક ચોપડી લખી આપો. હું મારા ખર્ચે છપાવી લોકોને વહેંચવા માગું છું. બાવજી તો દેવલોક  પામ્યા. ધીરે ધીરે લોકો એમને ભૂલવા માંડ્યા છે. કારણ કે તેઓએ પાછળ કશું કમઠાણ રાખ્યું જ નથી. એમને પ્રસિદ્ધિ ગમતી નહોતી, એ ક્યારેય કોઈ પત્રકારને મુલાકાત આપવાની તત્પરતા ન દાખવતા. આશ્રમ કે મંદિર જેવું કશું બનાવ્યું નહીં, બનાવવાની છૂટ આપી હોત તો કોણ જાણે કેવડું મોટું સંસ્થાન ઊભું થઈ ગયું હોત. પણ બાવજીને તો એમાંય 'કર્મ' બંધાતાં વરતાય. એટલે એમના સેવકોએ એમની હયાતીમાં જે પ્રત્યક્ષ સત્સંગ માણ્યો તે કેટલાક રજુભા જેવા મુમુક્ષુઓએ એમની જ ભાષામાં ઉતારી દીધો અને એના ગ્રંથો જરૂર છપાયા, છતાં એક મુશ્કેલી તો રહી જ. બાવજીની તળપદી (આ સંતવાણીના અદ્‌ભુત ભાષાકર્મ વિશે પણ સંશોધન કાર્ય હાથ ધરવા જેવું છે.) કહેણીને યથાતથ, શ્રદ્ધાપૂર્વક ગ્રંથસ્થ કર્યા પછી એનું કહેવાતી 'શુદ્ધ' ભાષામાં રૂપાંતર તો થયું નહીં! ગ્રંથોના ખડકલા રચાયા પણ એ વાંચે કોણ? બલકે વાંચવા જાય તોય વાક્યે વાક્યે એકાદ શબ્દ એવો આવી ચડે કે એનો અર્થ ન તો વાંચનાર જાણતો હોય કે ન શબ્દકોશમાં શોધ્યો જડે. પ્રેમુભાઈએ બાવજીના એક જ ઇશારે મુંબઈનો ધીકતો ધંધો છોડી ગામડે આવી જવાનું સ્વીકાર્યું હતું. તમે વિચાર તો કરો : કરોડોમાં રમતો, મુંબઈમાં જામી પડેલો બિઝનેસમેન એક અકિંચન સંસારી ભગત – એ સમયે બાવજીને લોકો 'જેસંગ ભગત' કહેતા–નો શુકન ન ઉથાપી શકે એ કેવો પ્રભાવ! શબ્દમાં કેવી તાકાત કે ધંધાનો ઉલાળિયો કરી દઈને એક બ્રાહ્મણનો દીકરો ગામના મેલાઘેલા આંજણા પાટીદારનો આદેશ માની બેઠો! – એ પ્રેમુભાઈના આખા વ્યક્તિત્વમાં બાવજીના સહવાસથી નખશિખ પરિવર્તન આવી ગયું અને જેટલા ઉત્સાહથી વેપારધંધો કરતા હતા એથી અદકેરા ઉત્સાહપૂર્વક એમણે ઇડર પંથકની કાયાપલટ કરવામાં શક્તિ અને સંપત્તિ ખર્ચવા માંડી. પ્રેમુભાઈના ધર્મપત્ની આનંદીબહેને એમને આ સેવાકાર્ય–બલકે ભગવાનના કામમાં જોતરાવાની છૂટ ન આપી હોત તો? પણ એ સન્નારીએ ધર્મકાર્યમાં પતિનો પડછાયો બની એમને સાથ આપ્યો. આજે સાબરકાંઠા જિલ્લામાં આનંદીબહેન પ્રેમુભાઈ ઠાકરના નામની વિદ્યાની પરબો ધમધમી રહી છે. પ્રેમુભાઈએ જ્યાં જ્યાં દાન આપ્યું ત્યાં તકતી પત્નીના નામની લગાવડાવી.  બની શકે કે એમાં પણ બાવજીની જ પ્રેરણા કામ કરી ગઈ હોય. સંતોની કરુણા ક્યારેય આવી સામાજિક ક્રાંતિનો પણ સૂત્રપાત કરી શકે, તેનું નેત્રદીપક ઉદાહરણ આત્મા– પરમાત્મામાં રચ્યા પચ્યા રહેતા આ ગામડિયા બાવજી છે. ગોધમજીમાં અદ્યતન હૉસ્પિટલ છે. સરસ્વતી મંદિર સમી હાઈસ્કૂલ છે, છાત્રાલયો છે. આજે ગોધમજીથી લઈ શામળાજી સુધી શૈક્ષણિક સંસ્થાઓની હારમાળા દીપી રહી છે. એમાં પ્રેમુભાઈ અને એમના

પારિવારિક સ્નેહીજનો ઉપરાંત કેમલ ઈંકવાળા ગફુરભાઈ બીલખિયા જેવા મહાજનોની ઊજળી કમાણી પણ વપરાતી રહી છે.

**એમને આર્દ્ર હૃદયે જે રીતે વલવલતા જોયા છે એમાં મને શ્રીમદ્ પ્રેરિત 'ક્ષમાપના'નો જ પડઘો સંભળાય છે.**

સાબરકાંઠાના આ મોક્ષમાર્ગી સંતોએ ધાર્યું હોત તો મસમોટા આશ્રમો અને મંદિરો ઊભાં કરી શક્યા હોત. એ મુદ્દે આ ત્રણેય આત્મજ્ઞાની મહાત્માઓ એ હદે અનાસક્ત રહ્યા કે એમનો પ્રચાર-પ્રસાર માત્ર સાબરકાંઠાના ઈડર, હિંમતનગર, ભિલોડા પંથક પૂરતો સીમિત રહ્યો છે. રામાબાવજી ખેડબ્રહ્મા તાલુકાના વતની, પરંતુ એમનો સમાજ ઈડર પંથકમાં સમાજના તમામ વર્ગોને સાથે લઈને ચાલવા મથતા આ સંતોએ ક્યારેય કોઈ ચમત્કારો કે સાક્ષાત્કારનો વેપલો ન કર્યો, પરચા પૂર્યા તે પણ એમના સીમિત વર્તુળના સીધા સાદા ખેડૂત વર્ગના લોકોને! ક્યારેય એમણે જ્ઞાન-સાધના અને ભક્તિ માર્ગેથી વિચલિત થવાનું નથી સ્વીકાર્યું. માન-પાન, દેખાડાઓથી જોજનો દૂર ચાલતી રહી છે એમની આ **જાત ભણીની જાત્રા.** એ જાત્રામાં જોડાવાની સૌને છૂટ હતી, પરંતુ પ્રાદેશિક વલણો મુજબ એમની સાથે ઊજળિયાત ઉપલો વર્ગ કે નીચલો શ્રમિક વર્ગ ન જોડાઈ શક્યો, તેથી આ **અધ્યાત્મ ક્રાંતિ**નો વ્યાપ મર્યાદિત જ રહ્યો. ખુદ પાટીદાર સમાજમાં આ તો બધા શીરાના શ્રાવક 'ભક્તા'ઓનો ઝમેલો છે, એવી ટીકાઓ થતી રહી. બનવાજોગ કે જે પાંચેક હજારનું ટોળું બાવજી (હવે આ નામાભિધાન જેશંગબાવજી માટે રૂઢ થઈ ગયું છે. આદિ પુરુષ રામાબાવજી જેશંગલાલજી 'મોટા બાવજી'ને ફક્ત એકાદ વાર મળ્યા, પણ મળ્યા ત્યારે પેલો નરેન્દ્ર રામકૃષ્ણને મળેલો એવી દશામાં રામાબાવજીને એમનો 'કુકલો' મળી ગયો. એ કુકલાની છાતીમાં પેસી ગયા અને પછી ક્યારેય બહાર નીકળ્યા જ નહીં! માટે 'મોટા બાવજી' અને આ બે સંતો વચ્ચેના સેતુ સંત નાથુબાવજી માટે એમના ગામનું નામ જોડી 'મુનાઈ બાવજી' નામાભિધાન વપરાય છે. આથી જેશંગ બાવજી વિશેના મારા ચરિત્ર ગ્રંથનું શીર્ષક પણ મેં 'બાવજી' જ રાખ્યું હતું.) પાછળ વર્ષો સુધી ફરતું રહ્યું એમાં મુમુક્ષુ જીવો કરતાં આવા નિવૃત્ત, ઘરમાં અળખામણા થઈ ગયેલા પ્રૌઢો અને વૃદ્ધોની જ સંખ્યા વધારે હશે, પરંતુ સરવાળે જે વાતાવરણ સરજાતું એ તો ભક્તિનું, આત્મનિરીક્ષણનું અને માણસ તરીકે વધુ સારા માણસ બનવા મથતા ગ્રામીણોની **આધ્યાત્મિક કાર્યશાળા** જેવું જ લાગતું. ત્યાં સુધી કે જેમાં બાવજી મુખ્ય વક્તાની ભૂમિકામાં હોવા છતાં વચ્ચે વચ્ચે આ માર્ગે વળેલા અન્ય સમર્થ મહાત્માઓના પણ પ્રવચનો ચાલ્યા કરતાં. આ એક એવી શિસ્તબદ્ધ છતાં આયોજનવિહોણી ધર્મસભા હતી, જેના સંયોજક અને અધ્યક્ષ ઉપરાંત મુખ્ય વકતા બાવજી રહેતા. મેળાવડાનું નામ 'સત્સંગ મેળાવડો' રહેતું, એના વાચક ગામે ગામ પહોંચાડવામાં આવતાં, એમાં ખર્ચ કરનાર અતિ દીન ભાવે શ્રોતા સમુદાયમાં શોધ્યોય ન જડે એમ ખૂણામાં લપાઈને બેસી રહેતો. આમંત્રણ ગામ સમસ્તના મુમુક્ષુઓના નામે અપાતું, ટૂંકમાં વ્યક્તિ ઓગળી જતી અને સમષ્ટિ પ્રગટતી. આખું પર્વ ચેતનાના આવિષ્કારનું **ગ્રામોત્સવ પર્વ** બની રહેતું. ચોખ્ખા ઘીના સેંકડો ડબા રસોડે ખડકાતા. બાવજીનો મેળાવડો મેળવવો એ ગામ સમસ્ત માટે બહુ મોટી પ્રતિષ્ઠા ગણાતી. એ માટે મહિનાઓ બલકે વર્ષો લગી રાહ જોવી પડતી. મોરારિબાપુની રામકથા જેવો જ આનંદ ઉલ્લાસ છવાઈ જતો. આસપાસના ભક્તો, સાધુ મહાત્માઓને માનપૂર્વક નોતરવામાં આવતા અને બાવજી દરેકને એમની લારોલાર મંચ પર જ સમ્માનપૂર્વક બિરાજમાન કરાવી એમના જ્ઞાનનો પણ વચ્ચે વચ્ચે 'લાભ' અપાવતા રહેતા. અલબત્ત, એ બધાની ગામલોકો કે મેળાવડામાં બહારગામથી આવનાર મુમુક્ષુઓને મન ઝાઝી કિંમત ન હોય–એમને મન તો બાવજી જ ભગવાન હતા અને બાવજી જે કંઈ બોલે, તે એ બધા માટે હાજરાહજૂર ઈશ્વરની વાણી બની રહેતી. પછી ભલેને એ બાવજીનો ગુસ્સો હોય, એમણે સહજભાવે કોઈની 'ફિલ્મ' ઉતારી હોય!

પરંતુ ક્યારેય કોઈ પણ વક્તાને કે શ્રોતાને આવા મેળાવડાઓમાં અપમાનજનક વર્તાવ, રાજકીય સભાઓમાં રોજિંદી ઘટના બની ગયો છે એવા 'હુરિયા'નો અનુભવ નથી થયો. શું આ કોઈ નાની સૂની ઉપલબ્ધિ ગણાય?

મારા પિતાશ્રી તો શુદ્ધ સનાતની. શિવ ભક્ત. સવારે મહાદેવના દર્શન કર્યા વગર પાણી પણ ન પીતા. આજીવન એકાસણાં કર્યાં. એમને 'કૃપાળુદેવ' તે કોણ, એનીય જાણ થઈ હશે તો બાવજીના મેળાવડા થકી. પરંતુ એમને આર્દ્ર હૃદયે જે રીતે વલવલતા જોયા છે એમાં મને શ્રીમદ્ પ્રેરિત 'ક્ષમાપના'નો જ પડઘો સંભળાય છે. શ્રીમદ્‌કૃત 'મોક્ષમાળા'માં એનો પાઠ છે એ જ બાવજીના 'અમૃત સાગર'નું આમુખ છે. અક્ષર પણ બદલ્યા વગર બાવજી એનું રટણ સત્સંગ મેળાવડામાં કરતા-કરાવતા.

'હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનોને લક્ષમાં લીધાં નહીં. તમારા કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારા પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યાં નહીં. તમારા કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યા નહીં. હે ભગવન! હું ભૂલ્યો, આથડ્યો, રઝળ્યો અને અનંત સંસારની વિટંબણામાં પડ્યો છું. હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા! તમારા કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડ્યો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું. નીરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થાઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા

મને હજી લગી 'મોક્ષનો મોહ' જાગ્યો નથી. પહોંચેલા પુરુષોએ તો આ મુક્તિની ઈચ્છાને પણ કર્મબંધન જ ગણી છે.

સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નીરાગી, નિર્વીકારી, સચ્ચિદાનંદ સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારા કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ. હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ।

જીવ માત્ર પ્રત્યે ક્ષમાપના કરતા મારા ખેડૂત પિતા જૈન નહોતા, કે નહોતા પાળી શકતા જૈન ધર્મનો આહારવિચાર. એ તો બાજરીનો રોટલો અને ડુંગળી ખાનારા શ્રમજીવી ખેડૂત હતા. એ ક્યારેય ભગવાન મહાવીરના દેરાસરમાં પણ નહીં ગયા હોય અને છતાં એ જીવતે જીવ મરી ચૂક્યા હતા. એમાં એમનું પોતાનું તપ તો ખરું જ, પણ આવા લોકસંતોનોય ઉપકાર એ સ્વીકારતા. એમનાં દર્શન માટે ઉત્સુક રહેતા.

શ્રીમદ્‌નું ક્ષમાપના સ્તોત્ર ભગવાન મહાવીરને ઉદ્દેશીને રચાયું હશે, પરંતુ એ જ શબ્દો જનસાધારણ માટે એનાં પોતીકાં દેવ-દેવીઓ સમક્ષ ગદ્‌ગદ્ સ્વરે રજૂ થતા રહ્યા છે. આપણને એમ જ લાગે કે આ દેશનો અભણ મજૂર કે ખેડૂત પણ આ સ્તોત્ર તો ગળથૂથીમાં લઈને જન્મ્યો છે. આનું કારણ છે આપણી જુગજૂની પરંપરા, સંસ્કાર. જૈન ધર્મ તો અનેકાન્તનું પ્રબોધન કરે છે. દેવી ભાગવતમાં જગજ્જનની સમક્ષ ભક્ત આવી જ ક્ષમાપના ગુજારે છેઃ अपराध सहस्राणि... હે મા, હું કશું જ જાણતો નથી, તારું પૂજન-અર્ચન કરવાની વિધિથી હું અજ્ઞાન છું. હું શાસ્ત્ર-બાસ્ત્ર ભણ્યો નથી. મેં હજારો ગુના કર્યા હશે, ભૂલો કરી હશે–પણ તું તો મા છે ને! મને ઉદારતાપૂર્વક ક્ષમા કરીને મારી આ જે કંઈ पत्रं पुष्पं फलं तोयं વાળી સામાન્ય પૂજા સામગ્રી છે, એનો સહર્ષ સ્વીકાર કરજે. આદિ શંકરાચાર્યનું આ દેશની પ્રજા પર બહુ મોટું ઋણ છે. એમણે 'માનસ પૂજા'નો મહિમા કર્યોઃ 'યદ્ યદ્ કર્મ કરોમિ તદ્ તદ્ અખિલં શંભો તવારાધનમ્!' એમણે સમગ્ર અસ્તિત્વને જ પૂજાનો થાળ બનાવી દીધું. સમન્વયની સંસ્કૃતિ રચનાર શંકરાચાર્યે દેશના ચાર ખૂણે ચાર પીઠોનું નિર્માણ કરી પ્રજાને એક સૂત્રમાં બાંધવાનો ન ભૂતો ન ભવિષ્યતિ એવો મહાન પુરુષાર્થ કર્યો છે. એમણે શૈવ અને વૈષ્ણવો વચ્ચે સેતુરૂપ કામગીરી બજાવી. દક્ષિણમાં કાલટીમાં જન્મેલા આ મહાપુરુષે બત્રીસ વર્ષના ટૂંકા આયુષ્યમાં કેટલું બધું કામ કર્યું છે! દક્ષિણમાં જન્મેલા સંત ઉત્તરમાં કેદારનાથ ધામમાં સમાધિ લે છે. સંન્યાસ પરંપરાનો દ્રોહ કરી માતાને આપેલ વચન પૂરું કરવા એની ચિતાને અગ્નિદાહ આપવા દોડી પડે છે.

શ્રીમદ્ દેહ છોડવાં પૂર્વે–પાંચ કલાક પહેલાં નાનાભાઈ મનસુખને જે છેલ્લા શબ્દો કહે છે તે આ : 'મનસુખ, દુઃખ ન પામતો. માને ઠીક રાખજે. હું મારા આત્મ સ્વરૂપમાં લીન થાઉં છું. આદિ શંકરાચાર્ય અને શ્રીમદ્ રાજચંદ્ર વચ્ચે વય-સામ્ય જેવું જ આ માતૃકર્તવ્યનું સામ્ય છે. પોતે સમાધિસ્ત ભાવે વિદાય લેતાં અગાઉ એ માતાની ભાળવણ કરવાનું ભૂલ્યા નથી.

અદ્દલ આ જ બધી સાંસારિક જવાબદારીઓ સભાનપણે નિભાવવાનો બોધ સાબરકાંઠાના ગામડિયા સંતોની વાણીમાં પ્રગટતો રહ્યો છે. એક તરફ સમજવું અઘરું પડે એવું 'કેવળજ્ઞાન'નું તત્ત્વચિંતન, બીજી તરફ કોશિયાને પણ સમજાય એવું વ્યવહારજ્ઞાન. એ ઘરબાર છોડવાની વાત જ નથી કરતા, બલકે માતાપિતાથી લઈ તમામ સ્વજનો, ગ્રામજનો અને જીવ માત્ર પ્રત્યેની વણલખી ફરજો બજાવવાથી જ ભગવાન રાજી થશે, એવો ઉપદેશ આપે છે. આપણાં આશરે આવી પડેલું માણસ હોય કે ઢોર એમાં પણ ઈશ્વરને જ જોવાનું શીખવે છે. વૃદ્ધ માતપિતાને છણકા છાકોટા કરનાર સત્સંગમાં આવે એથી કંઈ એને ભગવાન ના મળે. સ્વર્ગ તો માતાના ચરણોમાં છે. પહેલી ફરજ એમની સેવાચાકરી કરવાની છે, એમના દિલ દુભાવીને ગમે તેટસલાં તીર્થ કરશો, મહાત્માઓના પગ પકડશો કે દેવમંદિરોમાં દાન આપશો તો કશું નહીં વળે. બધું જ પાણીમાં જશે. ખેડૂત વર્ગમાંથી આવતા હોઈ આ સંતો બળદ અને ભેંસ જેવા જાનવરોને પણ પરિવારનાં જ સ્વજન સમજે છે. એમના તરફ ક્રૂરતા કરનાર માટે પરમાત્માના ઘરમાં જગ્યા નથી. સંત વિનોબાને નાથુબાવજી અને જેસંગબાવજી એમની ભૂદાનયાત્રા નિમિત્તે મુકેટી મુકામે ધર્મશાળામાં મળવા ગયા હતા. તે સાંજે વિનોબાજીએ એમના પ્રવચનમાં આ સત્સંગનો આનંદ વ્યક્ત કરતાં ઉચ્ચારેલા શબ્દો નોંધવા જેવા છે. પ્રવચનની શરૂઆતમાં જ એમણે કહ્યું હતું કે આ સમગ્ર પર્યટન–પ્રવાસમાં સૌથી મોટો લાભ આજે મને એક સંત પુરુષના દર્શન થયાં તે છે.

શ્રીમદ્ તથા સાબરકાંઠાના લોકસંતોનું અધ્યાત્મદર્શન મારા જેવા 'બગડેલા' માણસને હજમ ન થાય એટલું અઘરું છે. હું નિખાલસપણે કબૂલું છું કે મને હજી લગી 'મોક્ષનો મોહ' જાગ્યો નથી. પહોંચેલા પુરુષોએ તો આ મુક્તિની ઈચ્છાને પણ કર્મબંધન જ ગણી છે. ખુદ શ્રીમદ્ એમની ઝવેરી બજારની પેઢીમાંથી મહાવીર સ્વામીની જન્મ જયંતીનો ભવ્ય વરઘોડો જોઈ એમની અંતરંગ આત્મદશાનું આલેખન કરતાં લખે છેઃ

'જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઈચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઈચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો ? હે કૃપાળુ, તારા અભેદ સ્વરૂપમાં જ મારો નિવાસ છે...ૐ શ્રી મહાવીર (અંગત)'

(ચૈત્ર સુદ ૧૩, ૧૯૫૨/મુંબઈ)

હું અંગત રીતે કહું તો મને મારી જે કંઈ નાનકડી દુનિયા છે, એની માયા મૂકવી આ વયે તો નહીં, કદાચ અંતિમ પળે પણ નહીં જ ગમે. હું

મમતાનો, કરુણાનો, પ્રેમનો પુદ્ગલ છું. બર્ટ્રાન્ડ રસેલ એમની આત્મકથાની પ્રસ્તાવનામાં ત્રણ 'પૅશન'ની વાત કરે છે: પ્રેમ, જિજ્ઞાસા અને કરુણા. પોતે આ ત્રણની ત્રિવેણીમાં તણાતા રહ્યા અને એમને ઈશ્વરની જરૂર જ ન પડી. ઈશ્વર હોય તોય શું અને ન હોય તોય શું! – એમના જેવી જ અદ્દલ મારી મનઃસ્થિતિ રહી છે એમ છતાં, મને શ્રીમદ્ અને એમને અનુસરી મોક્ષ માર્ગે પરવરતા આવા સંતો પ્રત્યે પૂરો આદર છે. સ્વામી વિવેકાનંદ જેવા સુધારાવાદી સાધુ અમારા સાબરકાંઠાના 'બાવજીઓ'ને **અકર્મણ્યતાના ઉપદેશકો** ભલે કહેતા હોય, હું એમને **સમાજચિંતકો** જ ગણું છું. પરંપરાથી ચાલ્યા આવતા સંસ્કાર મનુષ્યને દુષ્કર્મથી, અનાચારથી અળગો રાખી શકે છે. સાબરકાંઠાના આંજણા પાટીદારો અને એમના જ સગા સંબંધી એવા અમારા મહેસાણા જિલ્લાના કે બનાસકાંઠાના ચૌધરીઓના વાણી-વ્યવહારનો તુલનાત્મક અભ્યાસ કરવા જેવો છે. સાબરકાંઠાના આ ખેડૂતવર્ગમાં બહુ જ ઓછી ગુનાખોરી જોવા મળશે, લગભગ નહીંવત્. જ્યારે બીજા જિલ્લાઓના ચૌધરીઓ લડાયક છે, ઝનૂની છે. વ્યસનમાં ફસાયેલા છે.

**હાડકું ભાંગ્યું હશે તો પેલા ચેલિયાનું ભાંગ્યું હશે, એમાં મારે શી લેવાદેવા?'**

વહેવારુ દૃષ્ટિએ જોતાં આ સંતોના પ્રભાવમાં રહેતી પ્રજા સુખદુઃખમાં 'સમતા' જાળવી શકે છે. ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિને પરમાત્માનો પ્રસાદ ગણી આવી પડેલી આફતને પણ વેઠી લે છે – એમાં પણ એને પરમાત્માનો પ્રસાદ જ વરતાય છે. વળી, હું વિજ્ઞાનનો વિદ્યાર્થી, તબીબી ઉપાધિ ધરાવતો ડૉક્ટર – એથી ક્રોધ વગેરેથી કેટલું નુકસાન થાય તે જાણું, પરંતુ વાતવાતમાં પ્રતિક્રિયા આપ્યા વગર રહી ન શકું. ડગલે ને પગલે મારો **અહંકાર** મને કનડતો રહે. મારા કરતાં ચડિયાતું કોઈ હોઈ જ કેમ શકે, એવા ગુમાનને લીધે જ્ઞાનીઓ સામે પણ વાહિયાત દલીલો કરતો ફરું. એમની ભૂલો શોધતો ફરું અને મારા 'ઈગો'ને પોષતો રહું. આથી હું બી.પી.નો શિકાર થાઉં તો એમાં કોનો વાંક? પેલા મેળાવડામાં મહાલતા **ચેલાકાકા**નું બી.પી. કિશોરાવસ્થામાં હતું એટલું જ એમની અંતિમ ક્ષણે હતું. ઘરની ઓસરીમાં બારણાની વચ્ચોવચ્ચ બાવજીનો ફોટો લગાવેલો રાખતા. એક દિવસ ઉંદર કે ગરોળીની ઝપટમાં એ ગબડી પડ્યો એટલે ચેલાકાકા એને સરખો કરવા ટિપાઈ પર ચડ્યા. ફોટો સરખો કરવામાં એકાગ્ર ભગતજી ઊતરતી વેળાએ ચૂકી ગયા. એવા પડ્યા કે થાપાનું હાડકું ભાંગી ગયું. હું વિઝિટમાં ગયો. એટલી ફ્રેક્ચરની વેદના છતાં ભગતના હાકોટા ચાલુ હતા. મેં એમને ઍક્સરે પડાવવો પડશે એમ કહ્યું, તો કહે છે, 'ફોટા પડાવવાની શી જરૂર છે? હાડકું ભાંગ્યું હશે તો પેલા ચેલિયાનું ભાંગ્યું હશે, એમાં મારે શી લેવાદેવા?'

ભગતજીના દીકરા એમની પૂરેપૂરી સારવાર કરાવવા માગતા હતા. પૈસેટકે સુખી ઘર હતું. પણ ભગત માને તો ને? એમને સંકેત મળી ગયો કે હવે આપણું આણું આવી ગયું છે! એ ધરાર ન માન્યા. અન્નજળ છોડી દીધાં. એક તરફ પેલા ફ્રેક્ચરની પીડા, બીજી તરફ ભૂખતરસની વેદના. પરંતુ ચહેરા પર એક ઊંહકારો નહીં.

અદ્દલ આવી જ સ્થિતિ બાવજીના અંતિમ દિવસોમાં નજરે જોઈ હતી. પૅનક્રિયાસનું કૅન્સર. લિવર પકડાઈ ગયું હતું. ભક્તોએ અમદાવાદ-મોડાસાના શ્રેષ્ઠ ડૉક્ટરો પાસે ઉપચાર કરાવરાવ્યા. બાવજીએ હસતા મોઢે એ ઉપચારની વેદના પણ સહી લીધી. મોહનભાઈ (વક્તાપુર જિનવાળા) અને શિવુભાઈ જેવા સેવકોને નારાજ થોડા કરાય? પોતે જાણતા હતા કે હવે 'આણું' આવી ગયું છે, છતાં સમ-ભાવે બધાં જ ઉપસર્ગો જીરવતા રહ્યાં! દેહને દેવથી જુદો ગણનારા અને 'મમ-ભાવ' ત્યજી 'સમ-ભાવ' કેળવી ચૂકેલા, હજારોની મેદની વચ્ચે 'નિઃસંગ' સ્થિતિમાં રહેનારા સંતોને એમના સ્વજનો-પ્રિયજનોના મૃત્યુનો કે પોતાના અસહ્ય દુઃખ દર્દનો આઘાત નથી લાગ્યો. એમની નજર સામે જાણે યમરાજા હારી ગયો હોય એવું લાગતું. કારણ કે એમણે તો જીવતેજીવ મરી જવાની કલા હસ્તગત કરી લીધી હતી. રામાબાવજીએ એમના એકના એક પુત્રને એના મૃત્યુનો આગોતરો અણસાર આપી દીધો હતો: 'ભાઈ હરિભાઈ, હવે આગળનું ભાતું બાંધવા માંડો. તમારું આણું નીકળી ગયું છે!' કહી એમણે સગા હાથે પુત્રની નનામી તૈયાર કરી હતી. માયાના પુદ્ગલ જેવો દેહ નશ્વર છે અને આત્મા અમર છે, એની એવી તો દૃઢ પ્રતીતિ આ સંતોએ અનુભવી છે કે એથી એમના અનુયાયીઓમાંથી પણ મૃત્યુનો ભય સમૂળગો નાશ પામ્યો છે.

**સદેહે આ મનુષ્યાવતારમાં જ મોક્ષ મળી શકે છે અને મીણ માટીનો માણસ એની અસલ શક્તિ ઓળખે તો આ ભવમાં જ પરમાત્માપદે પહોંચી શકે છે, એવો ઉમદા વિચાર કેવળ જૈન ધર્મે આપ્યો છે.** આ વિચારનો પ્રસાર છેક સાબરકાંઠાના અંતરિયાળ ગામડાં સુધી પહોંચાડવાનું શ્રેય ત્યાંની સંત ત્રિપુટીના ફાળે જાય છે. એનું આદિ સ્રોત શ્રીમદ્ રાજચંદ્ર છે. મનુષ્યાવતારને સંસારમાં રહીને ઊજળો કરી બતાવનાર એ વિભૂતિઓના ચરણોમાં કોટિ કોટિ વંદન. સૌને આગોતરા મિચ્છામિ દુક્કડં... (પરિશિષ્ટ જૂઓ પાનું – ૧૯)

✷ ✷ ✷

(તા. ૨૮-૮-૨૦૧૪ના ૮૦મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલું વક્તવ્ય)

૧૩, ઐશ્વર્ય-૧, પ્લૉટ : ૧૩૨, સે. ૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧.
મો. : ૦૯૮૭૯૫૪૩૧૩૨.

**પરિશિષ્ટ-A**

**ઈડર અને રાજચંદ્ર**

- સંવત ૧૯૫૫માં ઈડરના મહારાજાએ શ્રીમદ્‌ની એક-બે વાર મુલાકાત લીધેલી. મહારાજાએ પૂછેલુંઃ 'રાજેશ્રી તે નરકેશ્રી'નો શો અર્થ ?

  શ્રીમદે જવાબ આપતાં કહ્યું હતું કે રાજપદની પૂર્વના પુણ્ય તપોબળથી પ્રાપ્ત થાય છે.

  પુણ્યના બે પ્રકાર છેઃ પુણ્યાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પુણ્ય. પુણ્યાનુબંધી પુણ્ય–આવા જીવો રાજસત્તાનો જીવ હિતાર્થે ઉપયોગ કરે છે અને ઉચ્ચ ગતિ પામે છે.

  પાપાનુબંધી પુણ્યો–આવા રાજાઓ એશઆરામ, ભોગવિલાસ, જુલમો કરી નરકગતિ પામે.

- ઈડરના મહારાજાએ પૂછ્યુંઃ આ ઈડર પ્રદેશ વિશે આપના શા વિચારો છે ?

  શ્રીમદ્ કહેઃ તમારો ઇડરિયો ગઢ, તે ઉપરના જૈન દેરાસરો, રૂઠી રાણીનું માળિયું, રણમલ ચોકી, મહાત્માઓની ગુફાઓ અને ઔષધિમય વનસ્પતિ જોઈ, આ દેશના વસનારાઓની સંપૂર્ણ વિજયી સ્થિતિ જણાય છે, તથા તેમની આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિનો તે પુરાવો આપે છે.

  શ્રીમદે સંકેત આપેલોઃ મહાવીર સ્વામી અને તેઓના શિષ્ય ગૌતમાદિ ગણધરો આ ઈડરના પહાડોમાં વિચરેલાનો અમને ભાસ થાય છે. તેઓના શિષ્યો નિર્વાણને પામ્યા; તેમાંનો એક શિષ્ય પાછળ રહી ગયલો તેનો જન્મ આ કાળમાં થયેલો છે. તેનાથી ઘણાં જીવોનું કલ્યાણ થવાનો સંભવ છે.

  પોતે અન્યત્ર જણાવેલ છે કે અમે ભગવાન મહાવીરના છેલ્લા શિષ્ય હતા.

- ઈડરના એ આંબા નીચે લલ્લુજી સ્વામી સહિત સાત મુનિઓને કૃપાળુદેવે બોલાવેલા. અહીં સમાગમ થયો, તેથી આંબો જાણે ત્રિલોકના સાર રૂપ કલ્પવૃક્ષ સમાન થઈ ગયો હતો.

  સત્સંગને કૃપાળુદેવે કલ્પવૃક્ષ સમાન ગણાવેલ છે.

  પરમ કૃપાળદેવ ઈડરમાં સાતે મુનિઓ સાથે ઘંટિયા પહાડ પર ચઢી ત્યાં એક વિશાળ શિલા પર બિરાજ્યા. સાતે મુનિઓ પણ તેમનો વિનય કરી નીચે બેઠા. તે વખતે શ્રીમદ્ બોલ્યા કે અહીં એક વાઘ રહે છે પણ તમે **નિર્ભય** રહેજો. પોતાને સંબોધીને શ્રીમદે જણાવ્યું, જુઓ, આ **સિદ્ધશિલા** અને **આ બેઠા તે સિદ્ધ.** અહીં અમે સિદ્ધનું સુખ અનુભવ્યું છે માટે આ જગ્યાનું વિસ્મરણ કરશો નહીં.

  પછી બધાને પદ્માસન વાળી બેસવાની આજ્ઞા કરી. 'દ્રવ્યસંગ્રહ' ગ્રંથની ગાથાઓ સમજાવી હતી.

  મુનિશ્રી દેવકરણજી આ સમાગમથી ખુમારીમાં આવી જઈ ઉલ્લાસપૂર્વક બોલી ઊઠેલાઃ અત્યાર સુધીમાં થયેલ સમાગમોમાં આ પરમગુરુનો સર્વોત્તમ સમાગમ છે. દેવાલય ઉપર કળશ ચડાવે તેમ આ પ્રસંગ પરમ કલ્યાણકારી અને સર્વોપરિ.

  –હીરામાણેક કાળકૂટ વિષ

  શ્રીમદ્‌ને મન આખી મુંબઈ સ્મશાન (પૃ. ૮૬)

**પરિશિષ્ટ-B**

લક્ષ્મીપુરા (ગલોડા, આઝાદી પછી નામ બદલાયું)

- ખલવાડની જગ્યા : ૨ એકર જેટલી. આ જગ્યા ગામના વાણિયાએ પોતાના નામે ચડાવી દીધેલી. બાવજીએ એ જગ્યા છોડી દેવા સમજાવ્યો, એનું ઉત્પાદન કૂતરાંને રોટલા અને કબૂતરને ચણ નાખવામાં વાપરવાનું વચન આપ્યું. ઉપરની શરતે ગામના યુવાન રામજીભાઈ છગનભાઈના નામે આ જમીન ચડાવી. ૩૫ વર્ષથી વધુ સમય માટે રામજીભાઈએ વહીવટ કર્યો. તે પછી આ જમીન ૨૦૦૭-૦૮માં જાહેર હરાજીથી વેચી, એની જે રકમ આવી તે લક્ષ્મીપુરા જીવદયા ધર્માદા ટ્રસ્ટના નામે મૂકી, જેના વ્યાજમાંથી આ પ્રવૃત્તિ ચાલુ જ છે.
- દર વર્ષે **રામનવમી**ની ઉજવણી રામજીબાપાના જન્મ દિવસ તરીકે ઊજવવામાં આવે છે અને મુમુક્ષુઓના સહયોગથી ૮-૧૦ હજાર માણસોને શીરો, દાળભાત શાક, લાડુનું જમણ આપવામાં આવે છે.
- ડૉ. સોનેજી (આત્માનંદજી) તથા અન્ય કોબાના મુમુક્ષુઓ પણ પધારતા હોય છે–'બાવજી'નું વિમોચન એમના જ વરદ્ હસ્તે થયું હતું.
- જીતા બાવજી ગામના સરપંચ, સેવા મંડળીના ચેરમેન અને તા. પં. પ્રમુખ સુધીનાં પદો પર રહેલા.
- જીતુ બાવજીની હયાતીમાં ચાલુ અમુક ખાનદાન (દરબાર) ઘરોમાં અનાજ, રોકડ પહોંચાડતા.

**અગમવાણી**

- **અનેક ચમત્કારો**
- બાવજીના બહેનનો વૈધવ્યયોગ આવી ગયો હોવાની આગોતરી જાણ. મુનાઈ સત્સંગમાં હતા ત્યાં સમાચાર મળ્યા. એમણે કહ્યું કે મેં જરૂરી સગવડ પેટીમાં મૂકી છે-ચૂડીઓ વગેરે.
- કુટુંબીઓ ભવાયા જોવા ગયા ત્યારે સૂચવેલું કે જરા બોલાવીએ તો તરત આવી શકો એમ છેવાડા બેસજો. બધા નીકળ્યા ત્યારે બા ભજન કરતાં હતાં. પા કલાકમાં માણસ બોલાવવા આવ્યો ! બાવજીએ તો વ્યવસ્થા કરી જ રાખી હતી !

  લોકો એમને 'કાળજીભા' કહેવા લાગેલા.

  પુત્ર હરિભાઈને પણ કહી દીધેલું કે 'આણું' આવી જવાનું છે-મોહમાયા છોડી દે.

# અંત:કરણ

❑ સંકલનકર્તા : સૂર્યવદન ઠા. જવેરી

અંતઃકરણ એટલે મતિજ્ઞાનનો ઉપયોગ. પ્રતિસમયે આપણી છદ્મસ્થ અવસ્થામાં મતિજ્ઞાનનો ઉપયોગ (૧) મતિજ્ઞાનાવરણીય કર્મ (૨) મતિજ્ઞાન (૩) મોહનીય કર્મ (૪) મોહભાવ (૫) મનોવર્ગણાના પુદ્ગલો તથા (૬) સુખ-દુઃખના વેદનનો બનેલ હોય છે.

મોહનીયકર્મ, મોહભાવ, મનોવર્ગણાના પુદ્ગલો તથા વેદન, એ મનોપયોગ એટલે કે મન છે.

મતિજ્ઞાનાવરણીયકર્મ અને મતિજ્ઞાન એ જ્ઞાનોપયોગ એટલે કે બુદ્ધિ છે.

ઉપયોગની અસ્થિરતા-ચંચળતા તથા ધારણા છે તે ચિત્ત છે.

આ કર્મજનિત ઔદયિક ભાવોમાં હુંપણું ને મારાપણું જે અહંત્વ ને મમત્વ છે તે અહંકાર છે.

જેવી રીતે ક્રોધ, માન, માયા, લોભને ભેગા એક જ નામ કષાય તરીકે ઓળખવામાં આવે છે; તેવી જ રીતે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારને ભેગા એક જ નામ અંતઃકરણ તરીકે ઓળખવામાં આવે છે. અંતઃકરણના ચાર વિભાગ તે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર.

કરણ એટલે જેનાથી કરાય તે સાધન. બહારના કરણોને બહિષ્કરણ કહેવાય છે. ભીતરના અભ્યંતર કરણને અંતઃકરણ કહેવાય છે. જીવનું છેલ્લામાં છેલ્લું અંતિમ અને સદા સાથે રહેનારું જો કોઈ સાધન (કરણ) હોય તો તે અંતઃકરણ છે. એ સાધનથી જીવ અધમાત્મા પણ બની શકે છે અને પરમાત્મા પણ બની શકે છે. બધો આધાર એ મળેલા સાધન-અંતઃકરણના ઉપયોગ ઉપર છે.

પ્રશ્ન એ થાય છે કે ભોગવે છે કોણ? શરીર, મન કે બુદ્ધિ?

ભોગવે છે તો મન જ. બુદ્ધિ તો ભોગ મેળવવાનો નકશો (રસ્તો-ઉપાય) તૈયાર કરી છૂટી પડી જાય છે. શરીર, ઈન્દ્રિયો તો ભોગનું સાધન માત્ર (પાત્ર) છે.

**મન** એ ઈચ્છા તત્ત્વ છે. બુદ્ધિ એ વિચાર તત્ત્વ છે. મન કહે એટલે કે ઈચ્છે, તે પ્રમાણે બુદ્ધિ વર્તે. તેથી બુદ્ધિને મનની પટરાણી કહેલ છે. દિલ (મન)ની રુચિ પ્રમાણે દિમાગ (બુદ્ધિ) ચાલે.

મન અને અહંકાર એ **મોહનીય કર્મ** છે.

મનમાંથી મોહ (ઈચ્છા) જાય તો અહંત્વ ને મમત્વ જાય.

પરિણામે અવળો હું કાર જાય તેથી સવળો હુંકાર તે આત્માકાર (ૐ) ઓમકાર જાગતા સોહંકાર થવાય.

**બુદ્ધિ** અને ચિત્ત એ **જ્ઞાનાવરણીય કર્મ** છે.

બુદ્ધિ એ આવૃત્ત એટલે કે સાવરણ જ્ઞાન છે. ચિત્ત એ ઉપયોગની ચંચળતા તથા ધારણા શક્તિ છે.

બુદ્ધિ એટલે કે મતિ ઉપરના આવરણો (પડળો) હટી જાય તો બુદ્ધ થાય. પરિણામે ચિત્તની ચંચળતા ટળી જાય અને ઉપયોગવંત સર્વજ્ઞ થવાય.

**જ્ઞાનાવરણીયકર્મ હોય ત્યાં દર્શનાવરણીય કર્મ હોય જ.** જેનું વિશેષ (વિશેષોપયોગ) આવૃત્ત હોય તેનું સામાન્ય (સામાન્યોપયોગ) પણ આવૃત્ત હોય જ.

જે કોઈ ચીજનું મન છે એટલે કે ઈચ્છા છે, તેનો અર્થ એ છે કે તે ચીજ છે નહિ અર્થાત્ તેનો અભાવ વર્તે છે. આમ જ્યાં **ઈચ્છા (મન-ભાવમન) હોય ત્યાં અવશ્ય અભાવ, અધુરાશ, કચાશ, ન્યૂનતા, અપૂર્ણતા હોય છે. આ અભાવ-અપૂર્ણતા જે છે તે જ અંતરાયકર્મ છે.**

આમ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર રૂપ અંતઃકરણ એટલે જ જ્ઞાનાવરણીયકર્મ, દર્શનાવરણીય કર્મ, મોહનીય કર્મ, અંતરાય કર્મ રૂપ ઘાતિકર્મ. એ સ્વરૂપના સ્વરૂપ એટલે કે મૂળભૂત સ્વભાવ અર્થાત્ મૌલિકતા ઉપર ઘાત કરનાર હોવાથી ઘાતિ કર્મ છે. એ પોતાના પોતાપણા ઉપર કઠુરાઘાત કરનાર છે. જે પોતાપણું ખોઈ બેઠો હોય તે દારૂના કેફમાં બેફામ વર્તનારા દારૂડિયા જેવો હોય.

મનમાં જે મોહ ને ઈચ્છા છે, તે મનને ઉલટાવવાથી એટલે કે મન, નમ થવાથી જાય. નમ થાય એટલે નમોકારના નમો ભાવમાં આવે. ન મન (મન-ભાવમન નથી તે)માં આવે તો અમન થાય. ઈચ્છા (મોહ-રાગ) રહિત વીતરાગ થાય.

તે જ પ્રમાણે મન જે વિચાર તત્ત્વ – બુદ્ધિ તત્ત્વ છે તે નમન (નમો)થી અમન થાય તો નિર્વિચાર – નિર્વિકલ્પ થાય. વિકલ્પરહિત થવાથી સર્વદર્શી–સર્વજ્ઞ થવાય.

આમ નમો–નમનથી અમન થતાં ઈચ્છા એટલે કે મોહનો ક્ષય થયેથી મોહનીયકર્મનો ક્ષય થાય છે. વીતરાગ થવાથી પૂર્ણતા આવે છે. અહીં આ ભૂમિકાએ પર સાપેક્ષ (પરેચ્છાથી ઊભો થતો) અંતરાય નાશ પામે છે.

જ્યાં ઈચ્છા નથી, ભય નથી ત્યાં ઉપયોગની અસ્થિરતા-ચંચળતા નથી. વાંચવાનું, વિચારવાનું, પૂછવાનું, સાંભળવાનું, સમજવાનું, ધારવાનું, લખવાનું, સંભળાવવાનું રહેતું નથી એવી ઉપયોગવંતતાની ઉપલબ્ધિ થાય છે.

ઈચ્છારહિત (મોહનીયકર્મ રહિત) વીતરાગ થયેથી વીતરાગતાના બળે દર્શન અને જ્ઞાન ઉપરના આવરણો તથા શેષ સ્વસાપેક્ષ સ્વરૂપ વેદનની આડેના અંતરાયોને હટાવીને અનંત દર્શન (સર્વદર્શીતા), અનંત જ્ઞાન (સર્વજ્ઞતા), અનંતસુખ (સર્વાનંદિતા), અનંતવીર્ય (સર્વ સામર્થ્ય કે સંપૂર્ણતા)ને પમાય છે. આ જ તો મોક્ષને હણનારા (હાનિ-ક્ષતિ) પહોંચાડનારા મોહના ક્ષય (નાશ)થી પ્રાપ્ત થતો મોક્ષ છે.

આમ નમસ્કાર મંત્ર–નમોકાર મંત્રના આલંબનથી મન સુમન થઈ નમનમાં આવે તો ભાવમનથી મુક્ત અમન થાય તો...

અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ, અનંતવીર્યરૂપ અનંત ચતુષ્કના ચમન (બાગ-ઉદ્યાન)માં સચ્ચિદાનંદમાં રમણ કરે.

અનંત સાથેથી સંબધિત હોવાથી જ મનની ઈચ્છાઓ, મનના વિચારો અંત વગરના અનંત છે. એ ખોટી દિશામાંના અનંતના વહેણને સાચી દિશાના અનંત તરફ વાળીએ તો ઈચ્છાની તૃપ્તિરૂપ વીતરાગતાને તથા વિચાર-વિકલ્પની તૃપ્તિ રૂપ નિર્વિકલ્પતા– સર્વજ્ઞતાને પામીએ.

મન સુમન બની નમનમાં આવી અમન થાય તો વીતરાગ થાય.

બુદ્ધિ સદ્‌બુદ્ધિ બની પ્રાજ્ઞ થાય તો સર્વજ્ઞ થાય.

ચિત્ત સચ્ચિત બની ચિદ્ થાય તો નિર્વિકલ્પ થાય.

અહંકાર અવળા અહંત્વ ને મમત્વને છોડે તો આત્માકાર-સોહંકાર થાય.

મન વીતરાગ થતાં જે પૂર્ણ સુખને પામે છે તે બારમું ગુણસ્થાન છે.

ચિત્ત ઉપયોગવંત સ્થિર થતાં જે નિર્વિકલ્પતાને પામે છે તે તેરમું ગુણસ્થાન છે.

અહંકાર સોહંકાર થઈ સર્વ સમર્થતા-સંપૂર્ણતાને પામે છે તે તેરમું ગુણસ્થાન છે.

અંતે યોગ વ્યાપારાના અભાવરૂપ અયોગીપણાને પામીને અદેહી–અશરીરી થવાથી પમાતી પરમ સ્થિરતા–નિષ્કંપતા– અકંપતા એ ચૌદમા ગુણસ્થાનની સ્પર્શનાએ પમાતું અવ્યાબાધ સુખ છે, જે સિદ્ધ લોકમાં સાદિ-અનંત રહેનારી સિદ્ધાવસ્થા છે.

સુખનું પ્રમાણ અને પ્રકાર Quantity અને Quality એના એ જ રહે છે પણ ભૂમિકા અનુસારે તે પૂર્ણતા, અનંતતા, અવ્યાબાધતાના વિશેષણો પામે છે; જેવી રીતે આઈ.એ.એસ. ઑફિસર હોદ્દા (પદ) અનુસારે સેક્રેટરી, કલેક્ટર, કમિશ્નર કહેવાય છે.

બહારના સાધનો એટલે કે ઉપકરણો છૂટી જતાં હોય છે, કરણ (શરીર)ની રાખ થતી હોય છે અને અંતઃકરણ પરમાત્મા થતું હોય છે.

સૌ ભવ્યાત્માના અંતઃકરણમાં અજવાળા થાય અને પરમપ્રકાશ સ્વરૂપ પરમાત્મત્વને પ્રાપ્ત કરે એ જ અભ્યર્થના! ✷✷✷

[ પં. પ. જ. ગાંધીની ચિંતવનાનું સંકલન. ]

૮૦૨, સ્કાય હાઈ ટાવર, શંકર લેન, મલાડ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૬૪.
ફોન : ૦૨૨-૨૮૦૬૭૭૮૭.

## અવસર

### આહોર (થાણા) નિવાસી જે. કે. સંઘવી પરિવાર આયોજિત ૧૧૧ દીક્ષાર્થીઓની ભવ્ય શોભાયાત્રા અને શાહી બહુમાન સમારોહ

પરમાત્મા મહાવીરના પાવન પંથે ચાલી પ્રવજ્યા અંગીકાર કરી શાશ્વત સુખને પામવા નીકળેલા મુમુક્ષુઓના બહુમાન કરવાનો અવસાર થાણાના આંગણે આવ્યો હતો. ફાગણ વદ ૯, તા. ૧૫ માર્ચ, ૨૦૧૫ ને રવિવારના પાવન દિવસે 'ગુણરત્ન સંવત્સર તપ'ના ધારક દિવ્ય તપસ્વીરત્ન પૂ. પં. શ્રી હંસરત્નવિજયજી મ.સા., પ્રવચનકાર પૂ. મુનિશ્રી તત્ત્વદર્શનવિજયજી મ.સા. આદિ ઠાણાએ શોભાયાત્રાના લાભાર્થી જે. કે. સંઘવી પરિવારના નિવાસસ્થાને પાવન પગલાં કર્યા અને ત્યારબાદ જે મુમુક્ષુઓના દીક્ષાના મુહૂર્ત આવી ગયા છે એવા ૧૧૧ દીક્ષાર્થીઓ તેમ જ મુમુક્ષુ પાવન મણિલાલ સત્રાનો ભવ્ય વર્ષીદાન વરઘોડો અને શાહી બહુમાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્ષીદાન એટલે સંસારના ભોગસુખોને ત્યાગીને યોગની દુનિયા તરફ જવા માટેનો અપૂર્વ અવસર. સવારના ૮.૦૦ કલાકે પ્રારંભ થયેલ આ વર્ષીદાન વરઘોડો બે કલાક સુધી થાણાના રાજમાર્ગો પરથી ફર્યો હતો. મુમુક્ષુ પાવનભાઈ સહિત તમામ ૧૧૧ દીક્ષાર્થીઓની શોભાયાત્રામાં ઉપસ્થિત ચતુર્વિધ સંઘે ભૂરિ અનુમોદના કરી હતી. થાણાના તમામ ભાવુકોએ આ માહોલને જ્યાં જગા મળી ત્યાંથી માણ્યો હતો. ઠેર-ઠેર પુષ્પવૃષ્ટિઓ થઈ હતી. આ શોભાયાત્રામાં શરૂઆતથી માંડીને અંત સુધી માનવ મહેરામણ ઊભરાયો હતો.સમગ્ર નગરજનોએ આ ત્યાગ માર્ગની પ્રશંસા કરી હતી.

બે કલાક ચાલેલી આ શોભાયાત્રા છેલ્લે મુનિસુવ્રત સ્વામી જૈન મંદિર ખાતે સભામાં પરિવર્તિત થઈ ગઈ હતી જ્યાં પૂ. ગુરુભગવંતોની પાવન નિશ્રામાં મુમુક્ષુ પાવન સહિત તમામ દીક્ષાર્થીઓનું શાહી બહુમાન કરવામાં આવ્યું હતું.

મુમુક્ષુ પાવનનો ભવ્ય વિદાય સમારોહ તા. ૧૫-૩-૨૦૧૫ને રવિવારના સાંજના ૭.૦૦ કલાકે ભવ્યતાથી યોજાયો હતો. આ વિદાય સમારોહની પ્રસ્તુતિ જૈનમ સંઘવી 'જે. કુમાર'એ કરી હતી જેમની વાણીએ મોડી રાત સુધી સર્વેને જકડી રાખ્યા હતા. સંગીતકાર પીયૂષભાઈ શાહની સંગીતમય સૂરાવલીથી આ વિદાય સમારોહને પ્રાણવંતો બનાવ્યો હતો. શ્રી સંઘના હરકોઈના મનમાં એક જ ઉદ્‌ગાર હતો કે અમારા શ્રી સંઘના લાડલા સંયમના માર્ગે સિધાવી રહ્યા છે. મુમુક્ષુ પાવને અત્યંત રોચક શૈલીમાં ભાવપૂર્વક પોતાનું સંસારીપણામાં અંતિમ વક્તવ્ય આપ્યું હતું તે સાંભળી સર્વેજનો સ્તબ્ધ થઈ ગયા હતા.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

# ૮૦ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

આ વ્યાખ્યાનમાળાના બધાં વ્યાખ્યાનો અને ભક્તિ સંગીત આપ સંસ્થાની વેબ સાઈટ ઉપર સાંભળી શકશો.
• Website : www.mumbai_jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

## (તા. ૨૨ ઑગસ્ટ ૨૦૧૪થી તા. ૨૯ ઑગસ્ટ ૨૦૧૪)

(ડિસેમ્બર ૨૦૧૪ના અંકથી આગળ)

**વ્યાખ્યાન-બાર : ૨૭ ઑગસ્ટ**

**વિષય : ભક્તિ અને જ્ઞાન**

**'જ્ઞાન એ ગદ્ય અને ભક્તિ એ પદ્ય છે'**

[ *ભાગ્યેશ જહાઁ કવિ છે. તેઓ ગુજરાત સરકારના માહિતી ખાતામાં કમિશ્નર છે. તેઓ સંસ્કૃતના જ્ઞાતા છે. સારા અભિનેતા પણ છે. તેમની પ્રતિભા બહુમુખી છે.* ]

ભાગ્યેશ જહાઁએ 'ભક્તિ અને જ્ઞાન' વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં આપેલું જ્ઞાન શ્રુતિ અને સ્મૃતિમાં સચવાયેલું છે. ઈશ્વરના દર્શન અને જાણવાનો નહીં પણ અનુભવ કરવાનું છે. અમેરિકામાં હ્યુસ્ટનમાં નાસ્તિકો માટે ચેનલ શરૂ થઈ છે. જગતને ભગવાનથી મુક્ત કરાવવું છે. જ્ઞાન માણસને અહંકાર આપે છે. આપણા ત્રણ ભાગ શરીર, મન અને આત્મા છે. આગામી સદીમાં લોકો ડીપ્રેશનથી મરશે. શ્રીકૃષ્ણ ભગવાન ભારતના કન્સલ્ટન્ટ છે. અર્જુન નિરાશામાં હતો ત્યારે શ્રીકૃષ્ણ ઉપદેશ આપે છે. શ્રીકૃષ્ણ કહે છે કે તારામાં કર્તાભાવ આવ્યો છે. ઈશ્વરના દર્શન તેને જાણવાથી નહીં પણ અનુભવવાથી થાય છે. જે રીતે દિગ્દર્શક નાટકનું દિગ્દર્શન કરે છે. તે રીતે જગતનું દિગ્દર્શન ઈશ્વર કરે છે. તેમ ઈશ્વર અનુભવ કરવાની બાબત છે. શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે જગતમાં સહુથી પવિત્ર વસ્તુ આત્મા નહીં પણ જ્ઞાન છે. આપણું અજ્ઞાન ફક્ત એક જ પ્રશ્ન દૂર છે. ભક્તિ એ વેવલાઈ નથી. પ્રેમની ચાર અવસ્થા છે. પહેલું, બાળકો-શિષ્યોને સ્નેહ કરીએ છે. બીજું, સમવયસ્કો સાથે પ્રેમ. ત્રીજું, વડીલો પ્રત્યે શ્રદ્ધા. ચોથું, ભગવાનની ભક્તિ. વાસ્તવમાં ભક્તિ એ પ્રેમ કે પ્રીતિ છે. યજ્ઞ વેળા સ્વાહા બોલીએ છીએ તે ત્યાગની ભાવના છે. જૈન ધર્મમાં ત્યાગનું વિશેષ મહત્ત્વ છે. ગીતામાં સ્થિતપ્રજ્ઞ શબ્દ છે. એ રીતે જૈન ધર્મએ ગુજરાતી ભાષાને 'વીતરાગ' શબ્દ આપ્યો છે. મીરાંબાઈએ વિશ્વને પ્રથમ દેખાડ્યું કે નૃત્ય કરતાં પણ સમાધિ લાગી શકે છે. શ્રીકૃષ્ણ ભક્તિની વાત કરે છે. બ્રહ્મને પૂજે એ કે પછી સગુણને પૂજે તે સારા? શ્રીકૃષ્ણ કહે છે કે જે વ્યક્તિ સગુણને પૂડે છે તે સારા છે. ધ્યાનરૂપ અવસ્થામાં અગુણનું પૂજા કરવી મુશ્કેલ છે. ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું, સંભવામિ યુગે યુગે. મને પ્રશ્ન થાય છે કે શ્રીકૃષ્ણ તમે કેમ આવ્યા નહીં? ચિત્તોડગઢમાં ફરતાં મને કાવ્યપંક્તિ સૂઝી–આરપાર આસપાસ અઢળક ઊભો છું. તમે પાછળ વળીને કળજો; તમે મીરાંની જેમ મને મળજો. તમે વેપારીની જેમ આવો તો હું નહીં મળું. ભગવાનની ભક્તિ કરવી સરળ છે. હરિનો મારગ છે શૂરાનો. ઈશ્વર સાથે જોડાવાની કોઈ ઉંમર નથી હોતી. ભક્તની અવસ્થા એવી છે કે જેને જગતમાં કશું પારકું લાગતું નથી. ભક્તિમાં જૈન, શિવ કે વૈષ્ણવ એવું લાગતું નથી. નવા સૂર્યનું અજવાળું નથી અને ચંદ્રની શીતળતા નથી એવી અવસ્થામાં કે સ્થિતિમાં આવું છું. આ ભક્તની અવસ્થા છે. શબરીમાં પ્રતિક્ષાનો મને આનંદ છે. આપણામાં પ્રતિક્ષા નથી. ઈશ્વર સાથે ગોપીભાવ કે રાધાભાવ હોવો જોઇએ તે નથી. કોઈકે રાધાને પૂછ્યું કે શ્રીકૃષ્ણ કેમ ગમે છે? તેમણે જવાબ આપ્યો કે મને ગમે એવું કરે છે? તેમણે જવાબ આપ્યો કે મને ગમે એવું કરે છે! એવું શું કરે છે કે તમને ગમે છે? રાધાએ ઉત્તર આપ્યો કે મૂર્ખાઓ જે કરે એ બધું મને ગમે છે. જ્ઞાનીને જ્ઞાનનો ભાર બહુ હોય છે. શંકરાચાર્યએ ક્ષમાપનાસ્તોત્ર લખ્યું છે. તે એક ભક્ત જ કરી શકે. શ્રીરામ અને શબરી વચ્ચે નવધા ભક્તિ વિશે વાત થઈ હતી. સત્સંગ, સત્સંગ કથામાં પ્રીતિ, કપટ છોડી પ્રભુ ગુણમાં રહેવું, ગુરુસેવા, સંયમ ઈન્દ્રિયનો નિગ્રહ, સમગ્ર જગતને સમભાવથી–રામમય જોવું. સંતોષથી જુઓ, ઈશ્વરમાં ભરોસો રાખી હર્ષ-શોકથી પર રહેવું. આ નવધા ભક્તિ છે. જે લોકો પ્રાર્થનાને શબ્દો ગણે છે તેઓ હજી પ્રાથમિક શાળામાં છે. પ્રાર્થના શબ્દ કે કવિતા નથી. પ્રાર્થના અવસ્થા છે. શ્રીમદ્ ભાગવતગીતા એ વિશ્વનું પહેલું એકમાત્ર 'પ્રી-વૉર ડીસ્કશન' એટલે કે યુદ્ધ પૂર્વેની ચર્ચા છે. અર્જુનને જે ભાવ આવ્યો કે હું સેનાપતિ છું. હું બધાને મારી નાખવાનો છું. આ 'હું'કાર જોખમી છે. આપણે કામ પુષ્કળ કરવાનું છે. પણ તેમાં કર્તાભાવ રાખવો નહીં. આ અહમ્ છે તે બહુ જોખમી છે. જ્ઞાન અને લાગણીનો સમન્વય કરવાનો છે. હું મારા અધિકારીઓને કહું છું કે તમે પ્રમોશન માટે શા માટે દોડાદોડ કરો છો? તમારી વિઝન સુધારો અને વિસ્તારો. ખેલકૂદના સચિવ હો તો તરવૈયાની આંગળી અમુક રીતે રહે તો તેની તરવાની ઝડપ વધે. આ પ્રકારની વિઝન સુધારો. આ રોબોમાંથી બહાર નીકળીને માણસ થવું છે અને માણસમાંથી ભક્ત થવું છે. મારા માટે કશું શુભઅશુભ નથી. મારી સામે જીવન જે રીતે આવશે તે રીતે હું તેને સ્વીકારીશ. સ્વામી વિવેકાનંદે અમેરિકામાં શિકાગોમાં કહ્યું હતું

કે તમે એક ભગવાનની વાત કરો છો. જ્યારે હું એકમાત્ર ભગવાનની વાત કરું છું. આપણે વિભક્ત (છૂટા) નથી. આપણે ભક્ત છીએ. ભક્તિમાં કષાયો દૂર કરવાની વાત છે. પર્યુષણ એટલે ભગવાનની પાસે રહેવું. આ આઠ દિવસ આપણે રિયાઝ કરવાનો છે. આપણે તેને દૈનંદિન ક્રિયા બનાવવાની છે. નરસિંહ મહેતા પાર્ટટાઈમ ન હોઈ શકે. નરસિંહ મહેતા સાત દિવસ અને ચોવીસ કલાક જ હોય. આપણે ભગવાનને 'સ્વ'નું સમર્પણ કરવાનું છે. ભગવાન હું તો આવો છું. તમને યોગ્ય લાગે તે કરો. જ્ઞાન એ ગદ્ય છે. ભક્તિ એ પદ્ય છે. બંનેની જરૂર છે. બંને એકમેકને પૂરક છે. શ્રદ્ધાનો વૉચડૉગ આપણું મન હોવું જોઈએ. જેથી શ્રદ્ધા અંધશ્રદ્ધા થઈ ન જાય. શંકરાચાર્યએ પણ કહ્યું છે કે હું ભગવાન નથી પણ આચાર્ય છું. આપણે એક એવી નદીમાં ઊભા છીએ કે જેના બે કિનારા જ્ઞાન અને ભક્તિ છે. પર્યુષણ આત્માની સાથે ભાવને ઓળખવાનું પર્વ છે. આપણે ઇશ્વરોન્મુખ થવાનું છે. આ પર્વમાં કષાયો દૂર કરવાના છે. અંતઃકરણની શુદ્ધતા પ્રાપ્ત કરીએ તો મીરાંની જેમ આપણને દેખાય. શરત એટલી છે કે આપણે તેમને મીરાંની જેમ મળવું પડે.

**વ્યાખ્યાન-૧૩ : તા. ૨૮-૮-૧૪**

**વિષય : નય પ્રમાણથી મન પ્રમાણ સુધી**

**સાત નય જીવનના સત્યોને સમજાવે છે**

[ *ડૉ. સેજલ શાહ પાર્લાની મણિબહેન વીમેન્સ કૉલેજમાં ૧૪ વર્ષથી ગુજરાતી વિભાગના વડા છે. તેમણે 'મુઠ્ઠી ભીતરની આઝાદી' પુસ્તક લખ્યું છે. તેઓ ગુજરાતી વિષયના બી.એ. અને એમ.એ.ના વિદ્યાર્થીઓને ભણાવે છે. તેમના લેખો 'નવનીત સમર્પણ'માં નિયમિત પ્રગટ થાય છે. તેઓ જૈનધર્મ અને તેના સાહિત્યમાં સંશોધન કરે છે.*]

ડૉ. સેજલ શાહે 'નય પ્રમાણથી મન પ્રમાણ સુધી' વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે સત્ય અને સુખ મનુષ્યની શોધ છે. તેના માટે તે અનંત અને સતત કાર્યરત રહે છે. આ શોધ જુદી જુદી દિશામાં લઈ જાય છે. ત્યારે જૈન ધર્મનો અનેકાંતવાદ રાજમાર્ગ ખોલી આપે છે કે આજુબાજુના સત્યને કેવી રીતે શોધી શકાય. આચારાંગ સૂત્રમાં જણાવાયું છે કે સત્યની આજ્ઞા ઉપર ઊભેલો બુદ્ધિમાન મૃત્યુને પણ તરી જાય છે. સત્ય નિત્ય છે, અનિત્ય છે, વાચ્ય છે અને અવાચ્ય છે. સત્યને પંડિતોએ ભિન્ન ભિન્ન રીતે રજૂ કર્યું છે. જે. કૃષ્ણમૂર્તિ કહે છે કે સત્ય સતત બદલાયા કરે છે. પંડિત સુખલાલજી કહે છે કે સત્ય એક જ છે પણ મનુષ્ય તેને ગ્રહણ કરી શકતો નથી. મૂળતત્ત્વમાં એક વાત કહેવાઈ હોય. તે તત્ત્વની ઉપર આધાર હોય. ઘણીવાર આપણે તે આધારને પકડી લઈએ છીએ. અને અંદરની વાત બાજુમાં સરી જાય છે તેનો ખ્યાલ રહેતો નથી. અનેકાંતવાદ આપણને સરવા દેતો નથી. અનેકાંતવાદ કહે છે કે કોઈના પણ મતનું ખંડન કર્યા વિના હું મારા મનને સ્થાપિત કરી શકું છું. માત્ર આમ નહીં પણ આમ પણ હોઈ શકે. સંસ્કૃતનો વિદ્વાન યુરોપ જાય તો થોડા સમય માટે નકામા બની જાય. તેનો અર્થ એવો નથી કે તેઓ મૂર્ખ છે. મુંડકોપનિષદ કહે છે કે સત્ય એ મેધા અને શ્રુતિથી પર છે. જેના અનેક અંત હોય તે અનેકાંત. અનેકાંતવાદને કઈ રીતે પામવું તે માર્ગ સ્યાદ્‌વાદ બતાવે છે. સ્યાદ્‌વાદ અનેકાંતને લોજીકલ રીતે સમજાવે છે. સ્યાદ્ એટલે નિશ્ચિત એવો અર્થ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. શબ્દને આ ચાર અપેક્ષાથી તપાસવો જોઈએ. સ્યાદ્‌વાદ એ તો એક વિચાર છે લોજીકલી પામવાનો. તેનું સાધન શું છે પામવાનું–નય પ્રમાણ કે નયવાદ. નય એટલે જ્ઞાન. સાત નય છે. તે જુદી જુદી વિચારવાની શક્યતા આપે છે. તેનાથી વસ્તુને તપાસી શકીએ છીએ. નય પ્રમાણથી પછી મનને પ્રમાણવાની વાત. મન કહે તેમ કરવા આપણે ટેવાયેલા છીએ. જ્ઞાનમાં શું જોવું ? ગુણ, ધર્મ અને સ્વરૂપ. આપણા માટે સમજીએ તે જ્ઞાનાત્મક નય. બીજા માટે તે વચનાત્મક નય. હું રજૂ કરું છું તે વચન છે તેને સ્વીકારવું કે નહીં તે બીજાએ નક્કી કરવાનું છે. પ્રમાણ ચાર પ્રકારે આપણી સામે આવે છે. પ્રત્યક્ષ પ્રમાણ–આ ઘડિયાળ છે તેને હું મારી ઈન્દ્રિયો દ્વારા સમજી શકું છું. અનુમાન પ્રમાણ–આના જેવી ઘડિયાળ મેં બીજે ક્યાંય જોઈ છે પણ બીજા દેશમાં તેને વૉચના નામે ઓળખે છે. તે દેશની પ્રજા તેને વૉચ કહે છે. મારા દેશમાં તેને ઘડિયાળ અને બીજા દેશમાં વૉચ કહેવાય છે. ઉપમાન પ્રમાણ–બે વસ્તુ ઘણીખરી સરખી લાગે. ચુનાનું અને દૂધનું પાણી સરખું લાગે. આપણે ચાખીને તે નક્કી કરવાનું છે. અનુભૂતિ દ્વારા ઉપમાન પ્રમાણને પામીએ છીએ. આગમ પ્રમાણ–તે શ્રદ્ધાનું પ્રતીક છે. જે છે તેનો શ્રદ્ધાથી સ્વીકાર કરવો. નયના સાત પ્રકાર છે. પહેલું દ્રવ્યાર્થીક નય એ ઉપરછલ્લી વાત કરે છે. તેમાં વસ્તુ સાથે જોડાયેલા પરિમાણને સમજવાના છે. દ્રવ્યનો અર્થ સમજવાનો છે. તેમાં ત્રણ ભાગ પડે છે. બીજું પર્યાયાર્થીક નય. તે સૂક્ષ્મમાં જવાની વાત છે. તેના ચાર ભાગ એટલે કે નય છે. અનેકાંત સત્યને પ્રત્યેક દિશાથી સ્વીકારીએ. સ્યાદ્‌વાદ સત્યના લોજીકલ તર્કને આપણને સમજાવે. એ લોજીકલ તર્કને ચાલવાનો રાજમાર્ગ છે તે નય છે. તે નયને પામવાના સાત પ્રકાર છે. **પહેલો નયગમનય**–નવ દિવસ પછી રૂપાબહેન અમેરિકા જવાના છે. તેઓ મારા ઘરે આવીને કહે છે કે હું અમેરિકા જાઉં છું. વ્યાકરણની દૃષ્ટિએ આ વાક્ય ખોટું છે. પણ તે અમેરિકા જવાના છે અને મને કહે છે કે તે અમેરિકા જવાના છે તેનો આપણે સ્વીકાર કરીએ છીએ. મકાનની ભીંત પડે કે છત પડે ત્યારે આપણે કહીએ છીએ મકાન પડી ગયું છે. ઘણી બહેનો કહે છે કે તેઓ લોટ દળાવા જાય છે પણ વાસ્તવમાં તેઓ અનાજ દળાવા જતા હોય છે. **બીજો સંગ્રહનય**–આ કલેક્ટીવ એપ્રોચનો નય છે. આ હૉલમાં લોકો કે મનુષ્યો બેઠા છે. તેમાં મહિલા કે બાળકોની વિગતો અપાતી નથી. આ શાહ પરિવાર સારો છે. તેના બધા જ વ્યક્તિ કદાચ સારા ન પણ હોય. **ત્રીજો વ્યવહારનય**– અહીં વ્યક્તિગત એનાલીસીસ કે એપ્રોચની વાત કરે છે. પ્રાણી આ હૉલમાં પ્રવેશ્યું. એક આંખવાળું કે

બે આંખવાળું? પૂંછડીવાળું કે પૂંછડી વગરનું? કોણ છે? વસ્તુને આપણે વર્તમાનમાં સ્વીકારી, પછી સંગ્રહનયમાં સ્વીકારી. વસ્તુ આપણી પાસે આવે પછી આપણે તેનું વિશ્લેષણ કરીએ છીએ. **ચોથો રુજુનય**–સ્થૂળ અને સૂક્ષ્મ એ બંને રીતે વર્તમાન અવસ્થાને દેખાડે. વર્તમાનકાળમાં એ વસ્તુ શું છે તેના આધારે નિશ્ચય કરવાનો છે. આ ઘડિયાળ અહીં ચાલી રહી છે. તેને કોઈક બહેન લઈ જાય તો અહીં ઘડિયાળ નથી. જો તે છે તો તેનો સ્વીકાર કરો. જો તે ન હોય તો તેનો સ્વીકાર ન કરો. અત્યારે શું પરિસ્થિતિ છે? પાણી ઠંડું છે કે ગરમ? વૈજ્ઞાનિક રીતે સત્યને સ્વીકારવાની વાત છે. **પાંચમો શબ્દનય**–વસ્તુ વિશે વપરાતા લિંગ, વચન અને કાળનો અર્થ વ્યાકરણભેદે અલગ અલગ હોય. ગ્રામેટિકલ એપ્રોચ (વ્યાકરણલક્ષી અભિગમ)નો આ નય છે. ચોક્કસ વસ્તુ માટે ચોક્કસ શબ્દનો ઉપયોગ કરવો પડે. અહીંયા મનુષ્યો બેઠા છે એમ ન કહી શકાય. અહીં ભાઈઓ અને બહેનો બેઠા છે. અહીંયા ગ્રામેટીકલ અર્થને જોવાનો છે. પુરુષ એ પુરુષ અને સ્ત્રી એ સ્ત્રી એ સ્પેસિફીક અર્થ સ્પેસિફિક વ્યાકરણ સાથે જોડાય ત્યારે શબ્દનય બને છે. **છઠ્ઠો સમવીરૂઢ નય**–કૃષ્ણના અનેક નામ છે. દરેક નામનો અર્થ હોય છે. કુંભ શબ્દનો અર્થ અલગ સંદર્ભમાં ગણાય. કળશ અથવા ઘડા શબ્દ વાપરશો તો તેના સંદર્ભ બદલાશે. તેમાં સંદર્ભ પ્રમાણે અર્થ બદલાય છે. રામાયણમાં જટાયુએ રામભક્તિ માટે રાવણ સાથે લડીને પ્રાણોની આહુતિ આપી. સીતાંશુ યશશ્ચંદ્રની કવિતામાં 'જટાયુ' આપણે છીએ. આપણે પરંપરામાંથી છૂટા પડીએ ત્યારે સહન કરવું પડે. સલામતી, સંદર્ભ અને પરંપરામાંથી બહાર આવીએ ત્યારે તમારો સંહાર નક્કી. તેનું કારણ આ નવયુગ છે. **સાતમો એવંભૂતનય**–આ નય કહે છે કે ક્રિયા પ્રમાણે માપો. કલાકાર હંમેશાં કલાકાર હોતો નથી. પુરુષ કામધંધેથી થાકીને ઘરે આવે ત્યારે પત્ની બહાર જવાની જીદ કરે. પત્ની સમજે કે પતિ અનેક ટેન્શનમાંથી ઘરે આવ્યો છે. તે મારા પતિ ઉપરાંત ઑફિસનો કર્મચારી પણ છે. આ વાત પત્ની સમજી જાય તો સંઘર્ષ ટળી શકે. પતિ એમ વિચાર કરે કે મારું ટેન્શન ઉંબરાની બહાર મૂકી દઉં તો? સંઘર્ષ સહજ રીતે ટળી શકે. એક વસ્તુને આપણે તેના સંદર્ભમાં પ્રમાણે જોઈએ. અત્યારે શું ક્રિયામાં છે અને એ ક્રિયા પ્રમાણે તમારી પાસે અપેક્ષા રાખું છું. એ અપેક્ષા જો પૂરી કરી શકીએ તો એવંભૂત નયને સમજી શકીએ. આવા આ સાત નય જીવનના સત્યોને સમજાવે છે. સાતે સાત નયને સાથે જોડીએ ત્યારે એક ચિત્ર ઊભું થાય છે. સાત નયનો સમજણથી સ્વીકાર કરવો જરૂરી છે. એક વસ્તુ અનેક રૂપમાં હોઈ શકે અને અનેક શક્યતા પણ હોઈ શકે. ફ્રાન્સના ચિંતક દેવીલાએ કહ્યું છે કે આ જગતમાં કશું જ પૂર્ણ અથવા મૌલિક નથી. એકબીજા સંકેતો એકબીજા સાથે પડેલા છે. સંકેતો સાથે જોડશું તો આપણને સંપૂર્ણ સત્ય મળશે. સંકેતો પરંપરાથી જોડી શકાય અને વર્તમાન સંદર્ભોમાંથી પણ જોડી શકાય. આટલી સરળ સમજ નય આપતું હોય તો આપણે તેનો સ્વીકાર કરી શકીએ.

**વ્યાખ્યાન-૧૪ : તા. ૨૮-૮-૧૪**

**વિષય : શ્રીમદ્ રાજચંદ્ર અને સાબરકાંઠાના સંતો**

**ઈડર પંથકમાં સંતોએ પાથરેલું અધ્યાત્મનું અજવાળું અકબંધ છે**

[ *ડૉ. કેશુભાઈ દેસાઈ ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર છે. એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરી થોડાં વર્ષો સાબરકાંઠામાં તબીબી પ્રેક્ટીસ કર્યા પછી છેલ્લાં બે દાયકાથી તેઓ સાહિત્યસર્જન કરે છે. તેમણે ભાષાંતરો સહિત ૭૫ જેટલાં પુસ્તકો લખ્યાં છે. તેમની નવલકથાઓનો અન્ય ભાષામાં પણ અનુવાદ થયો છે. તેમની નવલકથા 'ફૂલજોગણી'ને નંદશંકર ચંદ્રક પ્રાપ્ત થયો છે. એઓશ્રીનું પૂરું વક્તવ્ય આ અંકમાં લેખ સ્વરૂપે પ્રકાશિત છે. જિજ્ઞાસુઓને એ વાંચવા વિનંતી.* ]

**વ્યાખ્યાન-૧૫ : તા. ૨૯-૮-૧૪**

**વિષય : સંગીતમય નવકાર**

**સ્વરથી ઈશ્વર સુધી પહોંચવાનો સુલભ માર્ગ સંગીતમય નવકાર છે**

[ *ડૉ. રાહુલ જોશી સંગીત અને તબીબી ક્ષેત્રમાં જાણીતું નામ છે. તેઓ હોમિયોપથીમાં અનુસ્નાતકની ડીગ્રી ધરાવે છે. તેઓ મહારાષ્ટ્રના રાજ્યપાલના માનદ્ હોમીયોપાથ તબીબ છે. તેઓ દક્ષિણ મુંબઈની સૈફી અને એલીઝાબેથ હૉસ્પીટલ સાથે સંકળાયેલા છે. સંગીત ક્ષેત્રે તેમના પ્રથમ ગુરુ તેમના પિતા ડૉ. પ્રકાશ જોશી છે. તેમણે મુંબઈ વિદ્યાપીઠમાંથી સંગીતવિશારદ અને એમ.એ. (શાસ્ત્રીય સંગીત)ની ડીગ્રી મેળવી છે. છેલ્લા ૧૨ વર્ષથી હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતની તાલીમ મેળવી રહ્યા છે.* ]

'સંગીતમય નવકાર' વિશે વ્યાખ્યાન આપતા ડૉ. રાહુલ જોશીએ જણાવ્યું હતું કે સંગીતમાં સાત સૂર હોય છે. શરીરમાં સાત આધ્યાત્મિક ચક્ર હોય છે. સ્વરથી ઈશ્વર સુધી પહોંચવાનો સુલભ માર્ગ સંગીતમય નવકાર છે. નવકાર મંત્ર ગાવાથી બધી પીડા દૂર થાય છે. તેના વડે આપણે ઈશ્વર સાથે જોડાઇએ છીએ. સ્વત્વને ભૂલીને શિવ સુધી પહોંચીએ છીએ. નવકારનો સંબંધ સંગીત અને રાગ સાથે આવે ત્યારે બધા ચક્રો ઉદ્દ્યુત થાય છે. તે બધા ચક્રો સમતોલ થાય છે. ઈશ્વર સુધી સહજતાથી પહોંચી શકીએ છીએ. સવારનો રાગ ભૈરવ છે. આપણાં શરીરના બધા ચક્રો સંગીતથી જોડાયેલા છે. સંગીતકારોએ અલગ અલગ પ્રહરો માટે અલગ રાગ બનાવ્યા છે. સૂરમાં ગાઈએ ત્યારે બધા ચક્રો ઉદ્દ્યુત થાય છે. સવારે ૧૧ વાગે ગાવાનો રાગ જૈનપુરી છે. મનમાં ભાવ સારો હોય અને ચિત્ત નિર્મળ રાખીને નવકાર ગાવાનો હોય છે. બીજું ચક્ર સ્વાધીસ્ટાન ચક્ર છે. કામ, ક્રોધ, માયા જેવા રિપુઓને આપણે જીતવાના છે. પહેલાં ક્રોધને જીતવાનો છે. અહમ્, દ્વેષ અને ઈર્ષ્યા જીવનમાં હોવા ન જોઈએ. ત્યારપછી પ્રેમ, અહિંસા અને ક્ષમાનું ચક્ર છે. આજે મિચ્છામિ દુક્કડમ્ કહેવું જોઈએ. હૃદયરોગનું પ્રમાણ વધ્યું તેનું કારણ માત્ર કોલેસ્ટોરલ નથી. પેલાએ મને આમ કહ્યું અને પેલાએ મને તેમ કહ્યું એ બધી વાત આપણે મનમાં રાખીએ છીએ.

તેથી હૃદયરોગનું પ્રમાણ વધે છે. માણસનો અવાજ બે કે અઢી સપ્તક અને મહત્તમ ત્રણ સપ્તકમાં ગાઈ શકે. ચક્ર ખુલે એ સાથે અવાજ ખુલે છે એમ ડૉ. રાહુલ જોશીએ ઉમેર્યું હતું.

ડૉ. રાહુલ જોશીએ નાભિથી બ્રહ્મનંદ સુધીના સાત ચક્રોની વાત કરી હતી. ડૉ. જોશીએ ભૈરવ, જૌનપુરી, ભીમપલાશ, બાગેશ્વરી, યમન, દરબારી કાનડા અને માલકૌશ એમ સાત રાગોમાં નવકારમંત્ર સંભળાવીને શ્રદ્ધાળુઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

| વ્યાખ્યાન-૧૬ : તા. ૨૯-૯-૧૪ |
| --- |
| વિષય : ક્ષમાપના જૈન ધર્મ ઔર અન્ય દર્શનો મેં |
| ક્ષમા એ અહિંસાનું સર્વોત્કૃષ્ટ રૂપ છે. |

[ *ડૉ. જી. સી. ત્રિપાઠી ઈન્ડોલોજી અને સંસ્કૃતના જાણીતા વિદ્વાન છે. તેમણે ૩૩ વર્ષ સુધી વિવિધ કૉલેજ અને યુનિવર્સિટીમાં અધ્યાપનકાર્ય કર્યું છે. વર્ષ-૨૦૦૫માં તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામના હસ્તે તેમને આધુનિક સંસ્કૃતના વિદ્વાન તરીકે સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. તેમણે સંસ્કૃત ભાષામાં અનુસ્નાતકની ડીગ્રી સુવર્ણચંદ્રક સાથે મેળવી છે. તેમણે પીએચ.ડી. અને એમ.ફીલ.ની ડીગ્રી પણ મેળવી છે. તેઓ અંગ્રેજી ઉપરાંત જર્મન, ફ્રેન્ચ અને લેટિન જેવી વિદેશી ભાષાઓ પણ જાણે છે.*]

ડૉ. જી. સી. ત્રિપાઠીએ 'ક્ષમાપના જૈન ધર્મ ઔર અન્ય દર્શનો મેં' વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે પર્યુષણ આત્મશુદ્ધિ અને અંતરમુખી થવાનું પર્વ છે. છેલ્લા એક વર્ષમાં શું સારું કર્યું ? ખરાબ કામ શું કર્યું ? મેં કરેલા ખરાબ કૃત્યો કે અપરાધોને કેવી રીતે સુધારું ? સારો શ્રાવક અને સારો માનવ કેવી રીતે બનવું તેનો વિચાર કરવો જોઈએ. જૈન ધર્મની અલંકાર સમાન ગાથા છે– બધા જીવોને હું માફ કરું છું અને તેઓ બધા મને માફ કરે. મારું કોઈ સાથે વેર નથી. બધા સાથે મિત્રભાવ છે. આ ગાથા ક્ષમાભાવને વ્યક્ત કરે છે. વેરથી વેરનું શમન થતું નથી. વેરથી વેર વધે છે. પથ્થર સાથે પથ્થર ટકરાય તો તણખા જ ઝરે. વેર એક કષાય છે. તેમાંથી મુક્ત થવાનું છે. બીજાને માફ કરીને મૈત્રીભાવથી જોડાઈએ છીએ. ક્ષમાને કારણે આપણા હૃદયમાં પ્રસન્નતા અનુભવાય છે. ક્ષમા એ બળવાન વ્યક્તિનું લક્ષણ છે. આપણા શાસ્ત્રોમાં કહેવાયું છે કે ક્ષમા વીરોનું આભૂષણ છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે અહિંસા એ વીરનું લક્ષણ છે. અહિંસા બતાવે છે કે અમે તમારું ખરીબ કરી શકીએ છીએ પણ અમારામાંના સદ્‌ગુણોને કારણે અમે તેમ નહી કરીએ. અમે તમારા જેવા નિર્બળ વ્યક્તિ ઉપર તે નહીં કરીએ. કાશ્મીરના તત્ત્વચિંતક ક્ષેમેન્દ્ર કહે છે કે મનુષ્યનું ભૂષણ રૂપ છે. રૂપનું ભૂષણ ગુણ છે. ગુણનું ભૂષણ જ્ઞાન છે. જ્ઞાનનું ભૂષણ ક્ષમા છે. ધન, શક્તિ અને વિદ્યા મનુષ્યને ગર્વિષ્ઠ બનાવે છે. મનુષ્યએ નમ્ર થવું જોઈએ. સરળતા એ ઊંચાઈનું લક્ષણ છે. એકવાર ઋષિઓએ દેવોમાં સહુથી નમ્ર કોણ છે ? તેની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. તેઓ બ્રહ્મા પાસે ગયા અને કહ્યું, તમે વિશ્વનું સર્જન કરીને દુ:ખ સર્જ્યું છે. તમે વિચિત્ર અને વાંકાચૂંકા પ્રાણીઓ બનાવ્યા છે. બ્રહ્મા ક્રોધીત થયા એટલે ઋષિ ચાલ્યા ગયા. શિવજીને કહ્યું, તમે ગળે સાપ લટકાવો છો. યોગ્ય વસ્ત્રો ધારણ કરતા નથી. શિવજીએ ક્રોધમાં આવીને ત્રિશુળ ઉઠાવ્યું એટલે ઋષિઓ ત્યાંથી ચાલ્યા ગયા. ત્યારપછી શેષનાગની શૈયા ઉપર સૂતેલા વિષ્ણુ પાસે ગયા અને તેમની છાતીમાં લાત મારી. તેથી વિષ્ણુ ઊભા થઈ ગયા અને બે હાથ જોડીને ઋષિઓને પૂછ્યું. તમારા મૃદુ ચરણ મારી કઠોર છાતી ઉપર અથડાયા તેનાથી તમને વાગ્યું તો નથી ને ? વાગ્યું હોય તો મને ક્ષમા કરો. ત્યારપછી બધા ઋષિઓએ વિષ્ણુને સહુથી મહાન દેવ તરીકે ગણવાનું નક્કી કર્યું. આ કથા શ્રીમદ્ ભાગવતમાં આવે છે. ક્ષમા એ બળવાન માટે ભૂષણ અને નિર્બળ માટે રક્ષા કવચ છે. ભતૃહરિ કહે છે કે જ્યાં શાંતિ અને ક્ષમા હોય તો કવચ ધારણ કરવાની જરૂર નથી. જો તમારામાં ક્રોધ હોય તો તે શત્રુની ગરજ સારે છે. ક્રોધ અનેક રોગ અને બિમારીને નોતરે છે. ક્ષમા એ અહિંસાનું સર્વોત્કૃષ્ટ રૂપ છે. ક્રોધ હોય તો તે અનેક તકલીફો નોતરે છે. વર્તમાન સમયમાં ક્રોધને કારણે હાઈબ્લડપ્રેસર અને હૃદયરોગની બિમારી થાય છે. બધા સાથે ઝઘડા કરવાથી સમાજમાં અપ્રતિષ્ઠા થાય છે બીજાએ કરેલા અપકૃત્યો ઉપર ક્રોધ કરવાથી વ્યક્તિ પોતાની જાતને સજા આપે એવી સ્થિતિ સર્જાય છે. તેનાથી અપકૃત્ય કરનાર વ્યક્તિને કોઈ નુકશાન થતું નથી. ક્ષમા વડે શાંતિ અને સમ્યક્‌ની પ્રાપ્તિ થાય છે. ક્ષમાથી શત્રુને પણ વશ કરી શકાય છે. જેની પાસે ક્ષમારૂપી તલવાર છે તેનું દુર્જન કશું બગાડી શકતો નથી. ક્ષમા એક એવો ગુણ છે જેનાથી તમે બીજાને અનુકૂળ બનાવી શકો છો. ક્ષમાથી શત્રુ અને મિત્રો બધાને વશ કરી શકાય છે. જે ક્ષમા આપવાનું જાણતો નથી તે ખરાબ વચનો બોલે છે, બીજાનું બુરું ઈચ્છે છે અને કેટલીકવાર બીજાની મારપીટ પણ કરી શકે છે. અક્ષમાવાન વ્યક્તિ પાપકર્મ બાંધે છે. આપણે એકમેકના દોષોની સજા કરીએ તો સમાજ નષ્ટ થઈ જશે. સમાજમાં રહેવા બાંધછોડ કરીને સમજદારીથી રહેવું જોઈએ. લેટિનમાં કહેવત છે કે ભૂલ કરવી એ મનુષ્યનો ધર્મ છે. ક્ષમા કરવી એ દૈવી ગુણ છે. અક્ષમાને કારણે સમાજમાં ઘણી સમસ્યાઓ સર્જાઈ શકે છે. અમારા દિલ્હીમાં તો બે વાહનો ટકરાતા તે ચલાવનારાઓ વચ્ચે ઝઘડાની ઘણી ઘટનાઓ બને છે. ક્ષમાથી આ સમસ્યા નિવારી શકાય. મનુસ્મૃતિમાં પ્રથમ સ્થાન ધૈર્યને અને બીજું સ્થાન ક્ષમાને અપાયું છે. બૌદ્ધ અને જૈન ધર્મમાં મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષાની મહત્તા બતાવી છે. બીજાના હિતની ચિંતા એ મૈત્રી છે. બીજાના દુ:ખને દૂર કરવાનો પ્રયાસ કરવો એ કરુણા છે. તેને સુખનો અનુભવ થાય એટલો સંતુષ્ટ કરવો એ મુદિતા છે. બીજાના દોષની અવગણના કરવી એ ઉપેક્ષા છે. આ નૈતિક કે માનવીય ગુણ છે. ખ્રિસ્તી ધર્મમાં પણ અપરાધ કે દુષ્કૃત્યની કબૂલાતનું મહત્ત્વ

છે. ત્યાં ચર્ચમાં કે અન્ય સ્થળોએ લાકડાંની કેબિન બનાવી હોય છે. તેમાં વચ્ચે પડદો મૂકીને બીજી તરફ તેમના ધર્મગુરુ કે પાદરી બેસે છે. તે વ્યક્તિ પોતાના અપરાધની વાત કરે પછી પાદરી તેને પ્રાયશ્ચિત્ત કરવાનું કહે છે અથવા માફી આપે છે. ઘણીવાર પાદરી 'અવેમારીયા' નામની પ્રાર્થના કરવાનું કહે છે. બૌદ્ધ ધર્મમાં ભિક્ષુઓ માટે નિયમો પાળવાના હોય છે. ભિક્ષુઓને રાત્રે ફરવાની મનાઈ હોયછે. બૌદ્ધો માટે ૨૫૦ જેટલા નિયમ હોય છે. તેઓમાં મઠોમાં પોષત અમાસ કે પૂર્ણિમાના દિવસે થાય છે. ઉદાહરણ તરીકે ભિક્ષુઓને રાત્રે ફરવાની મનાઈ હોય છે. તેમના ગુરુ પુછે છે કે તમે રાત્રે ફર્યા છો ? ત્યારે ભીક્ષુ ઉત્તર આપે છે. મેં તે કર્યું નથી. જો તેમણે તે કર્યું હોય તો ગુરુ પ્રાયશ્ચિત્ત બતાવે છે. હિન્દુઓમાં સંધ્યા એ એક પ્રકારની ક્ષમા છે. તેમાંના મંત્રો ઉચ્ચારીને પોતાના પાપોની ક્ષમા માંગો છો. તેમાં અગનઘર્ષણ મંત્ર છે. તેનો અર્થ પાપોનું ઘર્ષણ કરવું એવો થાય છે. આપણે અનાજ દળીએ ત્યારે તેમાં અનેક કીડા મરી જાય છે. ખાંડણીમાં અનાજ કુટીએ ત્યારે અનેક જીવો મરે છે. હિન્દુઓ તે સંધ્યાના મંત્રો બોલીને પ્રાયશ્ચિત્ત કરે છે, અર્થાત્ ઈશ્વરને મંત્રો દ્વારા પાપમુક્ત કરવાની પ્રાર્થના કરે છે.

**[ વ્યાખ્યાનો સંપૂર્ણ ]**

## અવસર

## મુંબઈમાં સમ્યગ્દર્શન શિબિર સાનંદ સંપન્ન

શ્રુતરત્નાકર ટ્રસ્ટ, અમદાવાદ, મુંબઈ વિદ્યાપીઠ ગુજરાતી વિભાગ તથા શ્રી રૂપ માણેક ભંશાલી ટ્રસ્ટ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે તા. ૧૩, ૧૪, ૧૫ના દિવસોમાં મુંબઈ વિદ્યાપીઠ, ફિરોઝશાહ મહેતા ભવન, કાલીના ખાતે ત્રણ દિવસની સમ્યગ્દર્શન અધ્યયન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં પ્રારંભે નેમિસૂરિ સમુદાયના આચાર્યદેવશ્રી વિજય નંદીઘોષસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રા મળી હતી.

શિબિરના પ્રારંભમાં આચાર્યદેવશ્રી નંદીઘોષસૂરીશ્વરજી મહારાજે માંગલિક પાઠ કર્યો હતો. ત્યાર બાદ શ્રી જ્હોની શાહે પ્રાર્થના કરી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. અભય દોશીએ સર્વેનું સ્વાગત કર્યું હતું. શ્રી જિતેન્દ્ર શાહે શિબિરની રૂપરેખા ટૂંકાણમાં જણાવી હતી. વિભાગના પ્રાધ્યાપક ડૉ. રતિલાલ રોહિતે પૂ. આચાર્ય ભગવંતને સંસ્થા વતી કામળી વહોરાવી હતી. શ્રી પ્રેમલ કાપડિયા અને અન્યોએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. ત્યારબાદ શ્રી વલ્લભ ભંશાલીએ સમ્યગ્દર્શન એ પોતાની અંદરની સમજણ છે, જાતને ઓળખવાની મથામણ છે અને એ માટે આપણે જાગૃત થવું જોઈએ એ માર્મિક વાત ટૂંકાણમાં રજૂ કરી હતી. કાર્યક્રમના મુખ્ય અતિથિ કલાપ્રેમી અને કલાત્મક સંપાદનો પ્રસ્તુત કરનારા શ્રી પ્રેમલ કાપડિયાએ શ્રી દેવચંદ્રજીના સ્તવનો માધ્યમે સમ્યગ્દૃષ્ટિના સ્વરૂપની રજૂઆત કરી હતી. અંતે પૂ. આચાર્યદેવશ્રીએ આશીર્વાદ આપ્યા હતા અને ડૉ. બિપિન દોશીએ આભાર વિધિ કરી.

ઉદ્‌ઘાટન સમારોહ બાદ બીજી બેઠકમાં પ્રારંભે પંડિતવર્ય શ્રી ઈન્દ્રચન્દ્ર દોશીએ સ્વ પ્રત્યેના મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એટલે કે સ્વની સુખી થવાની ઝંખના મિથ્યાત્વ છે, તેમ સ્પષ્ટ કર્યું. પરોપકારભાવનાથી સમ્યગ્દર્શનનું બીજ પ્રાપ્ત થાય છે. એવી વાત રજૂ કરી. બીજા વ્યાખ્યાનમાં આચાર્યદેવશ્રી નંદીઘોષસૂરીશ્વરજી મહારાજે લૌકિક ધર્મ (દયા, પરોપકાર, અતિથિસત્કાર આદિ) ફળની આકાંક્ષા વગર કરવામાં આવે તો કઈ રીતે લોકોત્તર ધર્મ પ્રાપ્ત કરવામાં સહાયક બને છે, તે જણાવ્યું.

બીજે દિવસે પ્રથમ સત્રમાં ડૉ. જિતેન્દ્ર શાહે તુંગિયા નગરીના શ્રાવકો કેવી દૃઢ શ્રદ્ધા ધરાવતા હતા, તેની વાત રજૂ કરી. સાથે જ વિવિધ પ્રકારના મિથ્યાત્વમાં આભિગ્રહિક મિથ્યાત્વ તેમજ મનુષ્યના મનમાં રહેલી દૃઢ ગ્રંથિઓનો પરિચય કરાવ્યો.

બીજા સત્રમાં પં. શ્રી ઈન્દ્રચન્દ્ર દોશીએ સમ્યક્ત્વના પાંચ લક્ષણો શમ, સંવેગ, નિર્વેદ, આસ્તિક્ય અને અનુકંપા ભક્તિમાર્ગની લાક્ષણિક દૃષ્ટિએ સમજાવ્યા.

ભોજન બાદ બપોરના પ્રથમ સત્રમાં યથાપ્રવૃત્તિકરણ અને અપૂર્વકરણની પ્રક્રિયા અંગે વિશદતાથી ચર્ચા કરી. એ સાથે જ મિથ્યાત્વના વિવિધ પ્રકારો અંગે પણ ઊંડાણથી વિચાર વિમર્શ કર્યો. વચ્ચે થોડો સમય આચાર્યદેવશ્રીએ નયસારના ભવની દાનની ઘટના અંગે ટૂંકાણમાં વિચાર વિમર્શ કર્યો.

અંતિમ દિવસે ડૉ. જિતેન્દ્ર શાહે અપૂર્વકરણની પ્રક્રિયાને અનેક દૃષ્ટાંતોથી સ્પષ્ટ કરી. તેમાં તેમણે શેવાળથી છવાયેલા સરોવરમાં શેવાળ નીચે રહેતા કાચબાને પવનની લહેરખી કે કોઈ અન્ય કારણથી શેવાળ તૂટી જવાથી ચંદ્રમાના દર્શન થાય અને જે આનંદ આવે એવો સાધકને અપૂર્વકરણની પળે આનંદ આવતો હોય છે એ દૃષ્ટાંત શિબિરાર્થીઓને હૃદયસ્પર્શી બની રહ્યું. તેમણે સમ્યગ્દર્શનના ત્રણ લિંગો, ધર્મશ્રવણની જિજ્ઞાસા, ધર્માચરણ માટેની તત્પરતા તેમજ ગુરુજનોની સેવા આદિની પણ સમજણ આપી.

ભોજન બાદ ડૉ. અભય દોશીએ સમ્યગ્દર્શનની ભાવના અંગે સમજણ આપી. ત્યાર બાદ ડૉ. જિતેન્દ્ર શાહે સમકિતના સ્વરૂપ અંગે પ્રકાશ પાડ્યો. છેલ્લે વિવિધ શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવ જણાવ્યા. સમીર શાહ (સંતબાલ આશ્રમ), ચંદ્રસેન ગુરુજી આદિ શિબિરાર્થીઓએ આવી જ્ઞાનધારાનું વારંવાર આયોજન થતું રહે એવી ભાવના વ્યક્ત કરી. સાથે તેમાં સંગીત આદિના સત્રો ઉમેરવાનું સૂચન પણ કર્યું.

અંતે, ડૉ. જિતેન્દ્ર શાહ અને ડૉ. અભય દોશીએ રૂપ માણેક ભંશાલી ટ્રસ્ટ, કેકે સ્ટાર કેટરર્સ તેમ જ આ સભાગૃહ ઉપલબ્ધ કરી આપવા માટે યુનિવર્સિટીના અધિકારીઓનો આભાર માન્યો. શિબિરમાં ૧૦૦ થી વધુ જ્ઞાનરસિકજનોએ ભાગ લીધો હતો.

# મોક્ષ હથેળીમાં છે

□ સાધક રમેશભાઈ દોશી

વિષય અત્યંત ગંભીર અને ગહન છે પણ એટલો જ સરળ પણ છે. જે પોતાના પુરુષાર્થની કહો, હાથની વાત છે એટલે મોક્ષ હથેળીમાં છે. શ્રીમદ્‌જી આ વિષે શું કહે છે ? તે જોઈએ.

૧. અનંતકાળમાં સત્પાત્રતા થઈ નથી, અને કાં તો સત્પુરુષ (જેમાં સદ્‌ગુરુત્વ, સત્સંગ અને સત્કથા એ રહ્યા છે) મળ્યા નથી, નહીં તો નિશ્ચય છે કે મોક્ષ હથેળીમાં છે. અને સર્વેશાસ્ત્ર સંમત છે.

૨. તત્ત્વજ્ઞાનીઓના વચન છે કે આત્મા માત્ર સ્વસદ્‌ભાવમાં આવવો જોઈએ અને તે આવ્યો તો મોક્ષ હથેળીમાં જ છે.

૩. તે સ્વપ્ન દશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે એમ જો જીવ પરિણામ કરે તો, સહજમાત્રમાં તે જાગૃત થઇ સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થાય. સમ્યક્‌દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે.

૪. સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ 'મોક્ષ' કહે છે.

આજે સમાજમાં સતત એવી નબળી વાતો સાંભળવા મળે છે, મોક્ષ આ કાળમાં નથી, એ અત્યંત કઠણ છે. ત્યારે શ્રીમદ્‌જી શું કહે છે.

૧. મોક્ષમાર્ગ અગમ્ય તેમજ સરળ છે.

૨. શિથિલતા ઘટવાનો જીવ ઉપાય કરે તો સુગમ છે.

૩. 'સત્' એ કંઈ દૂર નથી. પણ દૂર લાગે છે અને એ જ જીવનો મોહ છે. 'સત્' 'સત્' જ છે. સરળ છે, સુગમ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે.

૪. જીવને સમજાય તો સમજવા પછીથી બહુ સુગમ છે, પણ સમજવા સારું જીવે આજસુધી ખરેખરૂં લક્ષ આપ્યું નથી.

જ્ઞાની કહે છે કે સરળ છે, સુગમ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ છે. અમે જે કહીએ છીએ એ સ્વરૂપનો અનુભવ કર્યા પછી, એ સફળ પ્રયોગ થયા પછી કહીએ છીએ. તો આ સરળતાને આપણે સમજીએ.

અમારામાં અને તમારામાં કંઈ ભેદ નથી. અમને સમજાઈ ગયું કે આ મનુષ્યદેહ રત્નચિંતામણી સમાન છે અને એનું મુખ્ય કર્તવ્ય એ સ્વને ઓળખવો અનુભવવો એ છે. અને અમે એનો ઉપયોગ એ જ અર્થે કર્યો છે. અમારો પુરુષાર્થ એજ અર્થે થયો હતો, થાય છે, અને થશે.

આપણને એ કઠણ, અશક્ય લાગે છે, પણ શ્રીમદ્‌જી તો કહે છે, 'કઠણ વાત છે માટે ન બને, એ કલ્પના મુમુક્ષુને અહિતકારી છે.'

'કઠણ નથી, કઠણ છતાં પણ કઠણ નથી.

જ્ઞાની જે કહે છે એ જ અમારો અનુભવ છે. આપને સવાલ થશે કે આપને માટે એ સરળ કેમ થયો ?

મોક્ષ માર્ગનું પરમ સાધન તો પ્રત્યક્ષ સદ્‌ગુરુ જ જોઈએ. એ અત્યંત સાચું છે. શ્રીમદ્‌જીનો બધો જ ભાર લગભગ પ્રત્યક્ષ સદ્‌ગુરુ પર છે. શ્રીમદ્‌જી લખે છે, 'મોક્ષનો માર્ગ બહાર નથી પણ આત્મામાં છે, માર્ગને પામેલો માર્ગ પમાડશે.' આ સિવાય અનેક ઠેકાણે પ્રત્યક્ષ સદ્‌ગુરુનો પત્રોમાં, આત્મસિદ્ધિમાં સ્પષ્ટ ઉલ્લેખ છે જ એ આપણે જાણીએ છીએ. અમે પણ આમ જ માનીએ છીએ. પણ અમને એવા પ્રત્યક્ષ જ્ઞાની મળ્યા નહીં. શ્રીમદ્‌જીના અમે શિષ્ય છીએ અને સાચા શિષ્ય થવાનો પુરુષાર્થ કરી રહ્યા છીએ.

હવે આપણે આ પ્રયોગ વિષે થોડી વિગતથી સમજશું. અત્યંત જિજ્ઞાસા, તીવ્ર તલસાટ છતાં સદ્‌ગુરુ મળ્યા નહીં. પણ એક વખતે વિવેકાનંદનું વાક્ય મળ્યું, 'પાત્રતા પ્રગટ કરો, પરમાત્મા તમારા દ્વારે આવશે.' પ્રત્યક્ષ સદ્‌ગુરુની શોધને મૂકી શ્રીમદ્‌જીને ગુરુપદે સ્થાપી યાત્રા શરૂ કરવાનો નિર્ણય થયો–આમ તો આ 'એકલવ્ય'ની સાધના જેવો પ્રયોગ શરૂ થયો.

**'પાત્રતા પ્રગટ કરો, પરમાત્મા તમારા દ્વારે આવશે.'**

અમારી પાસે પરમકૃપાળુની કહો, પરમાત્માની કૃપા કહો, સાધનાનું એક પરમ સાધન હતું. આ સાધન આમ તો બધા પાસે જ હોય છે. આપણે એને ઓળખતા નથી કે એ અવાજને ગણકારતા નથી. એ સાધન છે. 'અંતર અવાજ– `Inner Voice'. અમારી વિશેષતા એ છે કે અમે અંતર અવાજ સાંભળી શકીએ છીએ, પકડી શકીએ છીએ અને એ પ્રમાણે આચરણમાં મૂકી શકીએ છીએ.

આ અંતર અવાજની વિશેષતા સમજવા જેવી છે. આમ તો આ ભૂલ ભરેલો માર્ગ લાગે પણ કુદરત ભૂલ કરાવે છે તો ભૂલ સુધારવાની તક પણ આપે છે.

ટુંકમાં મારા પ્રયોગની વાત કરીએ.

એકવાર વીસાવદર પાસે ટ્રેનમાં અમે મુસાફરી કરતા હતા એમાં અકસ્માત થયો. ભાગ્યે જ કોઈ બચી શકે એવો આ અકસ્માત હતો. પણ પૂર્વજોના પુણ્ય પ્રતાપે અમે બચી ગયા અને ડ્રાઈવરનું મૃત્યુ થયું. જૂનાગઢ હૉસ્પિટલમાં દાખલ થયા. જમણા પગના સાથળમાં એક મોટો સળિયો ઘૂસી ગયેલો. ટ્રીટમેન્ટ ચાલુ હતી પણ પ્રચંડ વેદના થતી હતી. રાડારાડ બુમાબુમ કરીએ એવી પ્રચંડ વેદના હતી. પણ કોઈ પુસ્તક વાંચતો હતો અને વિચારની કોઈ શ્રેણી ચડી અને દેહ અને આત્મા સ્પષ્ટ જુદા થઈ ગયા. દેહભિન્ન ચૈતન્યનો અનુભવ થયો. એનું પરિણામ એ આવ્યું કે વેદના વિરમી ગઈ. આજે આ વાત કરું છું પણ ત્યારે ખબર નહોતી કે આ દેહભિન્ન ચૈતન્યનો અનુભવ છે. પણ વેદના સાવ વિરમી ગઈ. એકદમ ઘેલછા જેવી સ્થિતિ થઈ. ક્યારેક સતત ધર્મ વિષે બોલતો રહું, ક્યારેક હસવું આવે, ક્યારેક પોકે પોકે રડવું આવે. ખબર ન પડે પણ 'રમેશ' બદલાઈ ગયો. આ બનાવ બન્યો ૧૯૮૧ ફેબ્રુઆરીમાં. આ બનાવ પછી પ્રયોગ શરૂ થયો. ચારેક વરસ સદ્‌ગુરુ

મળ્યા નહીં. પણ એ દરમિયાન સ્પષ્ટ અવાજ અંદર ઊઠતા હતા – 'એક વરસ મૌન થઈ જા.' એ પહેલાં એક પુસ્તકમાં શ્રીમદ્‌જીની અસ્તિત્વ વિષે વ્યાખ્યા જે વ્યા. સાર ભાગ ૧ પૃ. ૨૨૦માં છે તે વાંચવામાં આવી ત્યારે એક ઝબકારો થયો કે શું આ અસ્તિત્વ તે જ વાત તો નથી. જે અકસ્માતમાં થયેલો મૌનનો અવાજ. ખિસ્સામાં એક પૈસો નહીં. પણ એક અમૃતભાઈ કોરડીયાને મળ્યો. એમને વાત કરી કાલથી મૌન લેવું છે. શું તમે દર મહિને રૂા. ૧૨૦૦/- મારા ઘરે પહોંચાડી શકો. એમણે હા પાડી ને શરૂ થયું મૌન. એક વરસના મૌનમાં ઉપદેશ છાયામાં સશ્રુતની જે નોંધ લખેલ છે એમાંથી ગુજરાતીમાં જે શાસ્ત્રો મળ્યા તે વાંચ્યા અને સમાધાન થયું કે અકસ્માત વખતે જે ઘટના ઘટી એ જ સમકિત છે, સમ્યગ્દર્શન છે. આત્મ સાક્ષાત્કાર છે. જે પ્રયોગો થયા છે એનો વિગતવાર ઉલ્લેખ ડૉ. ધનવંતભાઈ શાહે 'શાંતિનું સરનામું' કરીને એક લેખ અમારા વિષે જુલાઈ ૨૦૧૨ના 'પ્રબુદ્ધ જીવન'માં લખેલ છે, તેમાં આપેલ છે. રસ પડે અને ઈચ્છા હોય એમણે આ લેખની ઝેરોક્ષ અમારી પાસેથી કે 'પ્રબુદ્ધ જીવન'ની ઑફિસમાંથી મેળવવા વિનંતી છે. આ પ્રયોગનો મુખ્ય પાયો 'અંતર અવાજ' રહ્યો છે. એ વિષે હવે થોડું કહીશ.

આજે ૨૦૧૪માં જ્યારે એનું વિશ્લેષણ કરું ત્યારે જે સમજાય છે તે આ છે. જે પણ પ્રયોગો થયા હતા એ ભૂલ ભરેલા જ હતા. પણ કુદરતમાં એક એવી સરસ વ્યવસ્થા છે કે જો આ જોખમો કે પ્રયોગો સાચી Intensionથી થયા હોય તો એ સુધારવાની એક તક પરમાત્મા આપે છે. આ એક વિશેષ વિશેષતા અંતર અવાજના પ્રયોગની છે.

૧૯૮૪-૮૫માં મૌન એક વરસનું થયું. મૌન ખોલીને બધા દોષોની હૉલ રાખીને ભક્તિ કરાવી પછી મિત્રો, કુટુંબીઓ વચ્ચે સ્પષ્ટ કબુલાત કરી.. ૧૯૮૬-૮૭ ઘર છોડીને નીકળી ઈડર ગયો. અવાજ આવ્યો ઘરે જાવ-જગતની ગંદકી સાફ કરો. ૧ વરસ કાંદિવલી મલાડમાં ગંદકી સાફ કરી. લોકો ઓળખવા માંડ્યાં. ત્યાં અવાજ આવ્યો. આ બંધ કરો. ત્યાર પછી માટલિયાજીએ ચિંચણમાં મૌન સાધવા માટે સગવડ કરી આપી. તા. ૬-૧-૯૬ થી તા. ૫-૧-૯૭, એક વરસનું મૌન પનવેલ ફાર્મમાં શરૂ થયું. ત્યાં અવાજ આવ્યો. આ ફાર્મ છોડી દે. રાતે દસેક વાગ્યે એ જંગલમાંથી નીકળી ૫૦ કિ.મી. ચાલી ઘરે પહોંચ્યો. મૌન ચાલુ જ રહ્યું. મૌન દરમ્યાન માટલિયાને મળવા જામનગર ગયો. ત્રણ દિવસ અમારો સત્સંગ થયો. અદ્‌ભૂત છે આ સત્સંગની નોટ. મૌન પૂરું થયું. દસેક વરસ ઘરે રહ્યો. તા. ૧૮-૨-૯૬ થી તા. ૫-૧-૧૯૯૭ મૌન ચિંચણ દરિયા કિનારે ફરી સંતબાલજી સમાધિએ થયું. એક સ્પષ્ટ ચિત્ર આવ્યું કે વિશ્વશાંતિ કેમ થાય? એ ચિત્ર અત્યંત સ્પષ્ટ આજે પણ નજર સામે છે. એ અર્થે જ અમે જીવીએ છીએ અને એ અર્થે જ અમારો પ્રયોગ-પુરુષાર્થ ચાલી રહ્યો છે. સેવા એ શુદ્ધિનું પરમ સાધન છે. એટલે ૨૦૧૩ સુધી એવા સેવાના નાના કામો થતા રહ્યા. લાખ દોઢ લાખ દર વરસે સહજ મિત્રો-સહયોગીમાંથી મળી રહેતા. કોરપસ ક્યારેય બનાવ્યું નથી. બનાવશું પણ નહીં.

૨૦૦૬માં ઈડર ચંદ્રપ્રભુની ગુફામાં ચાતુર્માસ મૌન થયું. નિર્ણય થયો. સર્વસંગ પરિત્યાગ જોઈએ જ. પણ કોઈ સંપ્રદાયમાં એવા આત્મજ્ઞાની પુરુષ મળ્યા નહીં. પછી નક્કી કર્યું કે હવે આ જન્મમાં કૃપાળુ દેવના જ શિષ્ય રહેવું છે. એ જ મારા ગુરુ, મારો ધર્મ.

૨૦૦૮-૦૯માં બંને પુત્રોના લગ્ન થયા અને તરત જ ઘરથી નીકળી ગયો. ૨૦૦૯થી જૈન સાધુ જેવું જીવન જીવી રહ્યો છું. ૧૯૯૭માં સ્પષ્ટ અવાજ હતો કે કશું જ કરવું નહીં. મૌન રહેવું. પણ

## 'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ
www.mumbai–jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે. જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. વિના મૂલ્યે અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી.ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : ડી.વી.ડી. માટે રોહિતભાઈ - ૦૯૯૨૦૩૦૮૦૪૫**
**સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

## 'પ્રબુદ્ધ જીવન'નો ઑગસ્ટ-૨૦૧૪નો કર્મવાદ અંક અંધજનોની બ્રેઈલ લિપિમાં

ઉપરોક્ત અંક પ્રજ્ઞાચક્ષુ જિજ્ઞાસુ ભાઈશ્રી હસમુખભાઈ શાહને બહેનશ્રી સુષ્માબેને વાંચી સંભળાવ્યો અને શ્રી હસમુખભાઈને વિચાર આવ્યો કે મારા અન્ય અંધજનો કર્મવાદના આવા જ્ઞાન ભંડારથી વંચિત ન રહે એટલે આ કર્મવાદના અંકને મારે અંધજનોની બ્રેઈલ લિપિમાં ઢાળવો–લખવો જોઈએ.

પરિણામે એમની સંસ્થા 'બ્લાઈન્ડ ગ્રેજ્યુએટ ફોરમ ઑફ ઇન્ડિયા' દ્વારા એમણે આ ખૂબ જ પરિશ્રમિત અને ખર્ચાળ કામ આરંભ્યું અને પચાસ નકલ આ બ્રેઈલ લિપિમાં અંધજનો માટે તૈયાર પણ કરી.

જ્ઞાનની આવી ભવ્ય અનુમોદના માટે ભાઈશ્રી હસમુખભાઈ અને તેમની સંસ્થાને ધન્યવાદ.

આ બ્રેઈલ લિપિના કર્મવાદના અંક માટે જિજ્ઞાસુઓ આ નંબર ઉપર સંપર્ક કરી શકે છે.

ફોન : ૦૨૨-૨૪૯૪૭૬૪૭, ૦૨૨-૬૫૯૨૪૨૩૯
મો. : ૯૮૩૩૨૮૫૪૮૧.

ક્યારેક સત્કાર્ય અને ક્યારેક મૌન એમ ચાલતું રહ્યું. ૧૯૯૭ પછી સ્પષ્ટ ૨૦૧૪માં અવાજ આવ્યો કે જાવ હવે તમે તમારી વાત કરો. એટલે આજે 'પ્રબુદ્ધ જીવન'ની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આવવાનું થયું છે.

સમકિત કહો, આત્મ સાક્ષાત્કાર થયો છે એમાં શંકા નથી. જે પ્રયોગો થયા છે તેનો સ્પષ્ટ તાળો શાસ્ત્રો અને સત્પુરુષોમાં ટેલી થાય છે. આ પ્રયોગના મુખ્ય મુદ્દાઓ કે સારાંશ આ છે.

૧. અંતર અવાજ એ પાત્રતા થવાનું મુખ્ય સાધન છે અને એ સહુ પાસે છે.
૨. પાત્રતા મેળવવા માટે આપણને જે વારસાગત ધર્મ મળ્યો છે તેને અનુસરો. દરેક ધર્મમાં ઘણું લેવા જેવું છે જ. પાત્રતા પ્રગટ કરવાની સર્વ સંભાવના એ ધર્મમાં હોય જ છે.
૩. સદ્ગુરુ-પ્રત્યક્ષ એ સરળ-સહેલું સાધન છે. પણ પાત્રતા મેળવ્યા વગર સદ્ગુરુ ઓળખાશે નહીં તો આશ્રય પણ નહીં થાય અને એમ સદ્ગુરુ મળશે તો પણ યોગ નિષ્ફળ જશે. આવું અનંતકાળમાં અને અનંતવાર થયું છે. આ ભૂલ હવે કરવા જેવી નથી.
૪. ૨૦૦૯ થી ૨૦૧૨ સુધી તો પરિભ્રમણ રહ્યું. એમાં અનેક સંતો, સંન્યાસીઓ, ગુરુઓનો મેળાપ થયો છે. પણ એમાં ક્યાંય હજી સુધી સાચો ગુરુ કે સાચો શિષ્ય મળ્યા નથી. આમ તો ત્રીસ વરસથી યાત્રા ચાલી રહી છે પણ હજી સુધી સત્પુરુષ ક્યાંય મળ્યા નથી.
૫. આત્મજ્ઞાન અમને છે અને આત્મજ્ઞાનનો એ અતિશય છે કે એ થોડાક મેળાપમાં જ એ વ્યક્તિને ઓળખી જાય છે કે આ આત્મજ્ઞાની છે કે ભ્રાંતિમાં છે.
૬. સેવા એ શુદ્ધિનું પરમ સાધન છે.

મોક્ષ હથેળીમાં છે એમ આવું જીવન પણ શક્ય છે. જે મોક્ષને અનેક સંતો પામ્યા છે, અમને મળ્યો છે, એ જો સહુને ન મળે તો એ મોક્ષની કિંમત કોડીની છે. કુદરતમાં અદ્ભૂત વ્યવસ્થા છે. ક્યાંય કોઈ અવરોધ નથી. અરે, આ જગતમાં દુઃખ જેવી કોઈ ચીજ જ નથી. એ આપણે માનેલો દુઃખાભાસ છે. કુદરતના આયોજનમાં ક્યાંય ખામી નથી. જગતમાં બધું પરફેક્ટ છે, કશું જ અદ્ધર કે અકસ્માત નથી. અમારા પ્રયોગનું સ્પષ્ટ પરિણામ 'સ્વીકારથી ચમત્કાર' પુસ્તકમાં છે. જે આ મુજબ છે :

'તમારી અંતઃપ્રેરણા પર વિશ્વાસ મૂકતા શીખો. અંતઃસ્ફૂરણા એ તમારી ચેતનાનું ઉચ્ચ સ્તર છે. અને અવગણશો તેને તો તમે તમારી આદત પ્રમાણે અને તમને શીખવવામાં આવ્યું છે તે પ્રમાણે કરશો. અંદરથી જે લાગણી સ્ફૂરે છે તે દૈવી છે. તેની ઉપર વિશ્વાસ રાખો. તે તમને આવનારા સમય વિષે ચેતવણી આપે છે.' વિચાર વલોણુંનું આ પ્રકાશન છે. અદ્ભૂત આ પુસ્તક છે અને અક્ષરસહ અમારા પ્રયોગની જ આ વાત છે. આ માર્ગના કેટલાક સ્પષ્ટ નિયમો અને અવરોધો-

૧. મીનીમમ જરૂર-પ્રથમ પગલું-શુદ્ધ આજીવિકા. જો આ ન થાય તો મોક્ષને ભૂલી જાઓ.
૨. સદ્ગુરુ કરતાં પાત્રતા પ્રગટ કરવાનો પુરુષાર્થ કરીએ.
૩. 'સ્વચ્છંદ ટાળે તો જ મોક્ષ થાય. સૌથી મોટો રોગ મિથ્યાત્વ. 'હું ડાહ્યો નથી' તેવું સમજ્યા તે મોક્ષે ગયા છે. મુખ્યમાં મુખ્ય વિઘ્ન સ્વચ્છંદ છે.' મિથ્યાત્વરૂપી રોગ મોટો છે.' – શ્રીમદ્જી.
૪. કુદરતમાં અદ્ભુત વ્યવસ્થા છે. એમાં શ્રદ્ધા રાખો. આપણે લેતા થાકી જઈએ એ રીતે કુદરતની મદદ સહજ માત્રામાં મળે જ છે.

વિશેષ તો 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના 'ઉપદેશ નોંધ', 'ઉપદેશ છાયા,' 'વ્યાખ્યાનસાર'નો સ્વાધ્યાય કરો. મનન કરો. મોક્ષ એ આપણાં સહુનો જન્મસિદ્ધ અધિકાર છે. એ ક્યારેય ન ભૂલો.

વિશેષ માટે રૂબરૂ મળવું-મો. નં. ૦૯૪૨૭૬૬૩૪૭૩ પર સંપર્ક કરવો. 'પ્યારે અપની ગઠરી ખોલ ઉસમેં લાલ ભરે અણમોલ.'

'પ્રબુદ્ધ જીવનની વેબસાઈટ પર તા. ૨૫-૮-૧૪નું મોક્ષ હથેળીમાં છે' તે વ્યાખ્યાન પણ સાંભળવા વિનંતિ.

૮૦મી પર્યુષણ વ્યાખ્યાન-માળામાં તા. ૨૫-૮-૨૦૧૪ના આપેલું વક્તવ્ય.

## કિશોર ટીંબડિયા કેળવણી ફંડ માટેની અપીલ

આ સંસારમાં આંખોના ભવ તો ઘણા છે પણ દૃષ્ટિનો ભવ તો એક જ છે. અને એ છે માનવ ભવ.

આ દૃષ્ટિ એટલે સારું—ખરાબ જોવાની સમજણ, સંસ્કારના વિકાસ માટેની લગન, વિચારશીલ બનવા માટેનો ઉત્સાહ. આવી દૃષ્ટિ બાળકોમાં ત્યારે જ આવે કે જ્યારે તેઓને યોગ્ય રીતે કેળવણી મળે. કેળવણી વિનાનો મનુષ્ય પશુ સમાન છે એમ કહેવાય છે. તેથી સાધારણ બાળકોને યોગ્ય કેળવણી મળે એ માટે મુંબઈ જૈન યુવક સંઘ તરફથી 'કિશોર યોગ્ય કેળવણી ફંડ'ની પ્રવૃત્તિ ચાલે છે.

બહુ જ સાધારણ કે જેઓની આવક ૫૦૦૦ કે ૬૦૦૦ થી કે એથી પણ ઓછી છે. તેઓ પણ પોતાના બાળકોને ભણાવવા માટે બહુ જ આગ્રહ રાખે છે અને ફી મેળવવા બે-ચાર સંસ્થામાં જઈને મેળવે છે. ફીનું ધોરણ કેટલું બધું ઊંચું છે તે ક્યાં કોઈથી અજાણ છે! અમે પણ તેઓને જેટલી મદદ થઈ શકે તેટલી કરીએ છીએ. પણ 'આભ ફાટે ત્યાં થીંગડું ક્યાં દેવાય!' જો આપ સૌ સહકાર આપો તો કેળવણી ફંડમાં આવક વધે અને વધારે મદદ કરી શકીએ. બહુ જ ચોકસાઈ કરીને મદદ કરીએ છીએ અને ચેક દ્વારા ફી અપાય છે.

આ પહેલાં પણ અપીલ કરી હતી. સારો પ્રતિસાદ મળ્યો. આપ સૌ સુજ્ઞજનો વધારે ને વધારે મદદ કરીને ફંડને સમૃદ્ધ બનાવો—તો બાળકોને ભણાવવા માટેનો તમારો સાથ અમારામાં ઉત્સાહ વધારશે.

**☐રમા મહેતા**
**☐ઉષા શાહ**
**☐વસુબેન ભણશાળી**
કેળવણી ફંડના કાર્યકર્તાઓ

# ભાવ-પ્રતિભાવ

(૧)

આજે પૂજ્ય ગાંધીજી વિષે વિશેષાંક અમોને મળેલ છે. આ અંગે આપના જ શબ્દોમાં–'આપે આ વિરાટ કાર્ય સુંદર અને સમૃદ્ધ રીતે પાર પાડ્યું એ માટે આપનો આભાર નથી માનતાં, હૃદય ઝૂકી પડે છે.' કેવો જોગાનુજોગ – હું ૧૯૪૬, ૪૭, ૪૮ માં ઉંમર-૧૨ થી ૧૫, માટુંગા GIP મારા મામાને ત્યાં રહેતો હતો. તે જમાનામાં RSSની શાખાનો Craze હતો. હું પણ પૂ. ગાંધીજી ગયા તે જ સમયે ત્યાં કોઈ ગાર્ડનમાં શાખા ચાલતી હતી તેમાં Join થવા ગયો હતો. બીજે જ દિવસે RSS ઉપર પ્રતિબંધ આવ્યો. શ્રી ન. મો. પણ શાખાના વિદ્યાર્થી છે! અમે રાધનપુરી બજાર, ભાવનગરમાં રહેતા હતા.

**☐ યશવંત શાહ** –ભાવનગર
ફોન નં. ૦૨૭૮-૨૫૬૩૩૪૧

(૨)

અંતિમ અધ્યાય વિશેષાંક ખરેખર વિશેષ બન્યો. ધન્યવાદ! 'શાશ્વત ગાંધી' નિમિત્તે ગાંધીજીના જીવનમાં રમમાણ રહેવાનું બને છે. અહીં 'ગાંધીજી પછીનું ભારત'–લેખ વાંચી થોડું લખવા મન થયું. એમાંથી એક જ વાક્ય લઉં: 'ગાંધીજી પછીનું ભારત એ નિરંકુશ ભારત છે.' એમાં ના નહીં. આ તો જનજનના મોઢેથી સાંભળવા મળે. નવું શું? ક્રિકેટમાં સ્કોર બૉર્ડ લખનાર કે મહાભારતનો સંજય કે આ લેખના લેખક! વળી લેખક તો એક કદમ આગળ વધીને દેશની વિશાળ સંખ્યાના સુત્રધાર બનીને! '...માત્ર રુદન જ આપણો વિશેષાધિકાર છે. એમ સૂચવે છે!'

એક નાનકડી આડી લીટી Negative ચિહ્ન છે. એવી જ બીજી એક ઊભી લીટી ઉમેરી Positive ચિહ્ન બનાવવા માટે ઉપરથી કોઈ આવે એની રાહ જોવાની છે? દેશને આઝાદ કરવા મરી ફીટનાર શહીદો આમ રાહ જોઈ બેઠાં હતાં?

દેશ પરવારી ગયો છે અને એના 'બેસણા'માં દરેકે દરેકે માત્ર રુદન કરવાનું છે! મને તો આ બધું વધુ પડતું લાગ્યું. પછી ધરતીને અંધકારમાં ડૂબાડી જતા સૂર્ય પછી એક મામૂલી કોડિયું એની પૂરી તાકાતથી આસપાસમાં ઉજાસ ફેલાવે છે. આ જ સત્ય છે.

**☐ રમેશ બાપાલાલ શાહ**

(૩)

ગાંધી વિશેષાંક–ફેબ્રુઆરી ૨૦૧૫ માટે સુ.શ્રી સોનલબેન પરીખને તેમજ તંત્રીશ્રીને (આપશ્રીને) અભિનંદન.

ગાંધી તો સર્વથા, સર્વદા અને સર્વત્ર પ્રસ્તુત છે. વિશેષાંકના તમામ કલમકાર ગાંધીદર્શનના મર્મજ્ઞ છે. તેથી લેખસામગ્રી રસપ્રચુર બની શકી છે.

મારો પત્ર (પા. ૯૧) છપાયો છે. તેમાં એક મુદ્રણ અશુદ્ધિ તરફ ધ્યાન દોરવા માંગું છું. અધિકારેષુ નહિ, પણ અધિકારસ્તે જોઈએ. (અર્થાત્ 'તારો અધિકાર').

શેષ કુશળ,

ખૂબ ખૂબ સ્મરણ સાથે,

**☐ શાંતિલાલ ગઢિયા**, વડોદરા
(૦૨૬૫) ૨૪૮૧૬૮૦

(૪)

હમણાંના ઘણાં વખતથી મળાયું નથી તેનો વસવસો છે. પણ, 'પ્રબુદ્ધ જીવન' અને 'રાજવી કવિ કલાપી' મને સતત તમારી સમીપ જ રાખે છે.

આ વખતનો અંક ગાંધીજીવન અને કાર્યને સમર્પિત થયેલો છે. ખૂબ સુંદર લેખોથી વિભૂષિત, ચિરકાળ સુધી સાચવી રાખવા જેવો આ અંક એક Document સમો છે

કેટલા બધા નામી લેખકોનાં આલેખન તમે આવરી લીધાં છે!

મને યાદ કરો છો તે બદલ તમારો આભારી છું.

**☐ મોહન પટેલ**
ઍક્સ શેરીફ-મુંબઈ
ફોન : ૨૮૭૭-૧૨૯૩

(૫)

પત્રાચાર માધ્યમે એક અનિવર્ચનીય અને કંઈક વિશિષ્ટ feeling થાય જ છે. શબ્દો ઉણા ઉતરે જ. જનેતાનો ભાવ શું શબ્દો? માત્ર અનુભૂતિ જ.

અંક Feb-2015 હાથમાં જ છે. ૨-૩૦ની આસપાસ ઉંઘે છેડો ફાડ્યો. હવે આવું બનતું રહ્યું છે ને રહેશે. યે મેરે આતમા આવાજ હૈ. માત્ર રૂા. ૨૦૦/- વા. લ.માં?

કયા શબ્દો, સંબોધનોનો ઉપયોગ કરું! સોનલજી વિશે વાંચ્યું ને હરખ જાણે ઉદધિની છોળો આકાશે આંબવાની ચેષ્ટાઓ કરતી હોય તેમ લાગ્યું. કહું છું કે જણાઉં કે ધર્મજનો? પૃષ્ઠ-૭માંથી જાણ્યું. આ તો દીવા ઉપર અંધારું કે શું? સાચે જ એક ઓડકાર આતમરામનો મેં આસ્વાદ્યો. વડોદરા-આણંદ જિલ્લાનું ગામ, ધર્મ ધારયિતી ધર્મ. એ પણ પહેલાં ખેડા જિલ્લો હતો. હવે આણંદ જિલ્લો. વડોદરા શહેર જિલ્લાની ખાસ જાણકારી નહોતી. હા એક વખત મોરારજી દેસાઈ–ધામણા ગામે બબલભાઈ દેસાઈને મળવા જતાં મારા ફળિયાથી થોડુંક દૂર હાઈવે રોડ નજીક ટૂંકું પ્રવચન જેવું આજે ૭૫મા વર્ષે ચગળતો હર્ષ અનુભવું છું. મુદ્દાની વાતો હમણાં નથી કરવી પણ આપના બે લેખો, વિચારો, મને પણ આવું આ! ગાંધીજીના માતા-પિતા ન જૈન,

ન વૈષ્ણવ શું આ સાચું હશે ! એથી પણ કેવા કર્મણલક્ષી વિચાર સ્ફૂરે.

૧૦૩ પાનાથી ખીચોખીચ. આ તો માત્ર આચમન લક્ષી જ પત્રાચાર. ભાવુક બની જેને પ્રલોભનલક્ષી કહો કે આત્મિયતા ! તે પણ અંકો ગુજરાતી + અંગ્રેજીમાં. ભગીરથ કર્મ તે પણ ધંધાદારી જાહેરાતો વગેરેથી પૂર્ણતઃ વિમુખ રહીને રૂા. ૨૦/- રૂા. ૫૦/-, રૂા. ૧૦૦/-, હવે તો કંઈક અમસ્તુ જ લેખાય ?

આવા વિચારો, ચિંતન થવા તેના માટે પ્રયાસો, સફળતા ને હાથમાં પકડતાં ઉપર છલ્લાં પાનાં ફેરવાય તો પણ ૧૦૦ જેટલા સુવાક્યો જેનો હું સંગ્રહ કરીને ઝેરોક્ષ વગેરે ફરી કરાવડાવીને મિત્રોમાં વહેંચીશ. સાચે જ 'પ્રબુદ્ધત્વ' જીવનનો આત્મસાત્ કરીને કરાવડાવી રહ્યા છો. ટીમને શત શત પ્રણામ. હાલ તો સામાન્ય હજુ વાંચીશ. તબીયત સાથ આપશે જ. અંક ૨-૩ દિવસ પહેલાં જ મળેલો છે. ધર્મજ જઈશ. પ્રભુકૃપાથી ફળશે.

**☐ દામોદર કુ. નાગર**
ઊમરેઠ, આણંદ-૩૮૮૨૨૦.

(૬)

ફેબ્રુઆરી, ૨૦૧૫નો વિશેષાંક ખરેખર ખૂબ સરસ બન્યો છે અને તે માટે સોનલબહેન, ધનવંતભાઈ તેમજ 'પ્રબુદ્ધ જીવન' ધન્યવાદના અધિકારી છે.

પૂ. ગાંધીજીનું ખૂન થયું ત્યારે હું ૧૦ વર્ષનો હતો. ગાંધીવાદી કહી શકાય એવા અમારા કુટુંબમાં—જ્યાં અમારા વડીલો ખાદી તો પહેરતા જ, પરન્તુ એકથી વધુ વ્યક્તિ ચળવળ વખતે, જેલમાં પણ જઈ આવી હતી—છેલ્લે, છેલ્લે, 'સાઠે બુદ્ધિ નાઠી હોય એવું લાગે છે' જેવા વાક્યો દબાયેલા સ્વરે સંભળાતા થયા હતા.

મારા નમ્ર મત મુજબ, આજે હવે એવું લાગે છે, કે ન ગાંધીજી ખોટા હતા, ન જવાહર-વલ્લભભાઈ વગેરે. કદાચ ગાંધીજી જે કહેતા હતા તે નિશ્ચય-સત્ય હતું. જવાહર-વલ્લભનું વ્યવહાર-સત્ય હતું અને જે થયું તે ભારતનું પૂર્વ-નિશ્ચિત ભાવિ જ હતું.

આ અંકમાં ભાવ-પ્રતિભાવમાં મુરબ્બી શ્રી શાંતિલાલ સંઘવીનો લેખ ખૂબ જ તાર્કિક અને રસપ્રદ છે જે તેમની બહુશ્રુતતા તરફ આંગળી ચીંધે છે.

આમ તો, તેમનો આખોયે લેખ સરસ છે, પરન્તુ એ બધામાંય ટોચની પૂરવાર થાય તેવી એમની વાત છે, 'માતાને પેટે જન્મેલો કોઈ પણ માણસ ભગવાન હોઈ શકે નહીં અને સર્વજ્ઞ હોઈ શકે નહીં.'

એમની આ વાત તર્કબદ્ધ છે, પરંતુ તેમાંની નિશ્ચયમયતા ત્રણે કાળ, એટલે કે ભૂત, વર્તમાન અને ભવિષ્યને આવરી લે છે, જે ફક્ત સર્વજ્ઞ જ કરી શકે; એટલે કે તેઓ જે નિયમ પ્રસ્થાપિત કરે છે, તેમાંના એકમાત્ર અપવાદરૂપ, તેઓશ્રી સ્વયં, સર્વજ્ઞ હોય એવું મારી સાદી સમજણમાં આવે છે.

મારાથી કંઈક અજુગતું લખાઈ ગયું હોય તો મિચ્છામી દુક્કડં...

**☐ અશોક ન. શાહ**, અમદાવાદ
09157832729

(૭)

**પૂ. ગાંધીજીને પુનર્જીવીત કરી નવી પેઢી સાથે પરિચિત કરાવીએ**

પૂ. મહાત્મા ગાંધીજીને પુનર્જીવિત કરી આપણી નવી પેઢી સાથે ઓળખાણ કરાવનાર શ્રી નારાયણભાઈ દેસાઈ, શાશ્વત ગાંધીનાં તંત્રીશ્રી રમેશભાઈ સંઘવી, ડૉ. યોગેન્દ્રભાઈ પારેખ તેમજ 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન...

**☐ એલ. ડી. શાહ**—કચ્છ

(8)

To read Dr. Naresh Ved's article `Gndhiji Na Antim Pravachan ni Sonography' in Feb. issue of `Prabuddha Jivan'. The summary and analysis of last 223 lectures of Gandhiji from April 1, 1947 to Jan 29, 1948 completely .... a new Gandhiji which I have neither heard or experienced before.

A powerful leader, a saint can be put in to such humilliating position by Indian population is difficult to grasp. Gandhiji must have felt like Bhisma Pitamaha of Mahabharat, a helpless person but life to live.

Hats off Sonalben for remarkable work in putting together current issue. Your invitation to her for 2016 Feb issue seconded by us.

Kindly,
**☐ Laxmichand Kenia**

(૯)

'પ્રબુદ્ધ જીવન'ના જાન્યુઆરી અંકમાંનો તમારો તંત્રીલેખ ખૂબ મહત્ત્વનો અને ઉત્તમ લાગ્યો. એ બદલ તમને જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા જ છે.

સમગ્ર જૈન સમાજ અત્યારે તો પોતપોતાના સંપ્રદાયના કુંડાળામાં બંદીવાન છે. આ કુંડાળા તૂટે અને સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ સૌ જમાના જૂની outdated રૂઢિચૂસ્ત વિચારધારા છોડીને વૈજ્ઞાનિક વાસ્તવિક વિચારધારા અપનાવે એ જરૂરી છે. ચમત્કારોની વાતો અને દેવી-દેવતાઓની વાતો કે જે માત્ર કાલ્પનિક છે એને છોડી દેવી જોઈએ. માત્ર ને માત્ર સાચી ઐતિહાસિક બાબતોને જ લક્ષ્યમાં લેવી જોઈએ.

મારી મર્યાદિત સમજ મુજબ વર્ધમાન મહાવીર જગતના આજ સુધીના ઇતિહાસમાં સર્વશ્રેષ્ઠ નાસ્તિક હતા. પ્રથમ નજરે શ્રદ્ધાળુ જૈનોને આ વાત નહીં ગમે, પરંતુ જરાક વિચાર કરતાં જરૂર તેમને લાગશે કે વાત તો સાચી છે. મહાવીરથી સવાયો નાસ્તિક હજુ સુધી તો કોઈ પાક્યો હોય તો જાણમાં નથી.

ખુદ ભગવાનનો-ઈશ્વરનો-૧૦૦% ટકા ઈન્કાર કરનારને જ

આપણે ભગવાન બનાવીને એની જ પૂજા-અર્ચના-પ્રાર્થના કરીએ છીએ.

જ્યારે કે ખુદ મહાવીર વચન છે કે તીર્થંકર પણ ક્યારેય કોઈ પર કૃપા પણ કરતા નથી ને કોપ પણ કરતા નથી. સૌએ પોતાનો હિસાબ જાતે જ આપવો પડે છે.

સત્કર્મો કરવા, સદ્ગુણનો વિકાસ કરવો, માનવજાતની યથાશક્તિ સેવા કરવી એ જ એક માત્ર ધર્મ. બાકી બધું ભ્રમણા.

સંકુચિત સાંપ્રદાયિક કુંડાળા તોડીને, બહાર આવીને પંડિત સુખલાલજી, સંતબાલજી, મુનિ જીનવિજયજી, દલસુખભાઈ માલવણિયા વિ. ઉત્તમ કામગીરી કરી ગયા.

આજે જયંત મુનિ અને ચંદનાજી વિ. પણ કુંડાળાથી બહાર આવીને ઉત્તમ લોકસેવાના કાર્યો કરી રહ્યા છે. પરંતુ વર્તમાન વિવિધ ગચ્છાધિપતિઓ અને ગાદીપતિઓમાં આવી શક્તિ જોવા મળતી નથી.

□ **શાંતિલાલ સંઘવી**

RH/2, પુણ્યશ્રી ઍપાર્ટમેન્ટ,

કાશીરામ અગ્રવાલ હૉલ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫.

(૧૦)

પ્રમુખ દૈનિક અખબારોમાં નહિ ચમકતા અને મુંબઈથી દૂર વસતા અમારા જેવા લેખક ભણી 'પ્રબુદ્ધ જીવન' જેવા માતબર સામયિકના તંત્રીશ્રીની નજર ક્યાંથી પહોંચે? એટલે ગાંધી જીવનના અંતિમ અધ્યાયને લગતા અંકમાં હું ક્યાંથી હોઉં?

ખેર, 'ગાંધીજી : અંતિમ અધ્યાય' નામ ધરાવતી પુસ્તિકા આ સાથે બૂક પોસ્ટથી રવાના કરું છું. આ ઉપરાંત મેં ગાંધીજીને સ્પર્શતાં બે પુસ્તક લખ્યાં છેઃ (૧) ગાંધી જીવનગાથા ભાગ૧ તથા ૨-લગભગ ૫૦ પાનામાં વિસ્તરેલ કિશોર સુલભ આ જીવનકથાને NCFRT નું ઈનામ મળ્યું છે. (૨) સંક્ષિપ્ત ગાંધીકથાઃ નાની પુસ્તિકા.

આ 'સંક્ષિપ્ત ગાંધીકથા'માં મેં પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામની ગાંધી સંબંધી કવિતાનો મુક્ત અનુવાદ જોડેલો તે આ સાથે મોકલું છું.

અને, હા, ભાગવતકથાની જેમ ગાંધીકથા–સપ્તાહ પણ થઈ શકે, એ મારો વિચાર હતો અને ૧૯૯૪માં, ગાંધીજીની સવા-શતાબ્દીએ કોચરબના ગાંધી-આશ્રમ માટે સપ્તાહ માંડેલી. પછી અન્ય વધુ સજ્જ સજ્જનો સુજ્ઞેષુ કિં બહુના?

□ **યશવંત મહેતા**

૪૭/એ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

ફોન : ૨૬૬૩૫૬૩૪. મોબાઈલ : ૯૪૨૮૦૪૬૦૪૩.

[ વિદ્વાન લેખકશ્રીની ઉપરોક્ત પુસ્તિકાનું એ અંક તૈયાર કરતી વખતે અમારાથી વિસ્મરણ થઈ ગયું, એ પુસ્તિકા લભ્ય ન બની, અમને એનું દુઃખ છે. લેખકશ્રીએ આ પુસ્તિકા અમને મોકલી, અમે વાંચી અને અમારો અફસોસ વધ્યો. ગાંધી જિજ્ઞાસુને આ પુસ્તિકા વાંચવા અમારી ભલામણ છે. પુનઃ ક્ષમા પ્રાર્થના. –**તંત્રી** ]

(૧૧)

**ક્યાં છે બાપુ?**

જનમ ધર્યો આઝાદ સ્વદેશે, દોર-ગુલામી કાપ્યો,
ઘનમધરાતે લાલ કિલા પર ધ્વજ ત્રણ રંગી સ્થાપ્યો,
ત્યારે દેશપિતાને હૈયે દુઃખનો દરિયો વ્યાપ્યો.

ઘર ઘર ઉત્સવ, ઝળહળ ભવનો, પળે પળે જયકાર,
જનગણમનઅધિનાયક કહે કે સ્વપ્ન થશે સાકાર,
ત્યારે દેશપિતાને નામ પડ્યો એક પોકાર.

ક્યાં છે બાપુ? ક્યાં છે ગાંધી? ક્યાં ભારતના તાત?
ક્યાં સત્યાગ્રહજંગ તણા રણશૂરા જગવિખ્યાત?
રાષ્ટ્રપિતાના આશિષ વિણ ફિક્કી છે સઘળી વાત.

ત્યારે ચડતેપડતે પાયે બાપુ દોડ્યા જાય,
નોઆખાલી, બંગધરા, જ્યાં ખેલ ખૂનના થાય,
કોમવાદનો દાનવ ભૂંડો જે દેખી હરખાય.

બાપુ ધસતા આંસુ લોવા, દિવસ જુએ ના રાત,
ભાઈ જ્યાં ભાઈને મારે, દેખી ત્રાસે તાત;
બંધ કરો આ કાપાકાપી, બંધ કરો ઉત્પાત.

આજ બંગમાં, બિહાર કાલે, વળી દિલ્હીને દ્વારે,
'એક માનવીનું લશ્કર' જે આગ દ્વેષની ઠારે;
કહે કે હિન્દુ, મુસ્લિમ, શીખો ઊજળા ભાઈચારે.

ત્યાં તો જાગ્યા ધર્મ-અસુરો, હૈયે વિષ હળાહળ,
વિદ્વેષે એ અંધ બનેલા, વેરભાવમાં પાગલ,
બાપુ માર્યા એ દુષ્ટોએ, આગળ દીઠું ન પાછળ.

આવો કરીએ એ પાતકનું પ્રાયશ્ચિત્ત સહિયારું,
દેશવટો દઈ કોમવાદને ભૂલીએ તારું-મારું;
બાપુનો આતમ હરખે જો રચીએ ભારત ન્યારું.

□ **યશવંત મહેતા**

(પૂર્વ રાષ્ટ્રપતિ એ. પી. જે અબ્દુલ કલામની એક અંગ્રેજી કવિતા પરથી સૂઝેલું.)

(૧૨)

ગાંધીજીવનનો અંતિમ અધ્યાય વિશેષાંક સવિશેષ ગમ્યો.

ગાંધીજીની આઝાદી લડતના અંતિમ વર્ષો અને સ્વતંત્રતા મેળવ્યા પછીની સાંપ્રદાયિક સ્થિતિ અંગે જેમણે જોયું છે, જાણ્યું છે, વાંચ્યું છે તેમના વિચારો સમયની વાસ્તવિક સ્થિતિનો પરિચય કરાવે છે જે આજની નવી પેઢી માટે આઝાદ ભારતના પ્રારંભ સમયની સ્થિતિનો સચોટ ચિતાર આપી જાય છે.

ગાંધીજીની હત્યા પછી હિંદુ મહાસભાની હાલની સ્થિતિનો પરિચય આપવાની જરૂર હતી. કારણ કે કહેવાય છે કે નથુરામ ગોડસે હિંદુ મહાસભાનો સભ્ય હતો અને હિંદુ મહાસભા આજે પણ દિલ્હી ઉપરાંત મહારાષ્ટ્રના પૂના વિસ્તારમાં સક્રિય છે અને ગોડસે પરિવારના સભ્યો

તેમાં હોદ્દેદાર પણ છે.આ વિશેષાંકના સંકલનકર્તા સોનલ પરીખની મહેનત બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન.

**☐ ગોવિંદ ખોખાણી**

મુ. પો. માધાપર, તા. ભુજ, જિ. કચ્છ-૩૭૦૦૨૦.

(૧૩)

'પ્રબુદ્ધ જીવન'નો ફેબ્રુઆરીનો અંક મહાત્મા ગાંધી વિષે ખાસ અંક પ્રગટ કર્યો તેમાંય સુ. શ્રી સોનલ પરીખે તેની જવાબદારી સ્વીકારી જેમની ઓળખ વિશે આપણી અજાણતા હતી તે સોનલ પરીખને વાંચીને સંતોષ માણ્યો.

ગાંધી વિશે પ્રગટ-અપ્રગટ ઘણું સાહિત્ય છે. તે જ્યારે તેમની અંગત જાણકારી ધરાવતી વ્યક્તિ દ્વારા મળે ત્યારે ગાંધીજીને સમજવામાં સરળતા.રહે છે. અમે ગાંધીજી વિશે ઘણું બધું વાંચ્યું છે, તો પણ આ અંક દ્વારા અમને વિશેષ અનુભૂતિ થઈ શકી તેનો આનંદ પ્રગટ કરું છું. અને આપને વંદન કરું છું.

૧૯૪૨માં ખાદી પહેરતા થઈ જવાયું.એ ગાંધીજીને જોયા છે, આ અંકમાં માણ્યા.

**☐ શંભુ જોગી**

કનૈયા માઢ, વડનગર, જિ. મહેસાણા-૩૮૪૩૫૫.

## અવસર

### વિજ્ઞાન, ખગોળ અને માનસિક શાંતિ માટે જૈનદર્શન ઘણું અસરકારક છે

જગતના પ્રાચીન ધર્મોમાંનો એક જૈનધર્મ એ એની આગવી વિચારધારા અને દૃષ્ટિ ધરાવે છે. આ ધર્મના અનુયાયીઓની સંખ્યા ભલે ઓછી હોય પરંતુ એમનો દેશમાં આગવો પ્રભાવ છે અને વિદેશોમાં પણ એ પ્રભાવ પ્રસરી રહ્યો છે. આવે સમયે અમદાવાદની હઠીભાઈની વાડીમાં બે દિવસનો એક ચિંતનશીલ પરિસંવાદ યોજવામાં આવ્યો. આ પરિસંવાદમાં આચાર્ય વિજયશીલચંદ્રસરિજીએ કહ્યું કે, 'જૈન સમાજ જો એની જ્ઞાનસાધના તરફ ઉપેક્ષા સેવશે, તો એનું વિશાળ ગ્રંથભંડારોમાં પડેલું જ્ઞાન કોઈને પ્રાપ્ત થશે નહીં. આથી આ જ્ઞાનભંડારોમાં રહેલી હસ્તપ્રતોને માટે અભ્યાસીઓ તૈયાર કરવાની જરૂર છે.' સમારંભના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું, જૈન ધર્મની અહિંસા અને અનેકાંતની ભાવના આવતીકાલના વિશ્વને નવી દિશા આપી શકે તેમ છે, જેમ આજે આતંકવાદીઓ હિંસાનું શિક્ષણ આપે છે એની સામે જૈનધર્મની અહિંસાનું પ્રશિક્ષણ આપવું જોઈએ. ધર્મોના વિખવાદો મિટાવવા અનેકાંતદર્શન ઉપયોગી બને. આજથી પચીસસો વર્ષ પહેલાં ભગવાન મહાવીરની વાણી આધુનિક યુગસંદર્ભમાં કેટલી ઉપકારક છે તે વિશે વિશદતાથી વાત શ્રી ધનવંતભાઈ શાહે કરી. ઉપરાંત એઓશ્રીએ ભગવાન મહાવીરે ART OF LOVING, ART OF LIVING AND ART OF LEAVING ના આપેલા વિચારોનું ચિંતન પ્રસ્તુત કર્યું હતું.

જૈન ધર્મમાં આગમનું વિશેષ મહત્ત્વ છે. દરેક આગમમાંથી કોઈક વિશિષ્ટ સંદર્ભ સાંપડે છે. આ આગમોમાં આલેખાયેલી વાતોને જીવનમાં પણ કેવી રીતે ઊતારી શકાય અને અત્યારના સમય સંદર્ભે વિશિષ્ટ રજૂઆત શ્રી ગુણવંતભાઈ બરવાળિયાના લેખમાં કરવામાં આવી. જ્યારે શ્રી વંસતભાઈ પંડિતે જૈન પાઠશાળાનો કઈ રીતે વિકાસ કરવો, તેમાં બાળકો કેવી રીતે ભણવા આવે, કેવો અભ્યાસક્રમ હોવો જોઈએ એ વિશે રજૂઆત કરી. જૈન ખગોળ એક જુદા જ પરિપ્રેક્ષ્યમાં શ્રી રાજમલ જૈને સમજાવ્યું. ભદ્રબાહુ-સંહિતામાં આલેખાયેલા સૂર્ય વિશેના રહસ્યો જાણવા જોઈએ. વર્તમાન સમયમાં માનવી શાંતિ અને સુખની શોધમાં નીકળ્યો છે, પણ તેને પ્રાપ્ત નથી થતી એને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય? એ વિશે જાણીતા ન્યૂરોલોજિસ્ટ ડૉ. સુધીર શાહે જૈનધર્મની વિભાવનાઓના સંદર્ભમાં વિજ્ઞાનને બતાવીને સમજણ આપી. વર્તમાન સમયમાં કર્મવાદ કેવો અને કેટલો જીવનોપયોગી છે તેના ઉદાહરણ આપીને સરળ ભાષામાં શ્રી છાયાબહેન શાહે સમજાવ્યું. એ જ રીતે માલતીબહેન શાહે અપરિગ્રહની સાંપ્રત સમયમાં આવશ્યકતા બતાવી અને જયણા ધર્મ વિશે શ્રી પ્રફુલ્લાબેન વોરાએ વાત કરી. માણસને જ્યારે મનમાં ઉદ્વેગ જાગે, ગુસ્સો આવે ત્યારે જીવનનું સમાધાન મેળવવું હોય તો ઈશ્વરનું આરાધન કરવું પડે. આ જીવનનું સમાધાન જૈન પ્રાર્થનાકાવ્યોમાં કઈ રીતે આલોખિત થયું છે તે વિશે શ્રી રમજાન હસણિયાએ વાત કરી. ભારતીય સંસ્કૃતિના અધ્યાપક ડૉ. થોમસ પરમારે જૈન ધર્મ કયા-કયા રાજ્યમાં કોની કોની સત્તામાં પ્રવર્તમાન હશે તે વિશે દક્ષિણ ભારત, પૂર્વ ભારત, મધ્ય ભારતના સંદર્ભમાં વિશદ રીતે છણાવટ કરી. જૈન ગ્રંથભંડારોની જાળવણી વિશે શ્રી કનુભાઈ શાહે વાત કરી. મુનિશ્રી રત્નકીર્તિવિજયજી ગણિ, મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજી મ.સા. અને મુનિશ્રી કલ્યાણકીર્તિવિજયજી મ.સા.એ પ્રેરક વક્તવ્યો આપ્યા.

ડૉ. કુમારપાળ દેસાઈએ સાંપ્રત સમયમાં જૈન ધર્મ સામે કેવા પડકારો છે. તેની શું સ્થિતિ છે વગેરે વિશે ચિંતા વ્યક્ત કરી અને દરેકને તે માટે ચિંતન કરવા પણ અપીલ કરી. આ પ્રસંગે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય જે નિઠાપૂર્વક સાહિત્ય-સેવા બજાવતી પ્રકાશન સંસ્થા છે તેનું અભિવાદન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી રમજાન હસણિયાએ કર્યું અને શેઠ દલપતભાઈ મગનભાઈ શારદાભુવન જૈન પાઠશાળાના ટ્રસ્ટીઓનો હૂંફાળો આર્થિક સહયોગ સાંપડ્યો. પ્રતિ વર્ષ આવી વિચારપ્રેરક ગોષ્ઠિનું આયોજન કરવાનું વિચારવામાં આવ્યું.

✶ ✶ ✶

# સર્જન –સ્વાગત

## ❑ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **ગીતાંજલિ ગુંજન**
લેખક : રવીન્દ્રનાથ ટાગોર
અનુવાદક-આસ્વાદક : પ્રસાદ બ્રહ્મભટ્ટ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૦૭૯-૨૨૧૪૪૬૬૩.
પ્રાપ્તિસ્થાન : સંસ્કાર સાહિત્ય મંદિર, ૫ એન.બી.સી.સી. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, પોલિટેકનિક, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. : ૦૭૯-૨૬૩૦૪૨૫૯.
મૂલ્ય-રૂા. ૨૨૦/-, પાના-૪+૨૪૪, આવૃત્તિ-પ્રથમ. ૨૦૧૪.

વિશ્વકવિ રવીન્દ્રનાથ ઠાકુરના અંગ્રેજી કાવ્યસંગ્રહ 'ગીતાંજલિ'ને નોબેલ પ્રાઈઝ પ્રાપ્ત થયું. એ ઘટનાને ૨૦૧૩માં સો વર્ષ પૂરા થયા. ત્યારબાદ આ પુસ્તકના સંખ્યાબંધ વિદેશી અને ભારતીય ભાષાઓની સાથે ગુજરાતીમાં અનુવાદો થવા લાગ્યા. આ પુસ્તકમાં લેખક પ્રસાદ બ્રહ્મભટ્ટે મૂળ બંગાળી કૃતિઓના આધારે ગુજરાતીમાં પદ્યાનુવાદ કરવાનો પ્રયત્ન કર્યો છે. રવીન્દ્રનાથની 'ગીતાંજલિ'ની રચનાઓ સમજવી સરળ નથી. ભારતીય રહસ્યવાદની, સૂફીવાદની, વેદાંતની અસર આ રચનાઓ પર અનુભવાય છે. સહૃદય ભાવકો અનુવાદના આધારે રવીન્દ્રનાથની રચનાનું રહસ્ય સમજી શકે અને સૌન્દર્ય પ્રમાણી શકે તે માટે લેખકશ્રીએ પ્રત્યેક રચના પર સંક્ષિપ્ત આસ્વાદ નોંધ લખી છે. આ પુસ્તકમાં મૂળ બંગાળી રચના પણ ગુજરાતી લિપિમાં આપી છે.

'ગીતાંજલિ' નોબેલ પુરસ્કારથી પોંખાયેલું ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનું ગૌરવગાન છે. માત્ર ભારતીય સાહિત્યમાં નહીં વિશ્વ સાહિત્યમાં એનું આગવું સ્થાન છે. દોઢસો વર્ષના અર્વાચીન ભારતીય સાહિત્યની સાહિત્ય કૃતિઓ પૈકી 'ગીતાંજલિ' વિશ્વ સાહિત્યમાં પ્રતિષ્ઠિત સાહિત્ય કૃતિ છે.

રવીન્દ્ર અનુરાગીઓ આને ઉમળકાભેર આવકારશે.

x x x

પુસ્તકનું નામ : ટૉલ્સટૉયની બોધકથાઓ
સંપાદક-આલેખન : હસુ યાજ્ઞિક
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર,
નંદનભાઈ, કાન્તિભાઈ શાહ,
૫, એન.બી.સી.સી. બિલ્ડીંગ,
સહજાનંદ કૉલેજ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. : ૦૭૯-૨૬૬૨૦૪૭૨.
પ્રપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય-રૂા. ૭૫/-, પાના-૬+૭૮, પ્રથમ આવૃત્તિ ૨૦૧૪.

જીવનની વાસ્તવિક ઘટનાઓ પરની વાર્તાના આધારે માનવીય આદર્શને ઉજાગર કરતી રશિયન વાર્તાકાર ટૉલ્સટૉયની નવ ઉત્તમ બોધકથાઓ અહીં બાલ-કિશોર વર્ગને દૃષ્ટિમાં રાખી તેને રસપ્રદ સરળ ગુજારાતીમાં આપી છે. પ્રાણી પાત્રના માધ્યમે નીતિબોધનો ઉપદેશ આપતી 'ફેબલ'માં જેમ હિતોપદેશ, પંચતંત્ર અને ઇસપની કથાઓ વિશ્વવિખ્યાત છે તેમ માનવ પાત્રના આધારે નીતિબોધ આપતી 'પેરેબલ'માં ટૉલ્સટૉયની કથાઓ અદ્વિતીય છે.

તત્ત્વચિંતક મહાત્મા ટૉલ્સટૉય ગાંધીજી માટે પણ જીવનપથ દર્શક હતા. તેમની બોધકથાઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. અગાઉના ગુજરાતી ભાષાના સંગ્રહમાં મળતી નથી તેવી આ બોધકથાઓ સર્વના મન હૃદયને સ્પર્શે તેવી છે.

આ પુસ્તકની વાર્તાઓ ખાસ તો કિશોર તથા વાર્તાવાચનના રસિયા વાચકવર્ગને દૃષ્ટિમાં રાખીને વિશ્વવિખ્યાત ટૉલ્સટૉયની બોધકથાઓ આપી છે.

સર્વમાન્ય વાચક વર્ગને તથા કથાસાહિત્યના અભ્યાસીને પસંદ પડે તેવી આ વાર્તાઓ છે.

x x x

પુસ્તકનું નામ : **સૌરાષ્ટ્રનું શૂરાતન**
લેખક : સ્વામી સચ્ચિદાનંદ
પ્રકાશક : ગૂર્જર પ્રકાશન
ઉલ્લાસ મનુભાઈ શાહ
૨૦૨, તિલકરાજ, પંચવટી પહેલી લેન, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦.
મૂલ્ય-રૂા. ૧૫૦/-, પાના-૧૨+૨૫૨.
આવૃત્તિ-પ્રથમ. પુનર્મુદ્રણ-ફેબ્રુઆરી-૨૦૧૫.

સૌરાષ્ટ્રની ધરતી પર અનેક નરરત્નોનીપજ્યા છે. ઋષિઓથી માંડીને છેક ગાંધીજી સુધીમાં ઇતિહાસ હજારો નરરત્નોથી ઊભરાઈ રહ્યાં છે. અહીં મહાન ઋષિઓ, રાજવીઓ, નવાબો, સેનાપતિઓ, કવિઓ, ચારણો, ગઢવીઓ, બારોટો, ઉદ્યોગપતિઓ, વેપારીઓ વગેરે પેદા થયા છે સાથે સાથે મહાન બહારવટિયા પણ પેદા થયા છે.

હિન્દુ ધર્મના લગભગ બધા જ સંપ્રદાયો ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાનભક્તિ તો શિખવાડે છે પણ શૌર્ય કોઈ શિખવાડતું નથી. લગભગ બધા જ શસ્ત્રત્યાગનો ઉપદેશ આપે છે. આ પુસ્તક પ્રજાને શૂરવીર થવાની પ્રેરણા આપવા માટે જ લખાયું છે. લેખકે એવા મહાપુરુષો લીધા છે જેમણે જીવનનાં ઊંચા મૂલ્યો સાથે બહારવટું કરવું પડ્યું–કરવાની ફરજ પડી. તેમને જીવતાંય આવડ્યું અને મરતાંય આવડ્યું. આવા સેંકડો લોકોના છંદ-દુહા, રાસડા અને ગીતો રચાયાં અને ગામે ગામ લોકજીભે ગવાતાં થયાં. લોકોના વિચારો અને ચિંતનમાં શૂરવીરતા પ્રગટે એ બહુ જરૂરી છે. આવનારા વર્ષોમાં ઘડતરનું આ અંગ જો ખીલી ઊઠે તો દેશ સાચા અર્થમાં બળવાન થશે. પ્રજા બળવાન થાય તો જ દેશ બળવાન થાય.

આ પુસ્તક પ્રજાને શૂરવીર થવાની પ્રેરણા આપવા જ લખાયું છે–લેખકનો મનોરથ સફળ થાઓ એ જ શુભેચ્છા.

x x x

પુસ્તકનું નામ : **સરનામું બદલાયું છે.**
લેખક : વિજય શાસ્ત્રી
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
મૂલ્ય-રૂા. ૧૦૦/-, પાના-૧૦+૧૧૦.
આવૃત્તિ-પહેલી-૨૦૧૫.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે વિવિધ સ્વરૂપોમાં પ્રદાન કરનાર, વાર્તાસંગ્રહ 'સરનામું બદલાયું છે' પ્રકટ કરનાર વિજય શાસ્ત્રીની કલમે લગભગ ૪૫ થી ૪૭ પુસ્તકો પ્રગટ કર્યા છે. જેમાં નવલકથા, વાર્તાસંગ્રહો, વિવેચન, અનુવાદ, ચિંતન, વ્યંગ્ય તથા અનુવાદ અને સ્મરણકથા વગેરે નોંધપાત્ર છે.

આ સંગ્રહની પંદર વાર્તાઓ અને બે લઘુકથાઓ નોંધપાત્ર છે.

વિજય શાસ્ત્રી છેલ્લા ચાર દાયકાથી વાર્તાલેખન ક્ષેત્રે સક્રિય છે. તેમની વાર્તાઓમાં મૂંઝાતાં, હરખાતાં, પીડાતાં, પરસ્પરને ચાહતાં તેમજ વ્યક્ત સંવેદનાની લાગણીઓથી પીડાતાં પાત્રોની વૈવિધ્યપૂર્ણ સૃષ્ટિ આકાર પામે છે. બહારથી સામાન્ય, સરેરાશ લાગતા માનવીના બાહ્ય અને આંતરિક જીવનમાં સરજાતી ઘટનાઓનું આલેખન તેમની વાર્તાઓમાં સહજતાથી અને તાદૃશતાથી અનુભવાય છે. તેમની લખાવટ વાચકને જકડી રાખે છે. સહૃદય વાચકને બીજાની વાત પોતાની લાગે એ નોંધપાત્ર લક્ષણ છે.

સમકાલીન વાર્તાકારોમાં વિજય શાસ્ત્રીનું કામ અચૂક નોંધ લેવી પડે એ કક્ષાનું રહ્યું છે.

x x x

પુસ્તકનું નામ : **એક માણસને એવી ટેવ**
લેખક : યોગેન્દ્ર પારેખ
પ્રકાશક : હેલિ પબ્લિકેશન્સ
૬, અરનાથ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, મેમનગર, અમદાવાદ.
પ્રાપ્તિસ્થાન : પાર્શ્વ પબ્લિકેશન, નિશા પોળ, ઝવેરી વાડ, રિલીફ રોડ, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૯૦૯.
મૂલ્ય-રૂા. ૧૪૦/-, પાના-૧૮૦.
આવૃત્તિ-પ્રથમ ૨૦૧૧ ડિસેમ્બર.

લેખક પોતે જ લખે છે 'લેખક હૂં, લિખતા હૂં, મહંગા લિખતા હૂં, સસ્તા બિકતા હૂં...ફિર ભી લિખતા હૂં' લેખકશ્રીએ પોતે જ પોતાનો દૃષ્ટિકોણ રજૂ કર્યો છે.

આ પુસ્તકના લેખોમાં વ્યક્તિઓની જ વાત નથી વ્યક્તિત્વ અને અભિવ્યક્તિની પણ વાતો છે. યોગેન્દ્ર પારેખ પાસે પોતીકો અવાજ, પોતીકા સ્પંદન અને પોતીકું કથન છે. તેમની રજૂઆતમાં પ્રકૃતિ સહજ તાજગી છે.

લેખકની લેખનશૈલી ગાંધીયુગના સારસ્વતોને સહજ હતી તેવી પ્રવાહી અને પ્રાસાદિક છે. આ લેખોમાં વેવલાઈ નથી પણ નક્કર અભ્યાસ, પૂરક સંદર્ભો અને વાત કહેવાની ઋજુ તરકીબ છે. લેખક ઓછા શબ્દોથી વધુ અસરકારક શબ્દચિત્ર સર્જી શકે છે.

આ પુસ્તકમાં કલમના લસરકે ચીતરાઈ જતા પ્રોટ્રેટ જોવા મળે છે. અહીં બસમાં મળી જતી અને વિદેશયાત્રાએ જતી હોય તેથી વધુ પ્રેરક એવી પોતાને ફળિયેથી પહેલી ભણવા જનારી રૂખસાના છે. ફુગ્ગાવાળાનો થાક ઉતારનાર એમ.બી.એ. થયેલો જુવાન છે. શિક્ષકને સારો પગાર નહિ તો સારો જવાબ આપો કહેનાર જયંતીભાઈ નાયી છે. આ લેખોમાં મમળાવવા જેવા ચોકલેટી વાક્યો છે અને આવનારા વિષયોની રંગોળી છે.

આવા સત્ત્વશીલ વિચારકના પુસ્તકો આવકાર્ય છે.

x x x

પુસ્તકનું નામ :
**યોગશિક્ષણમાં શરીરરચના અને ક્રિયાવિજ્ઞાન**
લેખક : ડૉ. હર્ષદ ભટ્ટ
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય-રૂા. ૧૫૦/-, પાના-૧૦+૧૫૮.
પ્રથમ આવૃત્તિ-૨૦૧૫.

યોગના વિદ્યાર્થીઓ માટે શરીરરચના અને ક્રિયાજ્ઞાનનું સામાન્ય જ્ઞાન હોવું ખૂબ આવશ્યક છે. તેથી આ પુસ્તકની રચના કરવામાં આવી છે. ભાષાનું માધ્યમ ગુજરાતી છે. પારિભાષિક શબ્દો મહદંશે ગુજરાતી અને અંગ્રેજી બન્ને રાખવામાં આવ્યા છે. વિદ્યાર્થી વિષયને સમજી શકે એવા ભાષા પ્રયોગ કરવામાં આવ્યા છે.

યોગ એ જ્ઞાનનો વિષય છે. કેવળ ભૌતિક વિષયોને લઈને ચર્ચા થાય તો તે એક વિશેષ પ્રકારનું જ્ઞાન બને છે અને એને વિજ્ઞાન કહેવાય છે. આમ એ વિજ્ઞાન જ્ઞાનનો જ હિસ્સો છે. આત્મા સાથે જોડાણ કરાવનારો યોગ અધ્યાત્મ છે તો તેનું જોડાણ કરવાનું છે તે શરીર ભૌતિક વિજ્ઞાનનો વિષય છે. ભૌતિક વિજ્ઞાનની ચરમ સીમાના આ યુગની અંદર શરીરના કણે કણને અનાવૃત્ત કરવાનું જ્યારે સામર્થ્ય વિકસેલું છે ત્યારે અધ્યાત્મની સફર કરવા નીકળેલો યોગનો વિદ્યાર્થી તેની ઉપેક્ષા કરી શકે એમ નથી.

'યોગ શિક્ષણમાં શરીરરચના અને ક્રિયાવિજ્ઞાન' પુસ્તક આવા વિદ્યાર્થીની મહાસફરના આરંભમાં એક આવશ્યક મુકામના રૂપમાં મહત્ત્વનું છે.

x x x

પુસ્તકનું નામ : **સંવેદના**
લેખક-કવિ : જ્ઞાનેશ જયચંદ લાપસીયા
મૂલ્ય-અમૂલ્ય, પાના-૭૨.
આવૃત્તિ-પ્રથમ-ઈ. સ. ૨૦૧૫.

તા. ૩-૧૨-૨૦૧૧ના વિકલાંગ ડે નિમિત્તે શ્રી પાટણ જૈન મંડળ દિશાના બાળકોને સમર્પિત કરવા બદલ કવિશ્રી જ્ઞાનેશ જયચંદ લાપસીયાને હાર્દિક અભિનંદન.

જ્ઞાનેશભાઈ પોતે લખે છે 'આકાશ મારું મનગમતું પાત્ર છે' 'વર્ષાઋતુ મારી મનગમતી ઋતુ છે અને હોળીનું ઉલ્લાસમય વાતાવરણ હૃદય કમળમાં નિત નવા રંગો વેરે છે.' જ્ઞાનેશભાઈએ ખૂબ જ સરળ અને હૃદયસ્પર્શી ભાષામાં સંવેદનાનું સર્જન કર્યું છે. તેમના હૃદયની લાગણીઓ સંવેદના દ્વારા કલમથી ભીંજાતી રહી છે. કવિશ્રી માતાપિતાની ચિર વિદાયનો વલોપાત વેધક રીતે વ્યક્ત કરે છે તો સાથે સાથે મુંબઈ પર થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા દિવંગત હેમંત કરકરેની શહીદીને હૃદયસ્પર્શી બાનીમાં બિરદાવે છે. કવિશ્રીએ કરેલ ચોમાસુ અને હોળીના ઉત્સવનું વર્ણન પણ મનને આકર્ષે તેવું છે. કવિની કવિતામાં આકર્ષક તત્ત્વ છે. તેમની ભાષા પ્રયુક્તિ, ભાષા અને લય તથા અન્ત્યાનુપ્રાસ નોંધપાત્ર છે. કવિ પોતાના વતન કચ્છને પણ વિસર્યા નથી. તેમના કાવ્યમાં કચ્છના ધરતીકંપની વ્યથા પ્રગટ થઈ છે. જ્ઞાનેશભાઈની કવિતામાં વિષય વૈવિધ્ય ઊડીને આંખે વળગે છે. પ્રકૃતિ, ઉત્સવ, ધર્મ, અધ્યાત્મ, એકલતા, આધુનિકતા વગેરે વિષયો નોંધપાત્ર છે.

ટૂંકમાં કહીએ તો જ્ઞાનેશભાઈએ કવિતાના મધુવનમાં મુક્ત મને વિહારયાત્રા કરી છે.

હાર્દિક અભિનંદન.

x x x

**સાભાર સ્વીકાર**

**૧. શ્રુતસાગર રહસ્યો-ધર્મતત્ત્વ**
લેખક-સંપાદક : સાહિત્યોપાસક પ્રવર્તક
**પૂ. મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.**
પ્રકાશક : શ્રી નવજીવન ગ્રંથ માળા ટ્રસ્ટ, મુંબઈ. આવૃત્તિ-પ્રથમ. મૂલ્ય-રૂા. ૩૫/-

**૨. જીવનમ્ સત્ય શોધનમ્ :**
લેખક : ગોવિંદભાઈ રાવત
પ્રકાશન : રચના પ્રતિષ્ઠાન, વિશ્વ મંગલમ્ અનેરા-૩૮૩૦૦૧. મૂલ્ય : રૂા. ૫૦/-

**૩. સફળ યુવાનો-**
લેખક-ચંદુભાઈ જેરામભાઈ પટેલ
પ્રકાશક : શ્રી ગાયત્રી માનવ સેવા ટ્રસ્ટ-ગોંડલ કડિયા લાઈન, એમ. જી. રોડ, ખટારા સ્ટેન્ડ, ગોંડલ, જિ. : રાજકોટ. મુલ્ય-રૂા. ૧૦૦/-

૪. સા વિદ્યા (શિક્ષણ-લેખક-ગોવિંદભાઈ રાવળ) પ્રકાશન-રચના પ્રતિષ્ઠાન, વિશ્વ મંગલમ્ અનેરા-૩૮૩૦૦૧. કિંમત રૂા. ૩૫/-

**૫. મને સાંભરે રે**-લેખક-ગોવિંદભાઈ રાવલ (ઉપર પ્રમાણે) મૂલ્ય-રૂા. ૫૦/-

**૬. ભાવોર્મિ**-લેખક-ગોવિંદભાઈ રાવલ (ઉપર પ્રમાણે) મૂલ્ય-રૂા. ૭૦/-

**૭. આચાર્ય કુન્દકુન્દ કૃત रयणसार**
હિન્દી અનુવાદ : ડૉ. જયકુમાર જલજ
સંપાદન-મનીષ મોદી
પ્રકાશન : હિન્દી ગ્રંથ કાર્યાલય, મુંબઈ. હીરાબાગ, સી. પી. ટેન્ક, મુંબઈ-૪૦૦ ૦૦૪. મૂલ્ય-રૂા. ૫૦/-

**૮. આચાર્ય કુન્દકુન્દ કૃત સમયસાર**
હિન્દી અનુવાદ-ડૉ. જયકુમાર જલજ
સંપાદન : આચાર્ય કલ્યાણ બોધિ
પ્રકાશન : પારસ મૂલચન્દ ચતર ચેરિટેબલ ટ્રસ્ટ ૨૨, વલ્લભનગર એક્સ્ટેંશન, કોટા-૩૨૪૦૦૭. (રાજસ્થાન). મૂલ્ય-રૂા. ૭૦/-

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૬૩.
મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ३०० |
| ૮ | जैन धर्म दर्शन | ३०० |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |

**નવું પ્રકાશન**
**સુરેશ ગાલા લિખિત**
**યોગ સાધના**
**અને**
**જૈન ધર્મ**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૩૯ | .**ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | રૂા. ૩૦૦ |
| ૪૦ | **ઈલા દીપક મહેતા સંપાદિત** **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી ભાવાનુવાદ | રૂા. ૩૫૦ |

ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.
રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન

**પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા**

| રૂા. | નામ |
|---|---|
| ૨૦૦૦૦ | શ્રી ચંદ્રકાંત ડી. શાહ (એપ્રિલ સૌજન્ય) |
| ૨૦૦૦૦ | હર હોલીનેસ મહામંડલેશ્વર મા યોગા શક્તિ સરસ્વતિ ઈન લવીંગ મેમરી સંયોજક : નીરૂબેન સુબોધભાઈ શાહ (મે સૌજન્ય) |
| ૪૦૦૦૦ | **કુલ રકમ** |

**દિપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન**

| રૂા. | નામ |
|---|---|
| ૨૦૦૦૦ | કામધેનુ એગ્રો કેમ ઈન્ડસ્ટ્રીઝ |
| ૮૦૦૦ | કામધેનુ એગ્રો-કેમ ઈન્ડસ્ટ્રીઝ |
| ૨૮૦૦૦ | કુલ રકમ |

**મુંબઈ જૈન યુવક સંઘ ડોનેશન**

| રૂા. | નામ |
|---|---|
| ૫૦૦૦૦૦ | શ્રી સી. કે. મહેતા |
| ૧૧૦૦૦ | શ્રેયસ પ્રચારક સભા |
| **૫૧૧૦૦૦** | **કુલ રકમ** |

**મુંબઈ જૈન યુવક સંઘ આજીવન સભ્ય**

| રૂા. | નામ |
|---|---|
| ૫૦૦૦ | કિર્તિબેન હારિયા |
| ૫૦૦૦ | અમૃતબેન જિવરાજ ગડા |
| **૧૦૦૦૦** | **કુલ રકમ** |

**જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| રૂા. | નામ |
|---|---|
| ૩૦૦૦૦ | શ્રી ધિરેનભાઈ નગીનદાસ શાહ હસ્તે-રમાબેન મહેતા |
| **૩૦૦૦૦** | **કુલ રકમ** |

**વિશ્વમંગલમ્-અનેરા**

| રૂા. | નામ |
|---|---|
| ૩૦૦૦ | ગ્રીન ક્વીન્સ લેડીઝ કલબ હસ્તેઃ કલ્પા શાહ |
| ૫૦૦૦ | રસિલાબેન કિરણ પીડવડા હસ્તેઃ કલ્પા શાહ |
| ૫૦૦૦ | અનિલાબેન મહેતા હસ્તે : કલ્પા શાહ |
| ૧૦૦૦ | અંજલિ પરીખ હસ્તે : કલ્પા શાહ |
| ૧૦૦૦ | વીનુભાઈ ભગત હસ્તે : કલ્પા શાહ |
| ૫૦૦૦ | કલ્પા એચ. શાહ |
| ૫૦૦૦ | પરાગ કાંતિલાલ શાહ હસ્તે : કલ્પા શાહ |
| **૨૫૦૦૦** | **કુલ રકમ** |

(આ રકમ કૉમ્પ્યુટર ખરીદવા માટે આપેલ છે.)

**હેમચંદ્રાચાર્ય કથા સૌજન્ય**

| રૂા. | નામ |
|---|---|
| ૧૭૫૦૦૦ | મિલન જ્વેલર્સ સ્વ. તનવીરકુમાર કીર્તિલાલ ચોકસીની સ્મૃતિમાં હસ્તેઃ વસુમતિબેન |
| **૧૭૫૦૦૦** | **કુલ રકમ** |

**'પ્રબુદ્ધ જીવન' ડિજિટાઈલેજશન**

| રૂા. | નામ |
|---|---|
| ૮૦૦૦૦ | ફોરમ ઑફ જૈન ઈન્ટેલેક્ચ્યુઅલ હસ્તે : અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા |
| ૫૧૦૦૦ | તરૂષા મિડિયા સર્વિસીઝ પ્રા. લી. હસ્તેઃ શ્રી બકુલભાઈ એન. ગાંધી |
| **૧૩૧૦૦૦** | **કુલ રકમ** |

**કિશોર ટિંબડિયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૩૦૦૦૦ | શ્રી ધીરેનભાઈ નગીનદાસ શાહ હસ્તે : રમાબેન મહેતા |
| **૩૦૦૦૦** | **કુલ રૂપિયા** |

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

મળે. સાંજે ચૌવિહાર બાદ બાળકોને વનવિહાર માટે ગામડાની આસપાસની જગાઓ જેવી કે નદી, વાડી, પાંગળાપોળ, તળાવ કાંઠે લઈ જવામાં આવે. ગ્રામ્ય સંસ્કૃતિની મીઠાશનો તેમને પરિચય કરાવવામાં આવે. સિમેન્ટ-કોંક્રિટના જંગલોમાં રહેતા બાળકોને ખુલ્લા આકાશ નીચે રેતીમાં આનંદ-કિલ્લોલ કરતાં, પ્રકૃતિ સાથે તાદાત્મ્ય અનુભવતા જોઈ આપણને પણ બાળપણની યાદો તાજી થઈ જાય. વીડિયો-ગેમ્સની હિંસક મનોવૃત્તિમાંથી દૂર પ્રકૃતિના ખોળે સહજ રીતે ખીલતા બાળપુષ્પોની મહેક તેમના જ નહીં અન્યના જીવનને પણ મહેકાવી દેશે તેનો અહેસાસ તેમને જોનારને થયા વિના ન રહે.

દરરોજ સાંજે બાળકો પ્રભુની ભાવના કરી ભાવવિભોર બને. રાત્રિ કાર્યક્રમમાં બાળકો દિનભરના કાર્યોની સમીક્ષા કરી સમાચાર આપે, મૂલ્યાંકન કરે. પોતાની લાગણીઓને વાચા આપતા શીખે. તેમનો સ્ટેજ ફીઅર દૂર થાય. અભિવ્યક્તિની કલા અનાયાસે હસ્તગત થતી જાય. ક્યારેક વિદ્વાન વક્તાઓ બાળકોને જીવનભાથું પીરસવા હાજર થઈ જાય તો ક્યારેક તેમનામાંના જ બાળકો નાની નાની વાતમાં મોટો સંદેશ આપી જાય. સવારથી રાત સુધી સતત નીતનવું જીવનલક્ષી શિક્ષણ બાળકોને પીરસાતું રહે. એક વખત આવેલા બાળકો વારંવાર આ શિબિરમાં આવવાનું પસંદ કરે. બલ્કે મિત્રોને લઈને આવે તે જ આ શિબિરની મોટી ઉપલબ્ધિ.

અઠવાડિયા સુધી ચાલતી આ શિબિરમાં બાળકો જંકફુડથી સ્વભાવિક રીતે બચી જાય છે. સહુ દેશી ખાણું ખાતા શીખે છે. શું ખાવું, કેવી રીતે ખાવું અને શા માટે ખાવું એ પણ શીખે છે. આહારની સાચી સમજણ મોટેરાંઓને પણ નથી હોતી તેથી તેમને શારીરિક-માનસિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અહીં બાળકો બાળપણથી જ આ બાબતે સજાગ થાય તેવા પ્રયત્નો થાય છે. મોબાઈલ, ટી.વી., ગેમ્સ, ઈન્ટરનેટ, એ બધાથી દૂર રહીને પણ મસ્તીથી જીવી શકાય છે એ વાતની અનુભૂતિ બાળકોને અહીં થાય છે. કોઈપણ જાતના ભારણ વિના હળવાશથી અહીં ધર્મના સંસ્કારો પીરસવામાં આવે છે. આ બધું કરતાં કેટલાક બદલાવ સહજતમ આવી જતા હોય છે. ને બાળક જીવનભર તે પ્રમાણે કરતું થઈ જાય છે.

આરસની તકતી પર નહીં, બાળકોનાં હૃદય પર નામ કોતરવામાં ઈચ્છુક, ભાવિ પેઢી સુધી સંસ્કારોની અમીટ છાપ પહોંચે એવા ઉદ્દેશવાળા દાનવીરોના આર્થિક સૌજન્ય અને સંઘના અથાક પરિશ્રમથી આયોજાતી આ શિબિર સાથે જોડાવાનું મુખ્ય કારણ છે અહીં ઉત્સવ, સમારોહ કે ઓચ્છવના ભપકાદાર ખર્ચા નથી પણ અહીં સંસ્કાર ને મુલ્યનું ભવિષ્ય માટે રોકાણ થતું અનુભવું છું. બાળકો સાથે રહેવાથી બાળમાનસને સમજવાની ને મારા પોતાના બાળપણમાં વિહરવાની અમૂલ્ય તક સાંપડે છે. સમૂહમાં રહેતા આ બાળકોની નાની મોટી સમસ્યાઓમાંથી એમના સ્વભાવનું દર્શન થાય છે. એમના ઉછેરની કડી જડે છે. આવી શિબિરો ખરા અર્થમાં સંસ્કારની ગંગોત્રી બની રહે છે. ✷ ✷ ✷.

મોબાઈલ : ૦૯૯૬૯૧૧૦૯૫૮, ૯૪૦૬૫૮૫૬૬૫.

## A JOURNEY SO FAR ...

April hath put a spirit of youth in everything," says Shakespeare in one of his poems. For me so far, April has turned out to be a month in which I have felt energetic and youthful because it has meant ideating, planning, delegating, deciding — for a three day event scheduled in May when my Guru who means the world to me is going to be giving a spiritual discourse.

Why is it so special that I feel like writing an entire page devoted to it? Every event, big or small, *saansarik* or *adhyatmik* requires planning, every minute just like the days and minutes in our life.

Besides the major logistics, there are other various aspects attached to it like fears, anxieties, nervousness, an apprehension about how it will all pan out eventually.The hope that everything not only goes well and obstacle less but supersedes expectations; an occasional desire for acknowledgement, appreciation, wanting to score brownie points; Sometimes just the sheer feeling of accomplishment within oneself, reaching one's own parameters.

But all of this gets multiplied tenfold when an event is held for someone you love and not on a human level but at the level of a 'Master'- with feelings of awe, adoration, worship- a kind of madness. And that is where things change...

It has been 15 days since I am into this planning- slicing, altering, adding, subtracting, delegating, improvising— and I want my dear friends who read this to walk with me through this process. Here goes:

Venue was decided by the committee- Birla Matushri.

Vakta was decided by them too- Pujyashri Gurudev Rakesh Bhai Jhaveri.

Co-ordinator was decided by them too and that was - Me.

This is when I glided in unaware of the nitty-gritty, the fine details that need to laboured over, thinking it is all child's play.

The first simple thing was receiving calls from people for the passes- they give me their names, address, number of passes they need and that is when I dissolved and the Karta or doer was HIM. It was all His Grace.

For skeptics, His Grace can be translated as random things coming togather like magic, maybe sheer co-incidence or serendipity or maybe karma or just an omen.

After the first five calls I knew that my insides were going to churn and I had to simply keep my eyes and ears open and drink in and be receptive to the gentleness, humility, simplicity of a person who might not have heard Gurudev's discourse at all or were just a tad familiar and were a bit unsure of how to proceed further.

The first call was from a woman whose voice had a tremor and almost a slight disbelief— She asked in Gujarati, Reshma ben, may I please get two passes? When I answered yes, of course, her gratitude to me was almost as if I had just promised her the moon.

The second call was from a man in Ahmedabad- He asked if there were arrangements to stay since Sant was going to be there and such a big event would surely have a few *yaatri* accommodation sponsors. I sadly said No and he hastened to say "no no, ben dont worry, I have a cousin in Dombivali - I can stay there for three days".( Dombivali is almost two and a half hours away from the venue.)

The third call was from a woman in America who sounded very excited and asked if she could get three passes and if they were available she would pre-pone her tickets and asked me 'Have you ever met Gurudev ? I just said ' yes' and she said "you have no idea just how blessed you are"!

The fourth call shook every ounce of me as it was from a very irate Muni Shriji. He asked me -" How can you invite and ask a non- Acharya for a discourse on the Aagam? What kind of person are you people promoting?

‘પ્રબુદ્ધ જીવન’ને વીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

All that I had seen, felt and experienced was put to test. A part of me wanted to lash out, got upset, the other remained calm and said the words that in the fifth adhyayan--Akam Maraniya of Shri Uttaradhyayan Sutra, the lines by Bhagwan Mahavir Swami say very categorically that if a grahasth a (householder) of a higher antarang dasha, is not only put on the same level as a Muni and in fact sometimes might even be in a higher state of awareness than a Muni. It is really all about the antarang bhaav dasha.

I humbly invited him to come and attend Gurudev's lectures with an open mind and then draw his own conclusion.

Speaking to all these different people, gave me four distinct feelings -

(1) **ONENESS** with the Guru because so many people spoke to me as a medium to reach Him. I was like a flute- those phone calls of two minutes when they felt connected to Him through me.

((2)**A huge sense of responsibility:** because most people who are going to be present are in their budding stages of awe towards this Guru and I felt the need to ensure that they are comfortable, involved, in my capacity( food, mikes, acoustics, monitors, comfortable seats- simple things but so essential to the entire experience for a first or second time listener.

(3) A feeling of **Blessedness**- like Gratitude but more. That gosh, my search ended before it even began, that just to have the Master's words, eyes , access all the time because I am already a believer, a follower, a devotee. That till one does not know, everything seems so far and scary and humungous and one only has partial knowledge, and other people's opinions and chatter in one 's head- unsure of whether one is even doing the right thing, slightly scared.

I have been in that space just a few years back, the space where one is a skeptic, then a curious bystander, then a little more involved and then leap- jump! The journey from the point of zero to surrender which can take 15 minutes, 15 hours, 15 months, or 15 lifetimes.

(4) A sense of **Anguish**- That oh my God, this is such a rare treasure because people speaking to me were of all ages, from all strata of society and conditioning and that how time is so so fleeting, that anytime you could be gone, the game would be over and just the thought that while all the senses are still functioning, while sanity is still intact, one can do something about it,imagining a lifetime gone without finding, and several earlier lifetimes gone without a Sadguru...also thinking that every moment now seems like I am living in eternity.

The next in the series was card design, audio video delegation, musicians for Bhakti and food where I decided to take help from the experts- people who handle all of this for Gurudev in Dharampur.

That was a lesson in efficiency, quick and prompt replies, and literally each department took between five to 25 minutes of coordination (the long 25 minutes also for food menu which I took time in selecting). Each one of them had an answer or a prompt solution. There was nothing they were doubtful of or confused of in their fields. Giving them the task, you know they will see it to completion even if i did not speak to them again.They reverted when they promised, they delivered what they promised like clockwork.

Finally, I am still 15 days away but this feeling of welcoming the Beloved, of setting the stage so to say, of wanting to just fade in the background, dissolve and the feeling of a connect all the while. This soft all sustaining feeling of devotion that just stays and gets deeper when you are doing something from the disposition of a disciple.

There are many things I learnt and am learning, including a sense of well being that comes only from this doing, being , using your heart and brain's inner recesses to create something perfect for the one you love.

So lets all find this spot within us where a beloved resides, be it in the form of a master, a lover, a child, a mother, a friend... and lets just join togather in this creation of an event, an object or a thought process that takes us to a higher plane -- where love remains steadfast, where faith remains firm, where devotion helps in dissolution, where surrender brings you closer to self.

Reshma Jain
The Narrators
Tel: +91 99209 51074

'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

LESSON -5 : JAIN COSMOLOGY AND CYCLE OF TIME

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

☐ DR. KAMINI GOGRI

**(Lesson 5 -- Concluding Part)**

Jains like other Indian philosophies like Hinduism or Buddhism believes in the cyclic or circular concept of time. Being cyclic it has no beginning or end and has infiniteness. In general, the Judeo-Christian concept, based on the Bible, is that time is linear, beginning with the act of creation by God and time will end with the end of the world.

**Jain Units of measurements of Time - Vyavhar Kala**

| | |
|---|---|
| I Samaya = | Tiniest Indivisible unit of Time |
| Innumerable Samaya = | 1 Avalika |
| 256 Avaliksa = | I Ksullakabhāva (Minimum life span of any Jiva) |
| 17.5 Ksullakbhava = | One Svasoshvas of young healthy man 27 yrs.old |
| 16777216 Avalikas = | 1 Muhurata=2 Ghadi=48 mins |
| 30 Muhuratas = | 1 Ahoratra (24 Hours–Day & Night) |
| 15 Days & Nights = | 1 Paksa |
| 2 Paksas = | 1 Month |
| 2 Months = | 1 Season |
| 12 Months = | 1 Year |
| 84 Lakh Years = | 1 Purvāng |
| 84 Lakh Purvāng = | 1 Purva |
| 1 Purva = | 70,56,0 Arab Years |

**Definition of one *Palyopama* :**

**(*Palya means Pit ot Well, Upama means like*)**

A pit of 1 x 1 x 1 Yojanas (About 13 km) compactly filled with fine hairs of newly born Yugalikas/couplets and then an army of a Cakravarti passes over it and the pit remains like that and does not get compressed. Now one such hair is removed every 100 years. The time required to empty the whole pit is one Palyopama.

10 Cr x 1 Cr (10 Croda-Crodi) Palyopama=one Sagāropama

10 Cr x 1 Cr Sāgaropama = one Avasarapini Kāla

10 Cr x 1 Cr Sāgaropama = one Utsarapini Kāla

20 Cr x 1 Cr Sāgaropama = one Kāla Cakra

1 Utsarapini Kāla + 1 Avasarapini Kāla = 1 Kāla Cakra = 1 Cycle of Time

Infinite Kāla Cakra = Pudgala Parāvarta Kāla. The past and the future consist of infinite Pudgala Parāvarta Kālas. Such is the unimaginable infinite extent of time. At the same time it is said that a blink of an eye comprises innumerable Samays. Thus Jaina masters have described minutest and largest extents of time.

**6 Ārās of Jaina Concept of Time Cycle :**

According to Jain Scriptures, time can be imagined as a wheel moving in a clockwise direction and divided into 2 equal parts–the descending cycle (Avasarapini) and the ascending cycle (Utsarpini)

Each of the 2 halves cycles are further divided into 6 Ārās.

The 6 Ārās of Avasarapini Kāla (Descending Cycle of time) are:

01. Susama Susama – An era of absolute Happiness

02. Susama – An era of Happiness slightly less than 1st Ārā.

03. Susama Dusama – An era of Happiness mingled with Slight Sorrow

04. Dusama Susama – An era of Sorrow and Very Little Happiness

05. Dusama – An era of only Sorrow

06. Dusama Susama – An era of Absolute (complete) Sorrow

1st Ārā–Susama–Susama :

This is the best of all. During this period, earth is full of beautiful trees and plants. The air is filled with beautiful fragrances and happiness prevailed everywhere. The human beings are as white as snow having excellent form and 32 marks of beauty. There is no disease and dissatisfaction among them, nor is there any king and castes. People spent their days in play and enjoyment. For, when people have a wish, they go to one of the 10 `Wish-fulfilling Trees' known as `Kalpavarksa' and they get everything they want. Being era of

happinerss there is no need or inclination for religion.

The 10 Kalpavrksas are :

01. Māttanga - which spreads health and cheerfulness

02. Bhrutānga - This grant beauty

03. Turyānga - whose leaves give out fine music

04. Dipasikha - which illuminated darkness by its shine

05. Jyotirānga - which shines like sun, lightning or fire

06. Chitrānga - which gives out woderful wreath

07. Chitrarasa - which gives fragrant food

08. Manyānga - which gives precious stones & jewels

09. Gehakara - which gives house & shelter

10. Ananga - which gives fine clothes

**2nd Ārā–Susama :**

The conditions in Susama Ārā are the same is those in Susama–Susama, but there is a considerable decline in happiness and virtue.

**3rd Ārā–Susama–Duama :**

In this Ārā the happiness declines further, but still happiness is more than misery. Kalpavṛksas do not consistently provide what is desired. People gradually lose their virtues. Greed and other passions start in this era. Towards the end of this Ārā, 1st Tirthankara-Ādināth – is born in royalty, is committed to upliftting mankind, and teaches skills for survival-64 skills to women and 72 skills to men. Chosen as leader, Sakrendra–Chief of Indras and other Devas, presides for royal ceremonies. wedding etc, At a suitable time, Indra successfully urges the king for Diksa with 9 Lokāntika Devas. Renounces the world, does a lot of charity – 1000 gold coins every day for one full year, performs severe penance and austerities, attains Kevaljnana (omniscience), spreads Jainism far & wide, inspires others towards omniscience and attains nirvana. 1st Tirthankara's son Bharata is also born in this Ārā, becomes a king in his young age, vigourously does 13 attham Tapa (133 days of fasting), thus attaining the status of Cakravarti – ruler of 6 continents. Thus 3rd Ārā – Susama-Dusam-1 st Tirthinkara and Ist Cakravarti are born (2 out of 63 Sallakha Purusas). Tirthankar Adinath is first king the, first Sadhu and the first Tirthankar. He sees that gradually miseries will increase and hence re-established Tirth or Religion as the solution to the miseries, thus he lays the foundation of Jain tradition in this Kala Chakra.

**4th Ārā – Disama – Susama :**

After nirvana of Ist Tirthankara, it takes 3 years and 8 1/2 months for the 4th Ārā to commence.

**5th Ārā–Dusama (Present Time) :**

This is the era of Sāsana of the 24th Tirthankara i.e. bliss of Mahavira presides for 21,000 years.

Characterized by : Many ups & downs, Materialistic Chaos; Fights; Wrest; Ego, Clashes; Upper Class people deteriorate in Conduct/Character; People from lower strata – maids, servants etc. have slimy moral stature; Big cities grow and villages become burial ground i.e. cemetery; Deterioration values, principles, disciplines; Good people become victims of taunts and indecent remarks; Gross injustice; Natural disasters; Man destroys nature; False idea of religion; Decline in influence of knowledge; Corrupt are worshiped; Sadhu-Sadhivis have to be brave for tough obstacles in their lives; Devas do not give darshana ealiy; Anti-Jainism rises. Despite these odds, Tirthankara's influence still persists, so the intensity of sins will be less, hence, there will be no 7th hell for beings of this Ārā. This is the Kala when Moksha is not possible if born in 5th Ārā but person born in 4th Ārā can attain Moksha in 5th Ārā. Person can go maximum upto 7th Gunasthan in this era. At the end of this era Jain religion is lost temporarily.

Marudeva is first and Jambuswami is last to attain Moksha in this Kala Chakra

**6th Ārā – Dusama Dusama :**

Characterized by : severe weather–extreme heat at daytime and severe cold at night; Buildings etc. destroyed; towards north & south of Vaitādhya Mountains on opposite Banks of Ganga and Sindhu rivers, there will be 72 burrows, 2 rows of each; unlimited desire for food in large quantity; seafood buried under soil during day and cooked with sun's heat and eaten at nights; internal conflicts increases; women not respected; people will be poor, weak, starving and diseased. A six year old girl delivers many children together; lots of sins & hardships; reborn as Tiryanca or Hellish beings. It is said to avoid birth in this Ārā, one should give up post-sunset-meals and strictly follow vegeterianism and principle of Jainism.

**The 6th Ārā of Utsarpini Kala**

**(Ascending Cycle of Time) :**

Its charateristics are opposite to the descending cycle of time. There is change from deteriorated state to improved state.

**1st Ārā – Dusama Dusama :**

21,000 Years long, similar to 6th Ārā of the Avasarapini Kāla, with slight difference in the life span, physical structure of people and the fertility of land. All these characteristics, however, gradually improve with time.

**2nd Ārā – Dusama :**

21000 years long; during this time there are 5 different kinds of rains, which lower the temperature of the earth; improves the fertility of land; Flowers, Fruits and Vegetables grow; humen residings in burrows start eating fruits and adopt vegetarainism. They are kind by nature and their manners and conduct start to become more like those of the people in the 5th Ārā of Avasarpini Kāla.

**3rd Ārā – Dusama-Susama :**

Time span is 42,000 years less in one Croda-Crodi Sāgaropama and is akin to the 4th Ārā of Avasarpini Kāla. After 3 years & 8 1/2 months, the Ist Tirthankara is born followed by the birth of Ist Cakravarti and then gradually the 22 Tirthankaras, 10 Cakravartis, 9 Baldevs, 9 Vāsudevs and 9 Prati Vāsudevs follows. Thus, a total of 61 Sallākhā Purusas are born.

**4th Ārā – Susama-Dusama :**

Similar to the 3rd Ārā of Avasarpini Kāla. It has a time span of two Croda-Crodi Sāgaropamas. In this Ārā at the completion of 84 Purvas, 3 years & 8 1/2 months, the 24th Tirthankara attains Moksa followed by the 12th Cakravarti, completing his life span. With the passage of crores of years, the Kalpavṛkṣas start growing again and fulfill the human and animal desire. The people gradually give up all their work as the Yuglika period commences.

**5th Ārā – Susama**

Implying happiness -- lasts for 3 Croda-Crodi Sāgaropama. The quality of life improves by leaps & bounds.

**6th Ārā – Susama-Susama**

Complete happiness is found all around, 4 CCS. This marks the end of the Utsarpini Kāla, which is again followed by Avasarapini Kāla.

**(To be Continued)**

✷ ✷ ✷

76-C, Mangal Flat No. 15,
3rd Floor, Refi Ahmed Kidwai Road,
Matunga, Mumbai-400019.
Mobile : 96193 / 79589 / 98191 79589
Email : kaminigogri@gmail.com

## KalikalSarvajna Hemachandracharya

**Dr. Renuka Porwal**

Acharya Hemchandra's contribution towards literature, social reforms and history is most admirable. In his time Gujarat, was governed by two mighty Chalukya kings Siddharaj and after that Kumarpal. Both were his great devotees. They worked hard to uplift poor people. During their reign Gujarat prospered in every field. Hemchandracharya asked Kumarpal to excavate the sacred replica image of Jivitsvami which was buried under the debris of Sindhu-sauvira state. This image of Mahavira was brought to Patan and installed in a newly constructed shrine as mentioned in Prabhavaka-charitra.

Prabhavaka-charitra also gives reference that once king Siddharaj asked Acharya to compose a new grammar. Acharyaji requested him that it is possibleif the Manuscripts of old eight grammar books of great scholars are brought from Kashmir's Sharada-Saktipitha. The king sent high officials to Shrinagar. They brought the desired literature to Patan after pleasing the deity. Then Acharya Hemchandra composed his own great grammar Siddha-hem-shabdanushasan with Ma Sharda's blessings. This legend was discussed by prof. Bulhar in Vienna conference. He noted that Hemchandracarya had knowledge about the availability of famous books of great grammarians at Siddhapitha in Kashmir.

Seeing his mighty work his period is called **'HemYug'.**

# Kalikal Sarvajna Hemachandracharya- By Dr. Renuka Porwal, Mob.: 098218 77327

Hemachandracharya was born at Dhandhuka in 11th century of Vikram era. He was the pioneer of Gujarati literature. He made great contribution towards Sanskrit and Prakrit grammar.




His contribution towards Gujarati literature is most admirable and called as **'Hem Yug'.**

Licence to post Without Pre-Payment No. MR/Tech/WPP-36/SOUTH/2013-15, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month • Regd. No. MH/MR/SOUTH-379/2013-15



# બાળ સંસ્કાર શિબિર

□ ગીતા જૈન

બાળઉછેર પર આજે દુનિયાભરમાં વિચારણા અને કાર્યો થઈ રહ્યાં છે. ડૉક્ટર્સ, વૈજ્ઞાનિકો, ચિંતકો, વિચારકો આ સંદર્ભે વિશેષ વિચારતા થયા છે. નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી 'દર્શક', ગિજુભાઈ બધેકા જેવા અગ્રણી કેળવણીકારોએ પણ આ અંગે નોંધપાત્ર વિચારણા કરી બાળઉછેરની અગત્યતા પર મહોર મારી છે. આ શ્રેણીમાં કોઈ જૈન મુનિ કામ કરવાનું વિચારે ત્યારે એ વાત વિશેષ આનંદ પમાડે તેવી બની રહે છે. વળી, આ પ્રવૃત્તિમાં સહભાગી બનવાની તકથી મને પરમ સૌભાગ્યની અનુભૂતિ થાય છે.

બાળમાનસરૂપી કૂણાં ખેતરમાં સંસ્કારોની ખેતી કરી સંસ્કૃતિની ફળદ્રુપતાને પોષવાનું આવું ઉમદા કાર્ય આજથી પંદરેક વર્ષ પૂર્વે ઉપાડ્યું હતું પાર્શ્વચંદ્રગચ્છના પ. પૂ. ઉપા. શ્રી ભુવનચંદ્રજી મહારાજ સાહેબે. સંસ્કૃત, પ્રાકૃત જેવી વિભિન્ન ભાષાઓના સાહિત્યના અભ્યાસી સંશોધક પૂજ્યશ્રીએ 'સમણસુત્તં', 'નિયતિ દ્વાદશિંકા', 'સિદ્ધસેન શતક', 'જિન સ્તવન ચતુર્વિંશતિકા' જેવા ચિંતન-મનન થકી અનેકવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓના પ્રણેતા એવા–બાલ્યાવસ્થામાં જ સાધુતાને વરેલા એવા–પૂજ્યશ્રીએ બાળ ઘડતરનું કામ ઉપાડ્યું ને આરંભાયું કુણી માટીને સુંદર ઘાટ આપવાનું એક અભિયાન. આ પ્રવૃત્તિને નામ અપાયું 'બાળ સંસ્કાર શિબિર'. શિબિરને કોઈ સાંપ્રદાયિક નામ ન અપાયું જેથી માત્ર જૈન જ નહિ બલ્કે જૈનેતર બાળકો પણ એમાં જોડાઈ શકે. સંપ્રદાયનો ચુસ્ત અનુયાયી ઊભો કરવાને બદલે ભવિષ્યનો એક સારો માણસ બને એવો એક પ્રયોગાત્મક પ્રયાસ ધીરે ધીરે આકાર લેવા માંડ્યો. શ્રી વર્ધમાન સર્વ મંગળ ટ્રસ્ટ 'ધર્માલયમ્'ના નેજા હેઠળ શરૂ થયેલી આ શિબિરોને વેગ મળતો ગયો, ને બાળ ઘડતરની આ પ્રવૃત્તિ પ્રસરતી ચાલી...

બાળ સંસ્કાર શિબિર કચ્છના નાના-નાના ગામડાઓમાં શહેરની માયાજાળથી દૂર દિવાળ તેમજ ઉનાળાના વેકેશનમાં ગોઠવવામાં આવે છે, જેમાં મુંબઈ, અમદાવાદ જેવા શહેરના બાળકો આનંદ-મજા કરવાના દિવસોમાં સંસ્કારનું પાન કરે છે. પ્રવાસ, પિકનિક, અમનચમનની સાથોસાથ બલ્કે વિશેષપણે આ પ્રકારની તાલીમની આવશ્યકતા સમજનાર મા-બાપ પોતાના બાળકોને ખૂબ ભરોસા સાથે આ શિબિરમાં મોકલે છે. બાળકોને મુંબઈથી કચ્છ લાવવા–લઈ જવાની, તેમની રહેવા-જમવા આદિની સઘળી આર્થિક જવાબદારી જે–તે આયોજક સંઘ ઉઠાવે છે. બાળકોની સંભાળ માટે સ્વયંસેવકોની ટીમ પણ હંમેશાં તત્પર રહે છે.

## CATCH THEM YOUNG

અત્યારની આધુનિક જીવનશૈલી બાળકોને સ્વકેન્દ્રી બનાવી દે છે. શ્રીમંત પરિવારના બાળકો પાસે પોતાનો આગવો રૂમ, રમકડાં, ગેમ્સ, ટી.વી., મોબાઈલ હોવાને લીધે વહેંચવું તેમને ગમતું નથી. અહીં બાળકો વહેંચતા શીખે છે. વહેતા શીખે છે. એમનું કોરાપણું, સ્વકેન્દ્રીપણું અહીં પ્રવાહી બનીને વહેવા લાગે છે. આ શિબિરમાં બાળકો સાથે રહે, રમે, જમે,ભણે, સૂવે–સામાન્ય લાગતી આ બાબત બાળઘડતરમાં ઘણો મોટો ભાગ ભજવી જાય છે. સહચર્યનો આનંદ બાળકો અહીં પ્રાપ્ત કરે છે.

ધાર્મિક પૃષ્ઠભૂમિમાં પણ બાળકો આજના આધુનિક યુગ સાથે કેવી રીતે તાલમેલ બેસાડી શકે તેનું શિક્ષણ અહીં અપાય છે. અહીં આ બાળકોને સાધુજીવનચર્યાને નજીકથી જોવાની અનુકૂળતા મળે છે. મોરારીબાપુનું એક જાણીતું વાક્ય છે. 'બધાં મકાન પડી જાય અને પછી જે બચશે એ યુનિવર્સિટીઓ હશે.' અહીં સ્થૂળ-સ્થાવર મકાન પડી નથી જતા પણ, શહેરના બંધિયાર ઘર

To,

# પંથે પંથે પાથેય

અને શાળામાંથી બાળકોને મુક્તિ મળે છે. અને પ. પૂ. મ.સા.ની યુનિવર્સિટીમાં એમનો પ્રવેશ થાય છે. અહીં ધર્મના નિયમો જડતાપૂર્વક નહિ પણ તર્કબદ્ધ રીતે સમજાવવામાં આવે છે. હવેની પેઢી પર કશું થોપી નહિ શકાય. આજ્ઞાની સાથે એમને સમજણ પણ આપવી પડશે; આ શિબિરમાં આવો સમન્વય થતો જોઈ શકાય છે.

પ. પૂ. ઉપા. શ્રી ભુવનચંદ્રજી મ.સા.નો એક વિચારે છે કે Catch them young. કોરી પાટીમાં જેવું લખવું હશે તેવું લખાશે. તો જેમાં ઘડાવાની શક્યતા છે તેને યોગ્ય ઘાટ આપવાનો એક નમ્ર યત્ન એટલે બાળ સંસ્કાર શિબિર. આ શિબિરમાં દિવસનો આરંભ યોગાભ્યાસથી થાય છે. બાળકોના શારીરિક સ્વાસ્થ્ય બાબતે પણ અહીં વિચારાય છે. બાળકો દરરોજ પ્રભુદર્શન, ગુરુવંદન કરીને પછી જ નવકારશી કરે છે. ભાગદોડ ભરી જિંદગીમાં પ્રભુદર્શન કે ગુરુસંગના આવા અવસરો મળે તે પણ કંઈ ઓછું ન કહેવાય. દરરોજ વ્યાખ્યાનમાં બાળસહજ શૈલીમાં પૂજ્યશ્રી ધર્મ-સંસ્કારની વાતો કરે, બાળકો પ્રભુપૂજાનો આનંદ પણ અહીં મેળવે. બપોરે સૂત્રપાઠ કરાવવામાં આવે. અલ્પાહારના વિરામ બાદ તેમના તત્ત્વજ્ઞાનના વર્ગ હોય. જૈન તત્ત્વજ્ઞાનની ગૂઢ વાતોને બાળકોના સ્તરે પૂજ્યશ્રી દ્વારા સમજાવવામાં આવે. ત્રણ ભાષા ગુજરાતી, હિન્દી, અંગ્રેજીના ઉપયોગથી ત્રણ તત્ત્વ, ત્રણ રત્ન, ચાર ધર્મ આદિની માત્ર સમજ જ ન અપાય પરંતુ જીવનમાં તેના અમલીકરણની ઝીણી તાલીમ અહીં

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૭)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.